પેજ-08
વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ જોઈ આલિયા ભટ્ટ ભાવુક....

અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
કોમનવેલ્થ ગેમ્સ 2026નું સંપૂર્ણ શેડ્યૂલ જાહેર....

હવામાન		
શહેર	મહત્તમ	લઘુત્તમ
અમદાવાદ	27.00	26.00
વડોદરા	28.00	26.00
સુરત	28.00	26.00

પેજ 5

RBIનું UPI વિઝન એક નવી વાસ્તવિકતાનો સામનો કરે છે

23 JULY-2026 FRIDAY

ભારતીય જેનેરિક દવાઓ પર ઓગસ્ટ 2028થી અમેરિકાનો 100 ટકા ટેરિફ

પેજ 10

.....સુવિચાર.....
મનમાં જીતવાની આશા હોવી જોઈએ, નસીબ બદલાય કે ના બદલાય પણ સમય ચોક્કસ બદલાય છે.

વર્ષ-15 । અંક-250 । વિક્રમ સંવત-2082 । અષાઢ સુદ - 09 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત માટે હજુ 48 કલાક અતિ ભારે, એકસાથે 4 વરસાદી સિસ્ટમ સક્રિય, અમદાવાદમાં અતિભારે વરસાદની આગાહી

ગુજરાતમાં મેઘરાજાએ રમઝટ બોલાવતા સાર્વત્રિક વરસાદ

(એજન્સી) અમદાવાદ | તા.23

ગુજરાતમાં મેઘરાજાએ રમઝટ બોલાવતા સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. રાજ્યના 207 તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ છે. નવસારીના ચીખલીમાં સૌથી વધુ 16.85 ઈંચ વરસાદ ખાબક્યો છે. આ તરફ ખેરગામ 16.69 ઈંચ, ઉમરપાડામાં 15.75 ઈંચ, ઉમરગામમાં 14.37, ધોળકામાં 13.35, વાંસદામાં 13.31 ઈંચ, વઘઈમાં 12.99, મહેમદાવાદમાં 12.87, ગણદેવીમાં 12.68 ઈંચ વરસાદ વરસ્યો છે. રાજ્યના 59 તાલુકાઓમાં 3 ઈંચ થી વધુ વરસાદ છે. આ તરફ હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં આગામી 48 કલાક અતિભારે વરસાદ પડવાની વકી છે. ગુજરાત પર એકસાથે 4 વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે. દક્ષિણ ગુજરાત અને અમદાવાદમાં ભારે પવન સાથે વરસાદ પડવાની આગાહી કરાઈ છે. ગુજરાતમાં ભારે વરસાદની સ્થિતિને લઈને રાજ્ય સરકાર એલર્ટ મોડમાં છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાત્રે 10 વાગે રિવ્યુ બેઠક કરશે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે મુખ્યમંત્રી રિવ્યૂ બેઠક યોજશે. CM તમામ જિલ્લાના વહીવટીતંત્ર સાથે સંકલનમાં છે. PM મોદીએ CM ભૂપેન્દ્ર પટેલ સાથે વાત કરી સ્થિતિની જાણકારી મેળવી.

અવિરત વરસાદ પછી પરિસ્થિતિ ભયાનક છે. ઘણા રહેણાંક વિસ્તારો પાણીમાં ડૂબી ગયા છે. રસ્તાઓ પાણીથી ભરાઈ ગયા છે...

મુશળધાર વરસાદે ગુજરાતનું રૂપ બદલી નાખ્યું

દર વર્ષે એના જ એ જ ખોખલા દાવાઓ... કરોડોના પ્રોજેક્ટ 7થી8 ઈંચ વરસાદમાં ધોવાયા

અમદાવાદમાં મૂશળધાર વરસેલા વરસાદે ખોલી નાખી પોલ

CMની અધ્યક્ષતામાં કેબિનેટમાં લેવાયો મોટો નિર્ણય

(એજન્સી) અમદાવાદ | તા.23

દર વર્ષે એના જ એ જ ખોખલા દાવાઓ, જુઠા વાયદાઓ, મોટી ભ્રામક જાહેરાતો અને કાગળ પર બતાવવામાં આવતી હજારો કરોડની પ્રિમોન્સુન કામગીરી. આ વરવી વાસ્તવિક્તા છે સ્માર્ટ સિટી અમદાવાદની. આજે સવારથી વરસી રહેલા વરસાદે કોર્પોરેશનમાં ઉપરથી લઈને નીચે સુધી કેટલો ભ્રષ્ટાચાર વ્યાપેલો છે તેની પોલ ખોલી દીધી. સવારથી વરસેલા વરસાદમાં અમદાવાદની અને અમદાવાદીઓની જે દશા થઈ છે તે તંત્રની નર્યા ભ્રષ્ટાચારના બોલતા પુરાવા છે. અમદાવાદીઓ છેલ્લા કેટલાય સમયથી સારા વરસાદની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. આજે વહેલી સવારથી મેઘરાજાએ એ તમામ કસર પૂરી કરતા મુશળધાર બેટીંગ કરી રહ્યા છે. અત્યાર સુધીમાં 7 થી 8 ઈંચ જેટલો વરસાદ પડી ચુક્યો છે અને હજુ પણ હવામાન વિભાગે વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યુ છે.જો કે દર વર્ષની જેમ અમદાવાદ માટે આ વરસાદ રાહતની સાથે આફત લઈને પણ આવ્યો છે. સવારથી વરસી રહેલા વરસાદમાં બપોર થતા સુધીમાં શહેરના મોટાભાગના માર્ગો જળમગ્ન બન્યા.

મનપામાં સત્તાધિશો બદલાયા, પરંતુ અમદાવાદની દશા ન બદલાઈ

આ દરમિયાન દર વર્ષની જેમ તંત્રના હજારો કરોડના પ્રિમોન્સુન પ્લાનની પણ પોલ ખૂલી ગઈ. ત્યારે નાગરિકો સવાલ કરી રહ્યા છે કે થોડો વરસાદ હોય કે વધુ વરસાદ હોય, અમદાવાદમાં કોઈપણ પરિસ્થિતિમાં જળભરાવ ની સમસ્યા સર્જાય છે. તેનો કોઈ કાયમી ઉકેલ છે કે નહીં. તાજેતરમાં જ અમદાવાદ મહાનગરપાલિકાની ચૂંટણી યોજાઈ હતી. હાલ કોર્પોરેશનમાં સત્તાધિશો બદલાયા છે, અધિકારીઓ બદલાયા છે, મેયર, કમિશનર સહિતના બદલાયા છે પરંતુ નથી બદલાઈ તો અમદાવાદની હાલાકી. દર વર્ષે એની એ જ પાણી ભરાવાની સમસ્યા અને અથડાતા કૂટાતા નાગિરકો.આજે અમદાવાદના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે. ન માત્ર જાહેર માર્ગો લોકોના ઘરોમાં પણ પાણી ભરાઈ ગયા છે. બોડકદેવ જેવા પોશ વિસ્તારમાં સોસાયટીઓ જળમગ્ન બની છે. લોકોના પાર્કિંગમાં રહેલા વાહનો પણ ડૂબી ગયા છે. શહેરના તમામ પોશ વિસ્તારોની આ જ દશા છે. બોડકદેવ પાસે આવેલા મોકા સર્કલથી પણ આજ પ્રકારે હાલાકીના દ્રશ્યો સામે આવ્યા છે. અમદાવાદમાં આંબલી રોડ પર આવેલા બિલિયોનર સ્ટ્રીટમાં પણ 4-4 ફુટ સુધી વરસાદી પાણી ભરાયા છે. હાઈફાઈ ગણાતા સેન્ટોસા પાર્કમાં 2થી 3 ફૂટ સુધીના પાણી ભરાઈ ગયા છે. કરોડો રૂપિયાના ટેક્સ ભરવા છતા લોકોને એ પ્રકારની સુવિધા મળતી નથી. ન માત્ર ટુવ્હીલર પરંતુ લોકોની ગાડીઓ પણ વરસાદી પાણીમાં બંધ પડી રહી છે. લોકો પારાવાર હેરાનગતિ વેઠી રહ્યા છે.

વલસાડમાં મેઘતાંડવ

ઔરંગા અને સ્વર્ગવાહિની નદીઓ ઓવરફ્લો

12,754 લોકોનું સ્થળાંતર | 352 નાગરિકોનું રેસ્ક્યૂ

(એજન્સી) અમદાવાદ । તા. 23

વલસાડ જિલ્લામાં ભારે વરસાદથી જળબંબાકાર થતાં 12,754 લોકોને શેલ્ટર હોમમાં ખસેડાયા છે. ઔરંગા અને સ્વર્ગવાહિની નદીઓ ઓવરફ્લો થતાં નીચાણવાળા વિસ્તારોમાં પૂર આવ્યું. NDRF-SDRF ટીમોએ 352 લોકોને બચાવ્યા, જ્યારે દમણ કોસ્ટગાર્ડના હેલિકોપ્ટરે વાપીમાં એક યુવકને બચાવ્યો. 6 વૃક્ષો ધરાશાયી થયા અને 18 પશુઓના મોત થયા છે. વલસાડ જિલ્લામાં પવનના સુસવાટા સાથે પડી રહેલા મુશળધાર વરસાદને પગલે દિવસભર ભારે ખાનાખરાબી સર્જાઈ હતી. ભારે વરસાદના કારણે સર્જાયેલી આ કટોકટી વચ્ચે વહીવટી તંત્ર દ્વારા રાહત અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે. વલસાડ જિલ્લામાં જળબંબાકારની સ્થિતિ વચ્ચે તંત્ર દ્વારા રાહત કામગીરી હાથ ધરાઈ છે. જેમાં નીચાણવાળા વિસ્તારમાં રહેતા અંદાજે 12,754 લોકોને સુરક્ષિત રીતે સ્થળાંતરિત કરી શેલ્ટર હોમમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમના રહેવા અને જમવા સહિતની તમામ સુવિધાઓ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પૂરી પાડવામાં આવી. વલસાડની ઔરંગા નદી અને ધરમપુરની સ્વર્ગવાહિની નદી ઓવરફ્લો થતાં નીચાણવાળા વિસ્તારોમાં પૂરના પાણી ભરાયા હતા. આ ઉપરાંત વલસાડ શહેરનું હાલરનું તળાવ પણ ઓવરફ્લો થતાં તંત્ર દ્વારા પાણીના નિકાલની કાર્યવાહી કરવામાં આવી હતી. ભારે પવન સાથે વરસેલા વરસાદને કારણે 6 જેટલા મોટા વૃક્ષો ધરાશાયી થતાં વાહનવ્યવહાર અવરોધાયો હતો, જેને વન વિભાગની ટીમે તાત્કાલિક ટ્રી કટિંગ હાથ ધરીને રસ્તો ખુલ્લો કરાવ્યો હતો. કુદરતી આફતમાં ગુરુવારે(23 જુલાઈ) 18 પશુઓના મોત નીપજ્યા છે. આ સિવાય 27 કાચા મકાન, 11 પાકા મકાન અને 1 કેટલ શેડને નુકસાન પહોંચ્યું છે.

શિવરંજનીના પોશ વિસ્તારમાં ઘરોમાં ગટરના પાણી ઘૂસ્યા

અમદાવાદમાં સામાન્ય વરસાદમાં જ સ્માર્ટ સિટીના દાવાઓની પોકળતા છતી થઈ

(એજન્સી) અમદાવાદ । તા. 23

અમદાવાદમાં સામાન્ય વરસાદમાં જ સ્માર્ટ સિટીના દાવાઓ ની પોકળતા છતી થઈ છે. શિવરંજની જેવા પોશ વિસ્તારની સોસાયટીઓમાં કમર સુધીના વરસાદી અને ડ્રેનેજના પાણી ઘૂસી જતાં કરોડોના મકાનો ધરાવતા રહીશો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ચોમાસું શરૂ થતાં જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવતા પ્રી-મોન્સૂન કામગીરી અને વરસાદી પાણીના નિકાલના તમામ દાવાઓ ફરી એકવાર પોકળ સાબિત થયા છે. શહેરના શિવરંજની જેવા અત્યંત પોશ ગણાતા વિસ્તારમાં માત્ર 2 થી 3 ઈંચ વરસાદમાં જ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. કરોડો રૂપિયાના મકાનો ધરાવતી સોસાયટીઓમાં અનેક લોકોના ઘરોની અંદર ડ્રેનેજ અને વરસાદી પાણી ઘૂસી જતાં સ્થાનિકોનો સામાન બગડી ગયો છે અને ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

1000 કરોડના ખર્ચ પછી પણ સ્થિતિ જસની તસ, 30 વર્ષથી એક જ સમસ્યા, કોર્પોરેશન નિષ્ફળ

અમદાવાદ શહેરમાં માત્ર સ્ટ્રોમ વોટર લાઇન પાછળ જ રૂ. 1000 કરોડ જેટલો જંગી ખર્ચ કરવામાં આવ્યો છે, તેમ છતાં શહેરના મુખ્ય માર્ગો અને સોસાયટીઓમાં પાણી ભરાવાની સમસ્યા ઉકેલાઈ નથી. મુખ્ય માર્ગોની હાઈટ વધારી દેવાતાં આસપાસની જૂની સોસાયટીઓ નીચાણવાળા વિસ્તારમાં ફેરવાઈ ગઈ છે, જેના કારણે ગટરના પાણી બેક મારીને ઘરોમાં ઘૂસી રહ્યા છે. પૂરતા પાઈપલાઈન નેટવર્ક અને કેચપિટના અભાવે સામાન્ય વરસાદમાં પણ વાહનવ્યવહાર ખોરવાઈ જાય છે.

અમદાવાદ, સુરત, ગાંધીનગરમાં સ્કૂલોમાં આવતીકાલે 24 જુલાઈ રજા જાહેર

(એજન્સી) અમદાવાદ । તા. 23

વિદ્યાર્થીઓની સુરક્ષા અને સલામતી માટે શિક્ષણ વિભાગ દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. ભારે વરસાદને કારણે રાજ્યના અનેક જિલ્લા સ્કૂલ, કોલેજ બંધ રહેશે. અમદાવાદ, સુરત, ગાંધીનગરમાં સ્કૂલોમાં આવતીકાલે રજા જાહેર કરવામાં આવી છે.શહેરની તમામ સરકારી, ગ્રાન્ટેડ, સ્વનિર્ભર સ્કૂલો, આંગણવાડીમાં રજા રહેશે. પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક સ્કૂલો અને કોલેજમાં રજા જાહેર કરવામાં આવી છે.નર્મદા અને દાહોદ જિલ્લામાં પણ સ્કૂલ, કોલેજમાં રજા જાહેર કરવામાં આવી છે.આવતીકાલે 24 જુલાઈએ તમામ શાળાઓ, કોલેજો અને આંગણવાડીઓ બંધ રહેશે. સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં રજા જાહેર કરવામાં આવી છે.હવામાન વિભાગની આગાહીના પગલે ગાંધીનગરની તમામ શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે. વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવામાં આવ્યો છે.નાગરિકોને બિનજરૂરી બહાર ન નીકળવાની અપીલ કરવામાં આવી છે.વીજળીના થાંભલાઓ અને વૃક્ષોથી દૂર રહેવા તંત્રની સૂચના કોઈપણ કટોકટીમાં જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રનો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

સાબરમતીમાં પૂરનું જોખમ, અનેક વિસ્તારો પાણીમાં ડુબ્યા

અમદાવાદમાં આગામી 3 દિવસ રેડ એલર્ટ

(એજન્સી) અમદાવાદ | તા.23

અમદાવાદ શહેર માટે આગામી ત્રણ દિવસ અત્યંત મહત્વના સાબિત થઈ શકે છે. હવામાન વિભાગ દ્વારા શહેર અને આસપાસના વિસ્તારોમાં અતિભારે વરસાદની આગાહીને પગલે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સતત વરસાદને કારણે શહેરમાં જળબંબાકાર, ટ્રાફિક જામ અને દૈનિક જનજીવન પર વ્યાપક અસર પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઉપરવાસમાં ભારે વરસાદને કારણે સાબરમતી નદીમાં સતત પાણી છોડવામાં આવી રહ્યું છે. પાણીની આવક વધતા નદીના જળસ્તરમાં નોંધપાત્ર વધારો થવાની સંભાવના છે. જો ઉપરવાસમાં વરસાદનું જોર યથાવત રહેશે તો સાબરમતીના પ્રવાહમાં વધુ વધારો થઈ શકે છે.

આવતીકાલે સાબરમતીમાં પૂર જેવી સ્થિતિ સર્જાવાની શક્યતા

વધતા જળપ્રવાહને કારણે આવતીકાલે સાબરમતી નદીમાં પૂર જેવી સ્થિતિ સર્જાવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. નદી કાંઠાના નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકો માટે ખાસ સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી શકે છે. સ્થાનિક વહીવટી તંત્ર સતત સ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને જરૂરી પડે તો સ્થળાંતર સહિતના પગલાં પણ લેવામાં આવી શકે છે. ભારે વરસાદ અને પૂર જેવી સંભાવનાને ધ્યાનમાં રાખીને નાગરિકોને બિનજરૂરી મુસાફરી ટાળવા, હવામાન વિભાગ અને સ્થાનિક તંત્રની સૂચનાઓનું પાલન કરવા તેમજ પાણી ભરાયેલા રસ્તાઓ અને નદી કાંઠાના વિસ્તારોમાં જવાનું ટાળવા અપીલ કરવામાં આવી છે.

શહેરીજનોને સાવચેત રહેવા તંત્રની અપીલ

ભારે વરસાદ અને પૂર જેવી સંભાવનાને ધ્યાનમાં રાખીને નાગરિકોને બિનજરૂરી મુસાફરી ટાળવા, હવામાન વિભાગ અને સ્થાનિક તંત્રની સૂચનાઓનું પાલન કરવા તેમજ પાણી ભરાયેલા રસ્તાઓ અને નદી કાંઠાના વિસ્તારોમાં જવાનું ટાળવા અપીલ કરવામાં આવી છે. શહેરના નીચાણવાળા વિસ્તારો, અંડરપાસ અને જળભરાવની શક્યતા ધરાવતા માર્ગો પર ખાસ તકેદારી રાખવા પણ સૂચના આપવામાં આવી છે.

સુરતમાં ખાડીઓ ભયજનક સપાટી વટાવી ગઈ!

સુરતમાં અનરાધાર વરસાદથી જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. ઉમરપાડામાં 15 ઈંચ, અંબિકામાં 8 ઈંચ અને કામરેજમાં 7 ઈંચ વરસાદ નોંધાયો છે. મીઠી, ભેદવાડ અને સીમાડા ખાડી ઓવરફ્લો થતાં આસપાસના રહેણાંક વિસ્તારોમાં પાણી ઘૂસી ગયા છે. ભેદવાડ ખાડી 7.60 મીટરે અને સીમાડા ખાડી 4.70 મીટરની ભયજનક સપાટી વટાવી વહી રહી છે, જેનાથી સ્થાનિકો હાલાકી ભોગવી રહ્યા છે. સુરતમાં ભારે વરસાદથી જ્યાં જુઓ ત્યાં જળપ્રલય જેવા દ્રશ્યો સર્જાયા છે. શહેરમાંથી પસાર થતી ખાડીઓ બંને કાંઠે વહેતી થતાં આજુબાજુના વિસ્તારોમાં પરિસ્થિતિ અત્યંત ખરાબ થઈ ગઈ છે.

રાજ્યમાં 136 તાલુકામાં વરસાદ ખાબક્યો

અમદાવાદ | રાજ્યમાં મેઘરાજાની સાર્વત્રિક પધરામણી સાથે કુલ ૧૩૬ તાલુકાઓમાં વરસાદ ખાબક્યો છે, જેમાં સૌથી વધુ વરસાદ અમદાવાદના ધોળકામાં ૫.૯૧ ઈંચ નોંધાયો છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં પણ ભારે વરસાદ વરસ્યો છે, જેમાં ડાંગના વઘઈમાં ૪.૫૩ ઈંચ, નવસારીના વાંસદામાં ૪.૧૩ ઈંચ તેમજ ચિખલીમાં ૩.૭૪ ઈંચ વરસાદ નોંધાયો છે. તે સિવાય તાપીના ડોલવણમાં ૩.૬૨ ઈંચ અને ખેડાના મહેમદાવાદમાં ૨.૧૮ ઈંચ વરસાદ વરસતાં સમગ્ર પંથકમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. રાજ્યમાં ભારે વરસાદની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને 19 જિલ્લાઓમાં શિક્ષણ કાર્ય ભારે અસરગ્રસ્ત થયું છે.

અમદાવાદ બન્યું સ્વિમિંગ પૂલ, શહેરના 85 થી વધુ વિસ્તારોમાં પાણી ભરાયા

અમદાવાદ | અમદાવાદ શહેરમાં સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે રસ્તાઓ પર પાણી ભરાવાની સમસ્યા વધુ ઘેરી બની છે, જેના પગલે તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે વધુ ૨ અંડરપાસ વાહનવ્યવહાર માટે બંધ કરી દેવાયા છે. પરિમલ અંડરપાસ તેમજ કુબેરનગર અંડરપાસમાં પાણીનું સ્તર વધી જતાં વાહનચાલકોની સલામતીને ધ્યાનમાં રાખીને બંને અંડરપાસ બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. અંડરપાસ બંધ થતાં વાહનચાલકોને વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા અને ટ્રાફિક સમસ્યાથી બચવા માટે વિનંતી કરવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગણદેવી તાલુકાના અમલસાડ સરીબુજરંગ ગામની મુલાકાત લઈને ભારે વરસાદના કારણે સર્જાયેલી પરિસ્થિતિનું સ્થળ પર જઈ નિરીક્ષણ કર્યું હતું. મુલાકાત દરમિયાન તેમણે ગામના સરપંચ, સ્થાનિક જનપ્રતિનિધિઓ તેમજ ગ્રામજનો સાથે સીધો સંવાદ કરી વરસાદથી થયેલી અસર, હાલની સ્થિતિ તેમજ જરૂરી સુવિધાઓ અંગે વિગતવાર માહિતી મેળવી હતી.

Nippon india Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

Date	Time	Location
25 July, 2026	6:30 PM	Karamsad

Venue: Hotel Darshan inn, Opp. Sardar Patel High School, Anand-Sojitra Road, Karamsad - 388325
Name : Jignesh Bhayani | Mobile : 8976967419

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.

આદિત્યભાઈ, યુવાનોને સલાહની નહીં પણ સમર્થનની જરૂર છે: ગોપાલ ઈટાલિયા

અમદાવાદ : આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, આપણા ગુજરાતના લોકપ્રિય કલાકાર આદિત્યભાઈ ગઢવીએ

દેશના યુવાનોને એક સલાહ આપી હતી કે શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગણી કરવાથી શું સોલ્યુશન આવશે? આ અંગે જવાબ આપતાં તેમણે કહ્યું કે સોલ્યુશન શોધવા માટે જ તો દેશના કરોડો યુવાનો જંતર-મંતર પર એકઠા થયા છે. આદિત્યભાઈ પોતે તેમના 'ખલાસી' ગીતમાં ગાય છે કે 'એવો હાર્દનો પ્રવાસી કોણ છે, એને ગોતી લ્યો', તો આજે આ દેશના યુવાનો પોતે ખલાસી બનીને નીકળ્યા છે. દેશની શિક્ષણ વ્યવસ્થા અને લોકશાહીની નાવડી જ્યારે ડૂબવાની તૈયારીમાં છે, ત્યારે આ યુવાનો તેને બચાવવા અને પાટા પર લાવવા માટે ભેગા થયા છે. શિક્ષણ મંત્રી રાજીનામું આપે તેનાથી પેપર લીક થતાં બંધ થાય કે ન થાય, પણ સિસ્ટમમાં જવાબદારી તો નક્કી થાય જ છે. ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યુ હતુ કે જેમ કોઈ સોસાયટીમાં વારંવાર ચોરી થતી હોય તો ચોકીદાર બદલવાથી ચોરીઓ બંધ થઈ જ જશે એવું નથી હોતું, પરંતુ આળસુ ચોકીદારને બદલીને જવાબદારી તો નક્કી કરવામાં આવે જ છે. એ જ રીતે દેશની પરીક્ષા વ્યવસ્થામાં ચોરી થાય તો જવાબદાર વ્યક્તિને બદલવાની વાત યોગ્ય જ છે. આદિત્યભાઈ ખૂબ સારું ગાય છે અને અમે પણ તેમના ચાહક છીએ, પરંતુ જ્યારે યુવાનો કાંઠેથી દરિયે એટલે કે જંતર-મંતર પહોંચ્યા છે અને વ્યવસ્થા સુધારવાનો પ્રયત્ન કરી રહ્યા છે, ત્યારે તેમને નકામી સલાહની નહીં પણ સમર્થનની જરૂર છે. આ યુવાનો કોઈ સરકાર બદલવા નથી આવ્યા, પરંતુ સિસ્ટમની ખામી સ્વીકારવા, જવાબદાર માણસને બદલવા અને ભવિષ્યમાં આવું ન થાય તે માટે પ્રયત્ન કરવાની માંગ કરી રહ્યા છે. અમે અને આખું ગુજરાત આ યુવાનોની માંગણી સાથે સતત ઊભા છીએ.

દિલ્હીના જંતર-મંતર ખાતે ચાલતા આંદોલનના સમર્થનમાં ગુજરાતમાં પણ હવે આંદોલનના મંડાણ

દિલ્હીના જંતર-મંતર ખાતે ચાલતા આંદોલનની આગ હવે ગુજરાતમાં

અમદાવાદ : આમ આદમી પાર્ટી પ્રદેશ ફ્રન્ટલ અધ્યક્ષ પ્રવીણ રામે જણાવ્યું હતું કે, સમગ્ર દેશના યુવાનોએ પેપર લીકની ઘટનાઓ સામે અને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે જંતર-મંતર પર જે આંદોલન શરૂ કર્યું છે, તેનાથી સરકારને કડક સંદેશ મળ્યો છે. આંદોલન દરમિયાન દિલ્હીમાં પોલીસ અને ગુંડાઓ દ્વારા યુવાનો અને દીકરીઓ પર અમાનુષી લાઠીચાર્જ કરવામાં આવ્યો, અનેક લોકોના માથા ફૂટ્યા, છતાં દેશનો યુવાન પોતાની માંગ પર અડગ રહ્યો તે ખૂબ અભિનંદનને પાત્ર છે. દેશભરમાં પેપર લીકનો સૌથી મોટો રેકોર્ડ જો કોઈ રાજ્યમાં બન્યો હોય તો તે ગુજરાત છે. અહી ભાગ્યે જ કોઈ એવી પરીક્ષા હશે જેનું પેપર લીક ન થયું હોય કે જેમાં કૌભાંડ ન થયું હોય.પ્રવિણ રામે વધુમાં જણાવ્યું હતું કે, દિલ્હી ખાતે ચાલી રહેલી જંતર-મંતરની લડાઈને મજબૂત કરવા અને સમર્થન આપવા માટે હવે ગુજરાતના યુવાનોએ પણ બહાર નીકળવું પડશે. પ્રવીણ રામે યુવાનોને અપીલ કરતા કહ્યું કે, આજે ૨૩મી તારીખે તમામ કોલેજના વિદ્યાર્થીઓ કાળી પટ્ટી પહેરીને વિરોધ દર્શાવે અને આંદોલનનું સમર્થન કરે. આ ઉપરાંત, આવનારી ૨૫મી જુલાઈના રોજ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે પ્રતીક ધરણાં યોજાવાના છે. સૌથી વધુ પીડા ગુજરાતના યુવાનોએ સહન કરી હોવાથી, પોતાની રોજગારી અને ભવિષ્યની સુરક્ષા માટે 'ચાલો ગાંધીનગર'ના નારા સાથે તમામ યુવાનો ૨૫મીએ ગાંધીનગર પહોંચે.

જંતર-મંતર પર વિદ્યાર્થીઓ પર થયેલા અત્યાચાર સામે ૨૫મીએ ગાંધીનગરમાં આંદોલન : પાયલ સાકરિયા

NEET પેપર લીક અને શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ સાથે ગુજરાતના યુવાનો ગાંધીનગરમાં એકઠા થશે

અમદાવાદ : આમ આદમી પાર્ટી પ્રદેશ મહિલા મોરચાના પ્રમુખ પાયલ સાકરિયાએ જણાવ્યું હતું કે, છેલ્લા ઘણાં સમયથી દિલ્હીના જંતર-મંતર ખાતે દેશભરના

યુવાનો, વિદ્યાર્થીઓ અને બહેનો આંદોલન કરી રહ્યા છે. NEETનું પેપર ફૂટવાના કારણે અનેક વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે, ત્યારે ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ કરવામાં આવી રહી છે. છેલ્લા ત્રણ દિવસથી આ તાનાશાહ સરકારે આંદોલનકારી વિદ્યાર્થીઓ પર અમાનુષી લાઠીચાર્જ કરાવ્યો છે, જેમાં બહેનો-દીકરીઓ સાથે ગેરવર્તણૂક કરવામાં આવી અને વિદ્યાર્થીઓને નિર્દયતાથી માર મારવામાં આવ્યો. યુવાનો જ્યારે પોતાના ભવિષ્ય માટે અવાજ ઉઠાવતા હોય ત્યારે સરકારે એમની વાત સાંભળવી જોઈએ, પરંતુ સત્તાધીશો તેમની સામે કડક પગલાં ભરી રહ્યા છે.'આપ' નેતા પાયલ સાકરીયાએ વધુમાં જણાવ્યુ હતુ કે આ વિદ્યાર્થીઓની લડાઈને વધુ મજબૂત કરવા માટે ૨૫ જૂલાઈએ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે એક મોટું આંદોલન શરૂ થવા જઈ રહ્યું છે, જેમાં હું પણ જોડાવાની છું. ગુજરાતનો ઈતિહાસ રહ્યો છે કે જ્યારે પણ અન્યાય અને અત્યાચાર સામે લડવાનું થયું છે, ત્યારે ખમીરવંત ગુજરાતીઓ હંમેશા આગળ રહ્યા છે. આપણા બાળકોના ભવિષ્યને સુરક્ષિત કરવા, યુવાનોના અવાજને વધુ બુલંદ કરવા અને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું માંગવા માટે આપણે સૌએ એક થવું પડશે. હું તમામ ગુજરાતીઓને વિનંતી કરું છું કે ૨૫મી તારીખે સવારે ૧૦ વાગ્યે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે વધુમાં વધુ સંખ્યામાં ઉપસ્થિત રહો.

દિલ્લીમાં યુવાનો પર થયેલ અત્યાચારના વિરોધમાં AAP દ્વારા ઠેર ઠેર પ્રદર્શન, ભુજ, જૂનાગઢ, પોરબંદર, જામનગર ખાતે AAP એ કર્યા દેખાવ, જૂનાગઢમાં અટકાયત.

25 જુલાઈના રોજ ગાંધીનગર ખાતે મોટી સંખ્યામાં યુવાનો એકત્રિત થઈ આંદોલનનો ભાગ બનશે: ઈસુદાન

અમદાવાદ : આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, દેશમાં વારંવાર બનતી પેપર લીકની ઘટનાઓ સામે જનતામાં ભારે રોષ છે. મારી અપીલ બાદ હજારો વિદ્યાર્થીઓ કાળી પટ્ટી ધારણ કરીને કે કાળા કપડાં પહેરીને કોલેજ ગયા હતા, જ્યારે AAP ની વિદ્યાર્થી પાંખ 'ASAP' દ્વારા પણ ઠેર-ઠેર વિરોધ દર્શાવવામાં આવ્યો છે. આગામી 25 જુલાઈના રોજ ગાંધીનગર ખાતે મોટી સંખ્યામાં યુવાનો એકત્રિત થઈને આ આંદોલનનો ભાગ બનશે. આજે સ્થિતિ એ છે કે ભાજપના પોતાના નેતાઓ કે કાર્યકર્તાઓના બાળકો પણ આ પેપર લીકનો ભોગ બન્યા છે, પરંતુ પદ અને કોન્ટ્રાક્ટ ગુમાવવાના ડરથી તેઓ પોતાની જ પાર્ટી વિરુદ્ધ બોલી શકતા નથી. બીજી તરફ, ભાજપના નેતાઓએ તાજેતરમાં અન્ય પાર્ટીના કાર્યાલય પર જઈને વિરોધ પ્રદર્શન કર્યું હતું. હકીકતમાં પેપર લીકનો મૂળ મુદ્દો લોકો ભૂલી જાય તે માટે જ ભાજપના લોકોએ આવા નખરાં કરવા પડે છે. હવે પ્રજાએ સ્વીકારી લેવું જોઈએ કે ભાજપ વિપક્ષ તરીકે મજબૂત છે,

પણ શાસક તરીકે સાવ નઠારી સાબિત થઈ છે.'આપ' નેતા ઈસુદાન ગઢવીએ વધુમાં ઉમેર્યું હતું કે, સરકાર વિરોધી અવાજને દબાવવા માટે ભય અને લાભની નીતિ અપનાવે છે. ભાજપ પ્રસિદ્ધ કલાકારોને ડાયરાઓ અને નાટકો જેવા સરકારી કાર્યક્રમો આપીને પોતાની પાર્ટીમાં જોડાવી દે છે, જેથી આ કલાકારો ભાજપ વિરુદ્ધ કશું બોલી જ ન શકે. અમિતાભ બચ્ચન અને અક્ષય કુમાર જેવા મોટા કલાકારો મનમાંથી સંવેદનશીલ હોવા છતાં પોતાની મજબૂરીના કારણે ૨૦૧૪ પહેલાં જે રીતે મુદ્દાઓ પર ટ્વિટ કરતા હતા, તેમ આજે નથી કરી શકતા. ઘણા કલાકારો સમાજ માટે રોલ મોડલ હોય છે, પરંતુ જ્યારે પ્રજા પર આફત આવે છે ત્યારે તેઓ મૌન રહીને 'ઝીરો' બની જાય છે. બીજી તરફ, ફિલ્મોમાં વિલનના પાત્રો ભજવનારા પ્રકાશ રાજ જેવા અનેક કલાકારો લોકોનો સાચો અવાજ ઉઠાવીને ખરા અર્થમાં 'હીરો' બની જાય છે. કરસનદાસ માણેકની પંક્તિઓ 'મને એ જ નથી સમજાતું કે શાને આવું થાય છે, ફૂલડાં ડૂબી જતાં ને પથરા તરી જાય છે' આજે સમાજ અને સરકારની આ પરિસ્થિતિ પર બિલકુલ સચોટ બેસે છે.

24 જુલાઈના રોજ યોજાનારા કોકરોચ જનતા પાર્ટીના દેશવ્યાપી વિરોધ પ્રદર્શનને AAPનું સમર્થન

ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે કાલે કોકરોચ જનતા પાર્ટીએ સમગ્ર દેશમાં "નેશન વાઈડ પ્રોટેસ્ટ"નું આહ્વાન કર્યું છે

અમદાવાદ : આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રભારી ગોપાલ રાયે એક વિડિયો મારફતે દિલ્હીમાં ચાલી રહેલા વિદ્યાર્થી-યુવા આંદોલન અંગે પોતાની વાત રજૂ કરતાં જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં કોકરોચ જનતા પાર્ટી દ્વારા ચલાવવામાં આવી રહેલા વિદ્યાર્થી-યુવા આંદોલનમાં જોડાયેલા યુવાનો પર ભાજપ સરકાર દ્વારા બર્બરતાપૂર્વક લાઠીચાર્જ કરવામાં આવી રહ્યો છે. વિદ્યાર્થીઓ પર થઈ રહેલા લાઠીચાર્જ અને દમનના વિરોધમાં તેમજ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે કાલે કોકરોચ જનતા પાર્ટીએ સમગ્ર દેશમાં 'નેશન વાઈડ પ્રોટેસ્ટ'નું આહ્વાન કર્યું છે.વધુમાં આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રભારી ગોપાલ રાયે જણાવ્યું હતું કે, કોકરોચ જનતા પાર્ટીએ નેશન વાઈડ પ્રોટેસ્ટનું આહ્વાન કર્યું છે, તેથી આમ આદમી પાર્ટી આ પ્રોટેસ્ટને સમર્થન આપીને તેમાં જોડાશે. આમ આદમી પાર્ટીના તમામ હોદ્દેદારો, કાર્યકર્તાઓ અને નેતાઓને અપીલ છે કે તેઓ આમ આદમી પાર્ટીના કોઈપણ બેનર કે ઝંડા વગર દેશને બચાવવા અને યુવાનોના ભવિષ્યને બચાવવા માટે કોકરોચ જનતા પાર્ટીના પ્રોટેસ્ટને સમર્થન આપે. વિદ્યાર્થી-યુવાનોના નેતૃત્વમાં ચાલી રહેલા આ આંદોલનમાં જોડાઓ અને જ્યાં સુધી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું નહીં આપે ત્યાં સુધી આ લડતમાં સહયોગ આપો.

કરોડોના વિકાસના દાવા કરવામાં આવે છે પણ સામાન્ય વરસાદમાં કોર્પોરેશનની પોલ ખુલી જાય છે: ડો. કરન બારોટ

વરસાદ પડવાની સાથે જ અમદાવાદમાં કોર્પોરેશનની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખુલી જતા AAP પ્રદેશ સંગઠન મંત્રી ડો. કરન બારોટે ઉઠાવ્યા સવાલ

અમદાવાદ : આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી અને પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો. કરન બારોટે એક ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે અમદાવાદમાં સવારથી વરસાદ પડી રહ્યો છે અને વરસાદના કારણે રસ્તાઓ તળાવ જેવા બની ગયા છે. કરોડોના વિકાસના દવા કરવામાં આવે છે પરંતુ વરસાદ પડવાની સાથે જ વિકાસની પોલ ખુલી જાય છે. સામાન્ય લોકો પરસેવો પાડીને ટેક્સ આપે છે કારણ કે એ લોકો ઈચ્છે છે કે એમને સારા રોડ રસ્તા સહિત સામાન્ય મૂળભૂત સુવિધાઓ મળે. આજે વાલીઓએ જે હાલાકી ભોગવી છે એ મેં આજ સુધી જોઈ નથી, વાલીઓએ પોતાના બાળકોને લેવા માટે ટ્રેક્ટરનો ઉપયોગ કરવો પડ્યો, અડધો કિલોમીટરથી એક કિલોમીટર દૂર ગાડીઓ પાર્ક કરીને, પાણીમાં અડધા ડૂબીને લોકો પોતાના બાળકોને લેવા માટે ગયા. દર વર્ષે વરસાદ પડ્યા પહેલા ડ્રેનેજની સફાઈ

સહિતના મોટા મોટા દાવા કરવામાં આવે છે પરંતુ વરસાદ આવતા જ શહેરના મોટાભાગના વિસ્તારમાં પાણી ભરાઈ જાય છે.વધુમાં આદમી પાર્ટીના નેતા ડો. કરન બારોટે જણાવ્યું હતું કે, લોકો કલાકો સુધી ટ્રાફિકમાં ફસાય છે, વાહનો બંધ થાય છે, વેપારીઓને નુકસાન થાય છે, સામાન્ય નાગરિકોને હાલાકીનો સામનો કરવો પડે છે, તો મારે સરકારને પૂછવું છે કે જો દર વર્ષે આવી સ્થિતિ સર્જાય છે તો જવાબદારી કોની છે? શું કોઈ જવાબદારી લેશે? કરોડોની જાહેરાતો થાય છે, માત્ર જાહેરાતોમાં દાવા જ થાય છે, શું જાહેરાતોના દાવાઓથી શહેર ચાલશે? પ્રજાને પરિણામ જોઈએ છે બહાના નહીં. સમય આવી ગયો છે કે જવાબદારી નક્કી થાય અને કાયમી ઉકેલ આવવો જોઈએ. અમદાવાદના લોકો હવે ભાજપના આવા વિકાસથી ત્રાસી ગયા છે. દર વર્ષે કરોડો રૂપિયાના ખર્ચે પ્રી-મોન્સૂન કામગીરી કરવામાં આવે છે, અધિકારીઓની બેઠકો યોજાય છે, સમીક્ષાઓ થાય છે અને પછી વરસાદ શરૂ થતા જ આખી ડ્રેનેજ સિસ્ટમ નિષ્ફળ થઈ જાય છે. શું આ વિકાસ અને ડ્રેનેજની સફાઈ ફક્ત કાગળ પર જ થયા છે કે જમીન ઉપર પણ કોઈ કામ થયા છે?

ચૈતર વસાવા અને તેમના પરિવારને ભાજપે ખોટા કેસમાં ફસાવ્યા, પણ આજે સત્યનો વિજય થયો : ઈસુદાન ગઢવી

સત્ય પરેશાન થઈ શકે છે પણ પરાજિત નહીં, હાઈકોર્ટે ચૈતર વસાવાના પત્ની શંકુતલાબેન સહિત ૫ લોકોના જામીન મંજૂર કરતા 'આપ' ની ટીમ જેલમાં લેવા પહોંચી

અમદાવાદ : આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, ચૈતરભાઈ વસાવા અને તેમના પરિવાર પર ખોટા કેસો કરીને ભાજપે જે રીતે તેમને તુરંત સજા અપાવવાના પ્રયાસો કર્યા હતા, તેમાં આજે સત્યનો વિજય થયો છે. સત્ય પરેશાન થઈ શકે છે પણ પરાજિત નહીં. આજે માનનીય હાઈકોર્ટ દ્વારા ચૈતરભાઈના પત્ની શંકુતલાબેન અને અન્ય મળીને કુલ પાંચ લોકોના જામીન મંજૂર કરવામાં આવ્યા છે. અમને પૂરો વિશ્વાસ છે કે આગામી સમયમાં ચૈતરભાઈ સહિત બાકીના લોકોના પણ જામીન મંજૂર થઈ જશે. આ સમગ્ર કેસ તદ્દન ફર્જી બનાવવામાં આવ્યો હતો, જેથી ચૈતરભાઈ ડરી જાય, તેઓ આદિવાસી સમાજનો અવાજ ન બને, આદિવાસી સમાજને જાગૃત ન કરે અને મોટી કંપનીઓને જમીન આપવા સામે જોર-જબરદસ્તીનો મુદ્દો ન ઉઠાવે. ભાજપે આ માટે મોટું ષડયંત્ર રચ્યું હતું, પરંતુ એ ષડયંત્ર હવે ધ્વસ્ત થઈ ગયું છે. ચૈતરભાઈ અને આદિવાસી સમાજ આ સંઘર્ષમાં વધુ મજબૂત બનીને ઉભરી આવ્યા છે.ઈસુદાન ગઢવીએ વધુમાં ઉમેર્યું હતું કે, આદિવાસી સમાજ માટે ચૈતરભાઈ અને તેમનો પરિવાર એકવાર, બેવાર કે ત્રણવાર જેલમાં જઈ આવ્યા છે. આજે શંકુતલાબેન અને અન્ય બહેનો જેલમાંથી મુક્ત થયા છે, ત્યારે હું તથા માનનીય ગુલાબસિંહજી, વર્ષાબેન, નિરંજનભાઈ અને દયાશંકરભાઈ સહિત અમારી AAP ની ટીમ તેમને લેવા માટે જેલ પર આવ્યા છીએ. અમે આદિવાસી સમાજને વિશ્વાસ અપાવીએ છીએ કે તમારો અવાજ વધુ બુલંદ થશે. ચૈતરભાઈ વસાવા પણ ટૂંક સમયમાં જેલમાંથી બહાર આવી જશે અને આદિવાસી સમાજ માટે બમણા જોરથી લડશે. હું ભાજપને પણ કહેવા માંગુ છું કે, ચૈતરભાઈને વારંવાર જેલમાં નાખીને તમે જે ષડયંત્રો કરો છો તેનાથી તમારું જ નુકસાન થઈ રહ્યું છે. આજે ઉમરગામથી લઈને અંબાજી સુધીના સમગ્ર આદિવાસી સમાજના યુવાનોમાં ભારે રોષ છે. તેથી મહેરબાની કરીને હવે ચૈતરભાઈ વસાવા પર ખોટી FIR કરવાનું કે તેમને જેલમાં નાંખવાના ષડયંત્રો ઘડવાનું બંધ કરો.

ગાંધીગ્રામ-બોટાદ રેલવે સેક્શનના યાત્રીઓને પહેલી વાર મળશે વંદે ભારત એક્સપ્રેસની ભેટ

17 ઓગસ્ટ 2026થી નવા માર્ગ ગાંધીગ્રામ-બોટાદ-જૂનાગઢથી ચાલશે સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ

રેલવે મંત્રાલયે સોમનાથ જ્યોતિર્લિંગના દર્શનાર્થીઓની સુવિધા અને યાત્રીઓને ઝડપી, આધુનિક અને આરામદાયક રેલવે સેવા ઉપલબ્ધ કરાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આ હેઠળ ટ્રેન નંબર 26901/26902 સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસનું સંચાલન વર્તમાનના વિરમગામ-સુરેન્દ્રનગર-જેતલસર-જૂનાગઢ માર્ગને બદલે ગાંધીગ્રામ-બોટાદ-જૂનાગઢ માર્ગથી કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ ફેરફાર કરાયેલ માર્ગ પર વંદે ભારત એક્સપ્રેસનું નિયમિત સંચાલન 17 ઓગસ્ટ 2026 થી આરંભ થશે. નવા માર્ગથી ફક્ત સોમનાથ જનારા શ્રદ્ધાળુઓને મોટી સુવિધા જ નહીં મળે, પરંતુ ગાંધીગ્રામ-બોટાદ રેલવે સેક્શનના યાત્રીઓને પણ પહેલી વાર વંદે ભારત એક્સપ્રેસની આધુનિક અને વિશ્વસ્તરની યાત્રાનો લાભ મળશે. ટ્રેન નંબર 26901 સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ 17 ઓગસ્ટ 2026 થી સાબરમતીથી સવારે 06:00 કલાકે પ્રસ્થાન કરશે તથા 06:16 કલાકે ગાંધીગ્રામ અને 12:50 કલાકે વેરાવળ પહોંચશે. આ જ રીતે ટ્રેન નંબર 26902 વેરાવળ-સાબરમતી

વંદે ભારત એક્સપ્રેસ વેરાવળથી 15:50 કલાકે પ્રસ્થાન કરશે તથા 21.50 કલાકે ગાંધીગ્રામ અને 22:25 કલાકે સાબરમતી પહોંચશે. માર્ગમાં સ્ટોપેજ : માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન ગાંધીગ્રામ, ધોળકા, ધંધુકા, બોટાદ, ધોળા, ઢસા અને જૂનાગઢ સ્ટેશનો પર રોકાશે. આ વંદે ભારત એક્સપ્રેસ ગુરૂવાર સિવાય અઠવાડિયામાં છ દિવસ સંચાલિત થશે. શ્રદ્ધાળુઓ માટે વિશેષ સુવિધા : આ ટ્રેનનું સમયપત્રક વિશેષ રૂપે સોમનાથ જ્યોતિર્લિંગના દર્શનાર્થીઓને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું છે. યાત્રી સવારે સાબરમતીથી પ્રસ્થાન કરી બપોર સુધી વેરાવળ પહોંચીને ભગવાન સોમનાથના દર્શન કરી શકશે તથા એ જ દિવસે બપોર પછી વેરાવળથી પરત થઈ રાત્રી સુધી સાબરમતી પરત આવી શકશે. આનાથી એક જ દિવસમાં દર્શન કરી પરત આવવું પહેલાની સરખામણીમાં વધુ સુવિધાજનક થઈ જશે. ગાંધીગ્રામ-બોટાદ રેલવે સેક્શનને પહેલી વાર વંદે ભારત એક્સપ્રેસની ભેટ માર્ગ પરિવર્તનની સાથે ગાંધીગ્રામ-બોટાદ રેલવે સેક્શનના યાત્રીઓને પહેલી વાર દેશની સૌથી આધુનિક સેમી હાઈ-સ્પીડ ટ્રેન વંદે ભારત એક્સપ્રેસમાં યાત્રા કરવાનો અવસર મળશે. આનાથી ધોળકા, ધંધુકા, બોટાદ, ધોળા અને ઢસા જેવા મહત્વના સ્ટેશનોના યાત્રીઓને ઝડપી, સુરક્ષિત અને આરામદાયક રેલવે યાત્રાનો લાભ મળશે. પ્રાદેશિક કનેક્ટિવિટીને મળશે નવું પરિમાણ : ફેરફાર કરાયેલ માર્ગથી અમદાવાદ અને સૌરાષ્ટ્ર વિસ્તારના ધાર્મિક પર્યટન અને વેપારી કેન્દ્રો વચ્ચે સંપર્ક વધુ સુદ્રઢ થશે. યાત્રા સમયમાં ઘટાડો થવાની સાથે-સાથે યાત્રીઓને આધુનિક સુવિધાઓથી સજ્જ ઝડપી અને સુવિધાજનક રેલવે સેવા ઉપલબ્ધ થશે, જેનાથી પ્રદેશના સામાજિક, ધાર્મિક અને આર્થિક વિકાસને નવી ગતિ પ્રાપ્ત થશે.

જિલ્લામાં તા. 22 જુલાઈ સવારે 6:00 કલાકથી તા. 23 મી જુલાઈ સવારના 6:00 કલાક સુધી સરેરાશ 79.67 મી.મી. વરસાદ નોંધાયો

નર્મદા જિલ્લામાં આજદિન સુધી સરેરાશ કુલ 343.83 મિ.મિ.વરસાદ નોંધાયો

(એજન્સી) રાજપીપલા | તા 23

નર્મદા જિલ્લામાં તા.23 મી જુલાઈ, 2026ને ગુરૂવારના રોજ સવારના 6=00 કલાકે પુરા થતાં છેલ્લા 24 કલાક દરમિયાન દેડિયાપાડા તાલુકામાં 94 મિ.મિ. સાગબારા તાલુકામાં 87 મિ. મિ. ગરૂડેશ્વર તાલુકામાં 60 મિ.મિ. નાંદોદ તાલુકામાં 106 મિ.મિ. અને તિલકવાડા તાલુકામાં 40 મિ.મિ. વરસાદ નોંધાતા છેલ્લા ૨૪ કલાકમાં સરેરાશ 79.67 મી.મી. વરસાદ નોંધાયો છે. જિલ્લામાં ચાલુ વર્ષના મોસમના કુલ વરસાદની આજદિન સુધીની પરિસ્થિતિ જોઈએ તો સાગબારા તાલુકામાં 547 મિ.મિ., દેડિયાપાડા તાલુકામાં 384 મિ. મિ., તિલકવાડા તાલુકામાં 215 મિ.મિ., ગરૂડેશ્વર તાલુકામાં 170 મિ.મિ., નાંદોદ તાલુકામાં 364 મિ.મિ. વરસાદ નોંધાયો છે. આ સાથે નર્મદા જિલ્લામાં આજદિન સુધી સરેરાશ કુલ 343.83 મિ. મિ.વરસાદ નોંધાયો હોવાના અહેવાલ નર્મદા જિલ્લા પૂર નિયંત્રણ કક્ષ તરફથી પ્રાપ્ત થયાં છે. જિલ્લાના વિવિધ ડેમોની સપાટીની પરિસ્થિતિ જોઈએ તો નર્મદા ડેમ 127.82 મીટર, કરજણ ડેમ 104.95 મીટર છે. નાના કાકડીઆંબા ડેમ 183.30 મીટર અને ચોપડવાવ ડેમ 184.00 મીટરની સપાટી તથા ગરૂડેશ્વર પાસે નર્મદા ગેજ લેવલ 14.130 રહેવા પામી હોવાના અહેવાલ પણ નર્મદા જિલ્લા પૂર નિયંત્રણ કક્ષ તરફથી પ્રાપ્ત થયાં છે.

નર્મદા જિલ્લામાં વરસાદી માહોલ વચ્ચે આપત્તિ વ્યવસ્થાપનની તૈયારીઓની સમીક્ષા

કલેક્ટરશ્રી ગંગા સિંઘ દ્વારા જિલ્લા આપત્તિવ્યવસ્થાપનકેન્દ્રનીમુલાકાત

(એજન્સી) રાજપીપલા | તા 23

નર્મદા જિલ્લામાં છેલ્લા 24 કલાક દરમિયાન વિવિધ વિસ્તારોમાં નોંધાયેલા વરસાદ અને આગામી દિવસોમાં હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી આગાહીને ધ્યાનમાં રાખી જિલ્લા કલેક્ટરશ્રી ગંગા સિંઘે આજે સવારે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર (District Emergency Operation Centre) ની મુલાકાત લઈને સમગ્ર પરિસ્થિતિની વિસ્તૃત સમીક્ષા કરી હતી. કલેક્ટરશ્રીએ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર ખાતે વરસાદની સ્થિતિ, વિવિધ તાલુકાઓમાંથી પ્રાપ્ત થઈ રહેલા અહેવાલો, નદી-નાળા અને જળાશયોની સ્થિતિ, નીચાણવાળા વિસ્તારો, માર્ગ વ્યવહાર, વીજ પુરવઠો, પીવાના પાણીની વ્યવસ્થા તેમજ અન્ય આવશ્યક સેવાઓ અંગે વિગતવાર માહિતી મેળવી હતી. જિલ્લામાં હાલ કોઈપણ પ્રકારની ગંભીર આપત્તિજનક સ્થિતિ સર્જાઈ નથી અને તમામ પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. વરસાદી ઋતુ દરમિયાન કોઈપણ પ્રકારની પરિસ્થિતિનો તાત્કાલિક સામનો કરી શકાય તે માટે જિલ્લા તંત્ર સંપૂર્ણપણે સજ્જ છે. જિલ્લા

આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર ખાતે 24 કલાક સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે અને દરેક તાલુકા કક્ષાએથી મળતી માહિતીનું સતત સંકલન કરવામાં આવી રહ્યું છે. કલેક્ટરશ્રીએ માર્ગ અને મકાન વિભાગ, પંચાયત, પોલીસ, અગ્નિશામક સેવા, આરોગ્ય વિભાગ, વીજ વિભાગ, સિંચાઈ વિભાગ, નગરપાલિકા સહિત સંબંધિત તમામ વિભાગોને સતત સતર્ક રહી મેદાનમાં કામગીરી જાળવી રાખવા તથા કોઈપણ સ્થળેથી વરસાદજન્ય સમસ્યાની જાણ થતાં ત્વરિત કાર્યવાહી કરવા સૂચના આપી હતી. ખાસ કરીને નીચાણવાળા વિસ્તારો, નદી કાંઠાના ગામો અને સંવેદનશીલ વિસ્તારો પર સતત નજર રાખવા ભાર મૂક્યો હતો. કલેક્ટરશ્રીએ જિલ્લાવાસીઓને અપીલ કરી છે કે, ભારે વરસાદ દરમિયાન નાગરિકોએ બિનજરૂરી મુસાફરી ટાળવી, પાણી ભરાયેલા રસ્તાઓ અને વહેતા પાણીમાંથી પસાર થવાનો પ્રયાસ ન કરવો તેમજ જિલ્લા તંત્ર દ્વારા સમયાંતરે આપવામાં આવતી સત્તાવાર સૂચનાઓનું પાલન કરવું જરૂરી છે. સોશિયલ મીડિયામાં પ્રસારિત થતી અફવાઓ અથવા અપ્રમાણિત માહિતી પર વિશ્વાસ ન કરવા અને માત્ર અધિકૃત સ્ત્રોતોમાંથી મળતી માહિતી પર જ આધાર રાખવા પણ તેમણે ખાસ અપીલ કરી હતી. જિલ્લામાં વરસાદી આપત્તિ સંબંધિત કોઈપણ પ્રકારની જાણકારી આપવા અથવા તાત્કાલિક મદદ મેળવવા માટે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રના કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા નાગરિકોને અનુરોધ કરવામાં આવ્યો છે. જિલ્લા તંત્ર દ્વારા વરસાદી પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

SBI લાઇફ ઇન્શ્યોરન્સે 2026 પેરા સ્પોર્ટ્સ સિઝન માટે ભારતીય ટુકડીના 'પ્રિન્સિપલ પાર્ટનર' તરીકે પેરાલીમ્પિક કમિટી ઑફ ઇન્ડિયા (PCI) સાથે જોડાણ કર્યું

(એજન્સી) અમદાવાદ | તા 23

ભારતની સૌથી વધુ વિશ્વસનિય ખાનગી જીવન વીમાકંપનીઓ પૈકીની એક SBI લાઇફ ઇન્શ્યોરન્સે પેરાલીમ્પિક કમિટી ઑફ ઇન્ડિયા (PCI)ની સાથે પોતાની ભાગીદારીને મજબૂત કરવાની આજે જાહેરાત કરી હતી તથા 2026 પેરા સ્પોર્ટ્સ સિઝન માટે ભારતીય ટુકડીની 'પ્રિન્સિપલ પાર્ટનર' બની ગઈ છે. કંપની ગ્લાસગોમાં આયોજિત કોમનવેલ્થ પેરા ગેમ્સ 2026 અને જાપાનના આઈચી-નાગોયામાં આયોજિત એશિયન પેરા ગેમ્સ 2026માં જનાર ભારતીય પેરાલીમ્પિક ટુકડી માટે 'ઓફિશિયલ લાઈફ ઇન્શ્યોરન્સ પાર્ટનર' તરીકે કામ કરશે.પેરિસ 2024 પેરાલીમ્પિક્સ ગેમ્સ દરમિયાન ભારતીય પેરા-એથ્લેટ સાથે પોતાના સફળ જોડાણને આગળ વધારીને SBI લાઇફ દ્રઢ ઇરાદા, તૈયારી અને શ્રેષ્ઠ કામગીરીની ગાથા આગળ ધપાવવાનું ચાલુ રાખશે, જે લોકોને આત્મવિશ્વાસ સાથે પોતાનાં સ્વપ્નોને પૂર્ણ કરવા પ્રેરિત કરે છે. આ ભાગીદારી મારફતે SBI લાઇફનો ઉદ્દેશ ભારતના ટોચના પેરા-એથ્લિટોની સફરને ઓળખીને તેને પ્રોત્સાહન આપવાનો છે, જેઓ અતિ કુશળ સ્પર્ધક છે તથા પોતાની લગન અને કટિબદ્ધતાથી સંભાવનાઓને નવી રીતે પરિભાષિત કરે છે. તેમની સફર એક સામાન્ય સત્ય દર્શાવે છે - જ્યારે લોકોમાં આગળ વધવાનો આત્મવિશ્વાસ હોય, તેમને પર્યાપ્ત પીઠબળ હોય અને તૈયારી હોય, તો સ્વપ્નોને પૂર્ણ કરી શકાય છે. આ જોડાણ પર SBI લાઈફ ઈન્શ્યોરન્સના બ્રાન્ડ, કૉર્પોરેટ કમ્યુનિકેશન અને CSRના ચીફ શ્રી રવિન્દ્ર શર્માએ કહ્યું હતું, 'SBI લાઈફમાં અમારું માનવું છે કે, આત્મવિશ્વાસને બળે જ લોકો જીવનની મુશ્કેલીઓનો સામનો કરવા તૈયાર રહીને પોતાનાં સ્વપ્નોને પૂર્ણ કરવાની તાકાત મેળવે છે. આ વિશ્વાસ અમારી બ્રાન્ડ ફિલોસૉફી 'અપને લિયે, અપનો કે લિયે'નું હાર્દ છે. આ જ વાત પેરાલીમ્પિક કમિટી ઑફ ઇન્ડિયા સાથે અમારાં જોડાણને અર્થસભર બનાવે છે. ભારતના પેરા-એથ્લેટ એ વાતને દર્શાવે છે કે ઉદ્દેશ સાથે તૈયારી કરવી, પોતાના લક્ષ્યો પર ધ્યાન કેન્દ્રીત રાખવું અને દ્રઢ ઈરાદા સાથે પરફૉર્મ કરવાનો અસલી અર્થ શું છે. તેમની સફર દર્શાવે છે કે, જ્યારે લોકોને પાયામાં પીઠબળ મળે છે, ત્યારે તેઓ મુશ્કેલીઓને પાર કરી શકે છે અને અસાધારણ લક્ષ્ય હાંસલ કરી શકે છે. જેમ જેમ અમે 2026 પેરા સ્પોર્ટ્સ સિઝન માટે ભારતીય ટુકડીના પ્રિન્સિપલ પાર્ટનર તરીકે PCI સાથે અમારી ભાગીદારીને મજબૂત કરીએ છીએ, તેમ તેમ અમને આ અસાધારણ એથ્લેટને પીઠબળ પૂરું પાડવા પર ગર્વ છે, કારણ કે તેઓ આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતનું પ્રતિનિધિત્વ કરે છે.

આપત્તિ સમયે અસરકારક સંકલન સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે: જિલ્લા કલેક્ટરશ્રી ગંગાસિંઘ

પોઈચા નીલકંઠધામના સત્સંગ હોલ ખાતે 7 દિવસીય 'આપદા મિત્ર-આપદા સખી' આપત્તિ વ્યવસ્થાપન વર્કશોપ યોજાયો

(એજન્સી) રાજપીપલા | તા 23

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (GSDMA)ના સહયોગથી જિલ્લા કલેક્ટરશ્રી ગંગાસિંઘના માર્ગદર્શન હેઠળ નર્મદા જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા તા. 17 થી 23 જુલાઈ દરમિયાન પોઇચા નીલકંઠધામના સત્સંગ હોલ ખાતે 'આપદા મિત્ર' અને 'આપદા સખી' માટે સાત દિવસીય આપત્તિ વ્યવસ્થાપન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપ દરમિયાન જિલ્લા કલેક્ટરશ્રી ગંગાસિંઘે જણાવ્યું હતું કે, આપત્તિ સમયે અસરકારક સંકલન સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ તાલીમનો મુખ્ય હેતુ આપત્તિ સમયે જરૂરી સાધનો અને સંસાધનોનો અસરકારક ઉપયોગ કેવી રીતે કરવો તેમજ આપત્તિ વ્યવસ્થાપન સાથે સંકળાયેલા તમામ વિભાગો વચ્ચે સુમેળપૂર્ણ કામગીરી સુનિશ્ચિત કરવાની છે. નાયબ કલેક્ટર સુશ્રી વિધુ ખૈતાને જણાવ્યું હતું કે, આપત્તિ

વ્યવસ્થાપન સાથે સંકળાયેલા વિવિધ વિભાગોના અધિકારીઓ દ્વારા વર્કશોપ દરમિયાન તેમની કામગીરી, જવાબદારીઓ અને આપત્તિના સમયે અનુસરવાની પ્રક્રિયા અંગે વ્યવહારુ તાલીમ આપવામાં આવી હતી. જિલ્લાના વિવિધ અધિકારીઓએ પણ વર્કશોપની મુલાકાત લઈને તાલીમ અંગે માહિતી મેળવી હતી.ડિઝાસ્ટર મામલતદાર શ્રી એચ. જે. બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, તા. 17 થી 23 જુલાઈ દરમિયાન યોજાયેલા આ વર્કશોપમાં કુલ 84 જેટલા આપદા મિત્ર અને આપદા સખીઓએ ભાગ લીધો હતો. તાલીમ દરમિયાન આપત્તિ વ્યવસ્થાપનના વિવિધ પાસાઓ, શોધ અને બચાવ કામગીરી, પ્રાથમિક સારવાર તેમજ સંકલન વ્યવસ્થા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.તાલીમાર્થી શ્રી ક્રિશ વસાવાએ જણાવ્યું હતું કે,

સાત દિવસ દરમિયાન વિવિધ વિભાગોના અધિકારીઓ દ્વારા પૂર, ભૂકંપ સહિતની કુદરતી આપત્તિઓ દરમિયાન કેવી રીતે કાર્ય કરવું, આપત્તિમાં ફસાયેલા વ્યક્તિને કેવી રીતે મદદ કરવી તેમજ સૌથી પ્રથમ કયા પગલાં લેવા તે અંગે વ્યવહારુ માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તાલીમાર્થી શ્રીમતી તડવી સુંદરપ્યારીએ જણાવ્યું હતું કે, આ વર્કશોપ દ્વારા આપત્તિ વ્યવસ્થાપન અંગે નવી બાબતો શીખવા મળી અને આવી પરિસ્થિતિમાં આત્મવિશ્વાસપૂર્વક કામગીરી કરવાની સમજ પ્રાપ્ત થઈ છે. વર્કશોપ દરમિયાન ફાયર વિભાગ, આરોગ્ય વિભાગ, પોલીસ વિભાગ, વીજ અકસ્માત નિવારણ, રોડ સેફ્ટી અવેરનેસ, રેડ ક્રોસ તથા આપદા મિત્ર યોજના સાથે સંકળાયેલા વિવિધ વિભાગો દ્વારા શોધ અને બચાવ કામગીરી, સલામતી સાધનો તથા આપત્તિ સમયે ઉપયોગી ઉપકરણો અંગે જીવંત ડેમોન્સ્ટ્રેશન દ્વારા તાલીમાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વર્કશોપ દરમિયાન જિલ્લા કલેક્ટરશ્રી ગંગાસિંઘ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી આર. વી. વાળા, દેડિયાપાડા પ્રાંત અધિકારી સુશ્રી જુહી પાંડે સહિત સંબંધિત અધિકારીઓએ આપત્તિ વ્યવસ્થાપન સાથે સંકળાયેલા વિવિધ વિભાગો દ્વારા ઉભા કરાયેલા પ્રદર્શન સ્ટોલની મુલાકાત લઈને શોધ અને બચાવ માટે ઉપયોગમાં લેવાતા સાધનો, ઉપકરણો અને સેવાઓ અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી.

ભારે વરસાદ અને હવામાન વિભાગના એલર્ટને પગલે નર્મદા જિલ્લામાં આવતીકાલે તમામ આંગણવાડી,શાળાઓ, કોલેજો અને ITIમાં રજા જાહેર

રાજપીપલા : નર્મદા જિલ્લામાં આજે થયેલા ભારે વરસાદના કારણે અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની પરિસ્થિતિ સર્જાઈ છે. ઉપરાંત હવામાન વિભાગ દ્વારા આવતીકાલે પણ ભારે વરસાદની આગાહી સાથે એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓની સલામતી અને સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે તા. 24 જુલાઈ, 2026 (શુક્રવાર)ના રોજ નર્મદા જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો, સરકારી તથા ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, કોલેજો તેમજ ITI સંસ્થાઓમાં રજા જાહેર કરવામાં આવે છે. જો કે, શૈક્ષણિક કાર્યમાં સતતતા જળવાઈ રહે તે માટે સંબંધિત શૈક્ષણિક સંસ્થાઓ ઓનલાઈન શિક્ષણકાર્ય ચાલુ રાખી શકશે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા નાગરિકોને પણ અનિવાર્ય કારણ સિવાય બહાર ન નીકળવા, નદી-નાળા અને પાણી ભરાયેલા વિસ્તારોમાં અવરજવર ટાળવા તેમજ વહીવટીતંત્ર દ્વારા સમયાંતરે આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવા અનુરોધ કરવામાં આવે છે.

એર ઈન્ડિયા 1 ઓગસ્ટ, 2026થી દિલ્હી-ટોરન્ટો ફ્લાઈટ ઈંધણ ભરવા અધવચ્ચે રોકાણની જરૂરિયાતનો અંત લાવશે અને સંપૂર્ણપણે નવું પ્રીમિયમ કેબિન ઈન્ટિરિયર ધરાવતું B787-9 વિમાનથી સેવા શરૂ કરશે

(એજન્સી) અમદાવાદ | તા 23

એર ઈન્ડિયાએ આજે પોતાની દિલ્હી-ટોરન્ટો સર્વિસમાં મહત્વપૂર્ણ અપગ્રેડ જાહેર કર્યું હતું, જે અંતર્ગત 1 ઓગસ્ટ, 2026થી આ રુટ પર કંપનીનું નવું બોઈંગ 787-9 વિમાન ઉડશે. એનાથી એરલાઈનની વિયેનામાં ઈંધણ ભરાવવા માટે રોકાણની જરૂરિયાતનો અંત આવશે અને સર્વિસ નૉન-સ્ટૉપ ચાલશે. ઈંધણ ભરાવવા માટે રોકાણની જરૂરિયાતનો અંત લાવવા ઉપલબ્ધ એરસ્પેસ પર નિર્ભર કરશે. એનો ઉદ્દેશ દિલ્હીથી ટોરન્ટો વચ્ચે હાલ સફરનો સમય આશરે 20 કલાક (જેમાં ઈંધણ ભરાવવા માટે રોકાણનો સમય પણ શામેલ છે)નો સમય ઘટાડીને 17 કલાક કરવાનો છે. એટલે સંપૂર્ણ સફરના સમયમાં અંદાજે ત્રણ કલાકનો ઘટાડો થશે. ટોરન્ટો-દિલ્હીથી રિટર્ન સર્વિસ નૉન-સ્ટૉપ ચાલશે, જેમાં 16 કલાકનો સમય લાગશે. એર ઈન્ડિયા માટે ખાસ બનાવવામાં આવેલું નવું બોઈંગ વિમાન 787-9નો ઉપયોગ ભારત અને કેનેડા વચ્ચે સફરને ઝડપી અને વધારે સુવિધાજનક બનાવશે. સાથે સાથે, એનાથી એર ઈન્ડિયાની ઑનબોર્ડ લેટેસ્ટ સુવિધાઓ અને પ્રીમિયમ ટ્રાવેલ અનુભવો પહેલી વાર કેનેડામાં ઉપલબ્ધ થશે. જ્યારે 1 ઓગસ્ટ, 2026થી એર ઈન્ડિયા દિલ્હી અને ટોરન્ટો વચ્ચે દરરોજ ઉડાન ભરશે, ત્યારે હાલ અઠવાડિયામાં પાંચ ફ્લાઈટ ઉડાન ભરે છે. એરલાઈને જૂન અને જુલાઈ વચ્ચે આ રુટ પર ફ્લાઈટની સંખ્યા કામચલાઉ ધોરણે ઓછી કરી દીધી હતી, જેનું કારણ ઈંધણની કિંમતોમાં ઊંચો વધારો અને મોટો ભૂરાજકીય ઘટનાક્રમ હતો, જેનાથી ફ્લાઈટની સંચાલન કરવાની સ્થિતિને અસર થઈ હતી. એર ઈન્ડિયાના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર અને મેનેજિંગ ડિરેક્ટર કેમ્પબેલ વિલ્સને કહ્યું હતું : "કેનેડામાં દુનિયામાં સૌથી મોટો અને સૌથી જીવંત ભારતીય ડાયસ્પોરા સમુદાયો વસે છે તથા ટોરન્ટો લાંબા સમયથી એર ઈન્ડિયાનું સૌથી મહત્વપૂર્ણ ઈન્ટરનેશનલ ગેટવે પૈકીનું એક છે. જેમ જેમ અમે એર ઈન્ડિયાને વર્લ્ડ-ક્લાસ ગ્લોબલ એરલાઈનમાં બદલી રહ્યાં છીએ, તેમ તેમ અમે મુખ્ય ઈન્ટરનેશનલ રુટ પર અમારાં નવાં વિમાનો અને લેટેસ્ટ કેબિન ઉત્પાદનોની ઉપલબ્ધતા સતત વધારી રહ્યાં છીએ. દિલ્હી-ટોરન્ટો રુટ પર અમારાં નવા બોઈંગ 787-9ની શરૂઆત વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે, જેથી ભારત અને કેનેડા વચ્ચે સફર કરનાર ગ્રાહકોને શ્રેષ્ઠ અનુભવ મળશે અને સાથે સાથે ઉત્તર અમેરિકામાં અમારી સૌથી પ્રીમિયમ સર્વિસનું વિસ્તરણ થશે."

કરજણ ડેમનું રૂલ લેવલ જાળવવા 5 દરવાજા 2.60 મીટર સુધી ખોલવામાં આવ્યા

રાજપીપલા : નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના જીતગઢ ગામ ખાતે આવેલા કરજણ ડેમની પૂર્ણ જળસપાટી 115.25 મીટર છે. ચોમાસા દરમિયાન રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત રૂલ લેવલ મુજબ જળાશયનું સંચાલન કરવામાં આવે છે. આજરોજ તા. 23 જુલાઈ, 2026ના રોજ બપોરે 1:00 કલાકે કરજણ ડેમની જળસપાટી 106.22 મીટર નોંધાઈ હતી. ચાલુ માસ માટે તા. 23 જુલાઈના રોજ નિર્ધારિત 106.31

મીટરના રૂલ લેવલને જાળવવાના હેતુથી બપોરે 1:10 કલાકથી કરજણ ડેમના 4 દરવાજા 2.60 મીટર (260 સેન્ટીમીટર) સુધી ખોલવામાં આવ્યા છે. ત્યારબાદ તેમાં વધુ એક દરવાજો 2.30 કલાકે 2.60 મીટર સુધી ખોલવામાં આવ્યો હતો. આમ હાલમાં કુલ 5 દરવાજા ખોલવામાં આવતા કરજણ નદીમાં હાલ 43,110 ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે. કરજણ ડેમના હેઠવાસમાં આવેલા નાંદોદ તાલુકાના રાજપીપલા, ભદામ, ભચરવાડા, હજરપુરા, ધાનપોર અને ધમણાચા સહિતના ગામોના નાગરિકોને ખાસ સાવચેત રહેવા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. નદીના પટમાં અવરજવર ન કરવા, નદી કિનારે અનાવશ્યક ભીડ એકત્રિત ન કરવા, પશુઓને નદી તરફ ન લઈ જવા તેમજ માછીમારી સહિતની પ્રવૃત્તિઓથી દૂર રહેવા સૂચના આપવામાં આવે છે. નાગરિકોને જિલ્લા વહીવટીતંત્ર અને સંબંધિત વિભાગો દ્વારા સમયાંતરે આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવા તેમજ અફવાઓથી દૂર રહેવા અનુરોધ કરવામાં આવે છે.

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વડોદરા દ્વારા નવનિર્મિત શોપ-કમ-ગોડાઉનોનો લોકાર્પણ સમારોહ

વડોદરા : ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વડોદરા દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલ માર્કેટયાર્ડ, સયાજીપુરા ખાતે નવનિર્મિત શોપ-કમ-ગોડાઉનોનો ભવ્ય લોકાર્પણ સમારોહ આવતીકાલે તા. ૨૪-૦૭-૨૦૨૬ ને શુક્રવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે આયોજિત કરવામાં આવ્યો છે. ખેડૂતો અને કૃષિ પેદાશોના વેપારીઓની માળખાગત સુવિધાઓમાં વધારો કરવાના ઉમદા હેતુથી નિર્માણ પામેલા આ આધુનિક શોપ-કમ-ગોડાઉનોનું લોકાર્પણ રાજ્યના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીના અધ્યક્ષસ્થાને સંપન્ન થશે.

હરિત ઝવેરી જ્વેલર્સ રજૂ કરે છે તેનું સિગ્નેચર હેરિટેજ કલેકશન – 'સાંજ', જે શાશ્વત કારીગરી, શ્રેષ્ઠ ગુણવત્તા અને ઉત્તમ મૂલ્યનો અનોખો સમન્વય છે.

(એજન્સી) અમદાવાદ | તા 23

તૈયાર થતી વખતેની એ નાની-નાની પળો... માતા પોતાના હાથે દીકરીના ગળામાં હાર પહેરાવે છે, ફોટોગ્રાફ્સ વચ્ચે સખીઓ ચુડીઓ અને વાળ સરખા કરે છે, મંડપમાં પ્રવેશ કરતાં પહેલાની શાંત ક્ષણ અને અચાનક ગુંજી ઊઠતું હાસ્ય–આવી જ સુંદર યાદો જીવનની સૌથી ખાસ ક્ષણોને તમારી પોતાની વાર્તાનો હિસ્સો બનાવી દે છે.આ જ ભાવનાઓને ધ્યાનમાં રાખીને હરિત ઝવેરી જ્વેલર્સે તેનું નવું બ્રાઇડલ કલેકશન 'સાંજ' રજૂ કર્યું છે. આ કલેકશન આજના સમયના લગ્ન સમારંભોની બદલાતી વિચારધારાને પ્રતિબિંબિત કરે છે, જ્યાં લગ્ન વધુ આત્મીય, ભાવનાત્મક અને વ્યક્તિગત અનુભવ બની ગયા છે.આ કલેકશન ભારતની સમૃદ્ધ પરંપરાઓથી પ્રેરિત છે અને સાથે સાથે આજની આધુનિક વધૂની પસંદગી અને વ્યક્તિત્વને પણ પ્રતિબિંબિત કરે છે. આજની વધૂ એવા આભૂષણો પસંદ કરવા ઈચ્છે છે, જે તેની ઓળખ, ભાવનાઓ અને જીવનકથાને સુંદર રીતે વ્યક્ત કરે.22 કેરેટ સોનામાં તૈયાર કરાયેલા આ કલેકશનમાં અનકટ પોલ્કી અને કુન્દનથી સજાયેલા ભવ્ય બ્રાઇડલ નેકલેસ, સ્ટેટમેન્ટ ચોકર્સ, મંદિર શૈલીથી પ્રેરિત ઝુમકા, નકશીકામવાળી બંગડીઓ, આકર્ષક કફ્સ, કોકટેલ રિંગ્સ તેમજ એમરાલ્ડ ગ્રીન એનામેલ, રૂબી એક્સેન્ટ્સ અને પરંપરાગત મોટિફ્સની સુંદર કારીગરીનો સમાવેશ થાય છે. દરેક ડિઝાઇનનો પોતાનો એક વિશિષ્ટ હેતુ છે. હેન્ડક્રાફ્ટેડ ગોલ્ડ વર્ક, ફ્લોરલ નકશીકામ અને એનામેલની કલાત્મકતા સાથે મળીને એવા આભૂષણો સર્જાય છે, જે પરંપરાનું સન્માન

કરે છે અને આધુનિકતાનો સહજ અનુભવ પણ કરાવે છે.આ કલેકશન પ્રી-વેડિંગ વિધિઓથી લઈને લગ્ન સમારંભ અને ત્યારબાદના દરેક ઉત્સવ સુધી દરેક પ્રસંગે સરળતાથી પહેરી શકાય તે રીતે ડિઝાઇન કરવામાં આવ્યું છે. સાથે જ તે હરિત ઝવેરી જ્વેલર્સની ઉત્કૃષ્ટ કારીગરી અને ભારતીય સાંસ્કૃતિક વારસાને પણ સુંદર રીતે રજૂ કરે છે.પરંપરાગત કારીગરીને જાળવી રાખવાના પોતાના સંકલ્પ સાથે હરિત ઝવેરી જ્વેલર્સ નવી પેઢી માટે વિશેષ બ્રાઇડલ જ્વેલરી તૈયાર કરી રહ્યું છે. આ કલેકશનમાં નેકલેસ, ઈયરરિંગ્સ, બંગડીઓ, રિંગ્સ અને સ્ટેટમેન્ટ જ્વેલરીનો સમાવેશ થાય છે, જેને લગ્ન, તહેવારો અને અન્ય વિશેષ પ્રસંગો ઉપરાંત રોજિંદા જીવનની ખાસ પળોમાં પણ સરળતાથી પહેરી શકાય તે રીતે ડિઝાઇન કરવામાં આવી છે.દરેક આભૂષણ શ્રેષ્ઠ તકનીકો અને કાળજીપૂર્વક પસંદ કરાયેલી ઉચ્ચ ગુણવત્તાવાળી સામગ્રીનો ઉપયોગ કરીને હાથથી તૈયાર કરવામાં આવે છે, જેથી તેની ગુણવત્તા, મજબૂતી અને લાંબા સમય સુધી ટકી રહેતી સુંદરતા સુનિશ્ચિત થાય. ભારતની સમૃદ્ધ જ્વેલરી પરંપરાથી પ્રેરિત આ કલેકશન એવા ગ્રાહકો માટે તૈયાર કરવામાં આવ્યું છે, જે પ્રામાણિકતા, ઉત્કૃષ્ટ કારીગરી અને જીવનની સૌથી સુંદર યાદો સાથે જોડાયેલા ભૂષણોને મહત્વ આપે છે.હરિત ઝવેરી જ્વેલર્સના સંયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી હરિત ઝવેરી કહે છે:હરિત ઝવેરી જ્વેલર્સમાં અમારો હંમેશાં વિશ્વાસ રહ્યો છે કે બ્રાઇડલ જ્વેલરી માત્ર એક આભૂષણ નથી, પરંતુ વધૂની વ્યક્તિગત ઓળખ અને તેની જીવનકથાનું પ્રતિબિંબ છે. અમારા ઘણા ગ્રાહકો સ્વાભાવિક રીતે એવા અનોખા ડિઝાઇન્સ પસંદ કરે છે, જે તેમના વ્યક્તિત્વ સાથે સુસંગત હોય અને વર્ષો સુધી તેમની યાદોનો એક ભાગ બની રહે. આ પોલ્કી કલેકશન દ્વારા અમારો હેતુ ઉત્કૃષ્ટ કારીગરીનો ઉત્સવ ઉજવવાનો હતો. તેમાં એમરાલ્ડનો સમૃદ્ધ ઉપયોગ કરવામાં આવ્યો છે, જે વધૂના વિવિધ પરિધાનો સાથે સુંદર રીતે મેળ ખાય છે અને તેના સમગ્ર લુકને વધુ આકર્ષક બનાવે છે. સૌથી મહત્વની વાત એ છે કે ગુણવત્તા અમારા દરેક ડિઝાઇનનું મૂળ છે, કારણ કે અમારો વિશ્વાસ છે કે આભૂષણો પણ તેમની સાથે જોડાયેલી યાદો અને ભાવનાઓ જેટલાં જ શાશ્વત હોવા જોઈએ.'હરિત ઝવેરી જ્વેલર્સ ઉત્કૃષ્ટ કારીગરી, શ્રેષ્ઠ ગુણવત્તા અને વાજબી કિંમતો પ્રદાન કરવાની પોતાની પ્રતિબદ્ધતા પર અડગ છે, જેથી દરેક ગ્રાહક વિશ્વાસ અને શ્રેષ્ઠતાના અનુભવ સાથે સુંદર આભૂષણોનો આનંદ માણી શકે.સ્ટોરનું સરનામું:હરિત ઝવેરી જ્વેલર્સઅક્ષર કોમ્પ્લેક્સ, ગ્રાઉન્ડ ફ્લોર,શિવરંજની ક્રોસ રોડ, સેટેલાઇટ,અમદાવાદ, ગુજરાત - 380015સોશિયલ મીડિયા હેન્ડલ્સ: Instagram: @ haritzaverijewellersFacebook: Harit Zaveri Jewellers

કલ્યાણ જ્વેલર્સે 'અંતરા' કલેક્શન માટે નવી ઝુંબેશ રજૂ કરતાં અભિનેત્રી સારા અલી ખાનને બ્રાન્ડ એમ્બેસેડર બનાવી

(એજન્સી) અમદાવાદ | તા 23

ભારતની અગ્રણી અને સૌથી વિશ્વસનીય જ્વેલરી બ્રાન્ડ પૈકી એક કલ્યાણ જ્વેલર્સે બોલિવૂડ અભિનેત્રી સારા અલી ખાનને નવી બ્રાન્ડ એમ્બેસેડર બનાવી હોવાની જાહેરાત કરી છે. આ ખાસ ભાગીદારીની શરૂઆત અંતરા કલેક્શનની મનમોહક મલ્ટિ-મીડિયા ઝુંબેશ સાથે થઈ છે, જેમાં નેચરલ ડાયમંડ્સની ઉત્કૃષ્ટ જ્વેલરી રજૂ કરવામાં આવી છે. આ ઝુંબેશની ફિલ્મ એવી આધુનિક નારીને સમર્પિત છે જે પોતાની સફળતા અને અનોખી યાત્રાને ખૂબ જ આત્મવિશ્વાસ અને ખુશીથી જીવે છે. જેમાં ગઈકાલે જોયેલા સપના જ્યારે વાસ્તવિકતા બને છે, ત્યારે તેનો જે સુંદર અનુભવ થાય છે, તેને આ ફિલ્મમાં ખૂબ જ સુંદર રીતે વણી લેવાયો છે. યુરોપિયન શૈલીના રસ્તાઓ અને સુંદર કાફેના બેકડ્રોપ સાથે તૈયાર કરાયેલી આ ફિલ્મ એવી

સ્ત્રીની વાર્તા દર્શાવે છે, જે તેના જીવનની પ્રત્યેક ક્ષણને દર્શાવતા તેની નાની-મોટી જીતની ઉજવણી કરે છે. આ ફિલ્મમાં સારા અલી ખાન આજની એવી ભારતીય મહિલાઓનું પ્રતિનિધિત્વ કરે છે જે આત્મવિશ્વાસુ છે, પોતાની પરંપરાઓ સાથે જોડાયેલી હોવા છતાં આધુનિક વિચારસરણી ધરાવે છે. આ ઝુંબેશ પારંપરિક પદ્ધતિઓથી અલગ હટીને ઉત્સાહ અને આનંદથી ભરપૂર છે. વિન્ટેજ કારની સવારીથી લઈને મિત્રો સાથે જન્મદિવસની ઉજવણી સુધી સારા અલી ખાન દરેક ક્ષણને ખાસ બનાવતી જોવા મળે છે. અંતરા કલેક્શન દરેક મહિલાના રોજિંદા જીવનની સફળતા અને તેના આત્મવિશ્વાસને એક નવી ચમક આપે છે. તે સ્ત્રીત્વને તેના સૌથી મુક્ત સ્વરૂપમાં ઉજવે છે, જ્યાં નેચરલ ડાયમંડ્સ એક ઉભરતી વાર્તાનું અભિન્ન ભાગ બની જાય છે, જે ગર્વ અને આત્મવિશ્વાસની ઊંડી ભાવનાને પ્રતિબિંબિત કરે છે.

આજનું રાશિ ભવિષ્ય

મેષ : અ. લ. ઈ.

તમારા વિચારોને કેટલાક હકારાત્મક વિચારોમાં વાળો કેમ કે તમે ભયના ડરામણા દૈત્ય સામે લડી રહ્યા છો, અન્યથા તમે આ કટ્ટર દૈત્યના નિષ્ક્રિય તથા આસાન ભોગ બની જશો. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં- તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે.

વૃષભ : બ. વ. ઉ.

મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો। મિત્રો દ્વારા તમે મહત્વના સંપર્કો બનાવશો. તમારા જીવનસાથી આજે આખો દિવસ તમારા વિશે જ વિચારશે.

મિથુન : ક. છ. ઘ.

તમારા સ્વાસ્થ્યમાં સુધારાને લગતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે શ્રેષ્ઠ દિવસ. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. તમારા રૉમેન્ટિક અભિપ્રાયોને જાહેર ન કરો.

કર્ક : ડ. હ.

સતત હકારાત્મક રીતે વિચારવાનો તમારો ગુણ તમને વળતર અપાવશે. કેમ કે તમે તમારા પ્રયાસમાં સફળ થવાના છો. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. પરિવારના સભ્યો સાથેના સામાજિક મેળાવડા બધાને સારા મૂડમાં રાખશે.

સિંહ : મ. ટ.

મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની દરકાર લેવાની જરૂર. આગળ જતાં જેનું મૂલ્ય વધવાનું છે એવી ચીજ ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ. કોઈક નવા-સવા પરિચયમાં આવેલા સાથે તમારી અંગત બાબતો શૅર કરતા નહીં. તમારા પ્રિયપાત્ર સાથે સમજદારી.

કન્યા : પ. ઠ. ણ.

તમારૂ મંતવ્ય વ્યક્ત કરતા અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો તથા સમસ્યા સાથે પનારો પાડવા ખુલ્લા દિલે સ્મિત કરો.

તુલા : ર. ત.

તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે.

વૃશ્ચિક : ન. ય.

આજનો દિવસ તમારી માટે બહુ ઊર્જાવાળો નથી અને તમે નાની-નાની બાબતોમાં ચીડાઈ જશો. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. આજે તમે જે સામાજિક મેળાવડામાં સહભાગી થવાના છો તેમાં તમે આકર્ષણનું કેન્દ્ર હશો.

ધન : ભ. ધ. ફ. ઢ.

સંતપુરૂષ પાસેથી મળેલું દિવ્ય જ્ઞાન તમને આશ્વાસન અને રાહત પૂરી પાડશે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો। ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશો ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે અન્યોની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો.

મકર : ખ. જ.

તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો.

કુંભ : ગ. સ. શ. ષ.

તમારા સ્વાસ્થ્ય ખાતર બૂમાબૂમ કરશો નહીં. આર્થિક સમસ્યાઓ રચનાત્મક રીતે વિચારવાની તમારી ક્ષમતાને હાનિ પહોંચાડશે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે.

મીન : દ. ચ. ઝ. થ.

કશુંક કરવાની તમારી અનિચ્છા તમને લાગણીશીલ તથા માનસિક અભિગમનો શિકાર બનાવશે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. કલ્પનાઓ કે તરંગ-તુક્કા પાછળ દોડશો નહીં તથા વધુ વાસ્તવવાદી બનવાનો પ્રયાસ કરો.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શતાબ્દીવર્ષ ઉજવણી અંતર્ગત પંચ પ્રકલ્પરૂપી પરિવર્તન વિષયે યોજાયુ વ્યાખ્યાન

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલય ખાતે આજે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં શતાબ્દીવર્ષની ઉજવણી અંતર્ગત પંચ પ્રકલ્પરૂપી પરિવર્તન વિષયે વિશેષ વ્યાખ્યાન યુનિ.નાં કૂલપતિ પ્રો.(ડૉ.) પ્રતાપસિંહજી ચૌહાણની અધ્યક્ષતામાં યોજાયુ હતુ. વ્યાખ્યાન સમારોહને દિપ પ્રાકટ્યથી પ્રારંભ કરાવતા કુલપતિ પ્રો. (ડૉ.) પ્રતાપસિંહજી ચૌહાણે જણાવ્યુ હતુ કે રાષ્ટ્રવાદી વિચારો, આદર્શો અને અથાક મહેનત દ્વારા વિદેશી આક્રમણકારો સામે અસંખ્ય સ્વયંસેવકો રાષ્ટ્રને સંગઠિત અને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા કરી છે. આપણાં દેશબાંધવો અને ભગીનીઓ પાત્રની શુદ્ધતા સાથે રાષ્ટ્રવાદી મૂલ્યો, સંસ્કારો, શિસ્તબદ્ધતા, એકતાની સાથો સાથ સમાજ અને રાષ્ટ્ર નિર્માણની તેમની કલ્પના ભારતના રાષ્ટ્રવાદની આત્મા બની આજે વિશ્વ ફલકે રાષ્ટ્રને ઉન્નત માર્ગે લઈ જવા અથાગ જહેમત ઉઠાવી રહ્યા છે, ત્યારે રાષ્ટ્ર સમર્પણની ભાવના સાથે રાષ્ટ્રહિતની પ્રવૃત્તિ આગળ ધપાવનાર આપણાં રાષ્ટ્રીયસેવક સંઘનાં કાર્યકર્તાઓ આજની યુવા પેઢી માટે હંમેશા પ્રેરણાનું એક અનન્ય સ્રોત બની રહ્યા છે. રાષ્ટ્રને ઉન્નત માર્ગે લઈ જવા માટે આપણે પંચ પ્રકલ્પરૂપી પરિવર્તન સ્વસ્થતા અને સ્વાભિમાન માટે સેવા, સર્વશિક્ષા, સામાજિક એકતા અને સહકાર, પરંપરાગત મૂલ્યો અને સંસ્કૃતિનું જતન, વન અને પર્યાવરણનું સંવર્ધન જેવી જીવનોપયોગી વાતોને આત્મસાત કરી રાષ્ટ્ર નિર્માણમાં સહયોગી બની રહીએ. આ વ્યાખ્યાનમાળાનાં મુખ્ય વક્તા અને

જૂનાગઢ જિલ્લા સમરસતા સંયેજકની જવાબદારી વહન કરતા નિવૃત પ્રિન્સીપાલ ધિરૂભાઈ શીસાંગીયાએ સંઘનો પરિચય આપતા જણાવ્યુ હતુ કે રાષ્ટ્ર ઉનન્તિનાં શિખરો સર કરે એ દિશમાં શરૂ થયેલ વિચારક્રાંતી ૧૦૦ વર્ષ પૂર્ણ કરી રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (RSS) તરીકે કાર્ય કરી રહ્યુ છે, ૧૯૨૫માં ડૉ. હેડગીવાડકર દ્વારા સ્થાપિત થયેલ સંઘનું મુખ્ય લક્ષ્ય ભારતીય સંસ્કૃતિ, સમાજ સેવા અને રાષ્ટ્રવાદી ભાવનાઓનું પ્રચાર અને પ્રસરાવ છે. જે દેશભક્તિ, સાંસ્કૃતિક આધિકાર અને સમાજસેવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સ્થાનિક સ્તરે શાળાઓ, વર્કશોપ્સ અને તાલીમ કાર્યક્રમોનું આયોજન કરીને યુવાનો માં સમાજસેવા અને લોકજાગૃતિ ભાવ પ્રેરિત કરે છે. સામાજિક સમસ્યાઓ સામે લડવા, આરોગ્ય, શૈક્ષણિક અને અન્ય સેવાઓ પૂરી પાડવા માટે સ્વયંસેવકો કાર્યરત હોય છે. યુવાનોમાં નૈતિક મૂલ્યો, અને સામાજિક જવાબદારીનું નિર્માણ કરે છે. આ પ્રસંગે જિલ્લા સંપર્ક પ્રમુખ અને બહાઉદ્દિન કોલેજનાં ઉપાચાર્ય ડૉ.મનીષ જાનીએ સર્વશિક્ષા અંતર્ગત યુવાઓને સમાજનાં અશિક્ષિત વડીલોને સાક્ષરતા પ્રદાન કરવા આહવાન કર્યુ હતુ. પરંપરાગત મૂલ્યો અને સંસ્કૃતિનું જતનમાં યુવાઓનાં યોગદાન વિશે સમજ આપી હતી.સમાજમાં ભાઈચારા અને એકતાનું સંદેશ પ્રસારિત થાય તે દિશામાં વિદ્યાર્થીઓને જાગૃતિ સંદશો પાઠવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા સેવા પ્રમુખ શૈલેષભાઈ ચૌહાણ, યુનિ.નાં વિવિધ ભવનોનાં વિભાગાધ્યક્ષશ્રીઓ, અધ્યાપકગણ, અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઉપસ્તિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડૉ. પરાગ દેવાણીએ સંભાળ્યુ હતુ.

વડોદરાનો ફતેગંજ બ્રિજ બ્લેક સ્પોટ બન્યો, વધુ એક અકસ્માતમાં બે કાર ભટકાતાં ટ્રાફિક જામ

વડોદરા | વડોદરાના ફતેગંજ બ્રિજ બ્લેક સ્પોટ બની ગયો છે. આજે વધુ એક અકસ્માતનું બનાવ બનતા બે કારને નુકસાન થયું હતું અને ટ્રાફિક પણ જામ થયો હતો. ફતેગંજ બ્રિજ ઉપર છેલ્લા કેટલાક સમયથી અકસ્માતો ની હારમાળા ચાલી રહી હોવાથી પોલીસ દ્વારા પગલાં લેવામા આવી રહ્યા છે. બે દિવસ પહેલા જ બે બસ અને ત્રણ કાર ભટકાઈ હોવાનો બનાવો બન્યા બાદ આજે સવારે વરસાદમાં વધુ એક અકસ્માતનો બનાવ બનતા વાહન ચાલકો અટવાયા હતા. પ્રાપ્ત વિગતો મુજબ ફતેગંજ બ્રીજ ઉપર આજે ધડાકા ભેર બે કાર ભટકાતા બંને કારને નુકસાન થયું હતું. ત્યાર પછી ટ્રાફિક જામ થતાં ખુદ ટ્રાફિકના એસીપી અને પી.આઈ સહિતની ટીમો દોડી આવી હતી અને તરત જ ટ્રાફિક પૂર્વવત કર્યો હતો.ટ્રાફિક વિભાગના જણાવ્યા પ્રમાણે કોર્પોરેશન દ્વારા કેટલીક કામગીરી પૂર્ણ થવા આવી છે ત્યારબાદ આ બ્રિજ ઉપર વાહન વ્યવહાર ના નડતર દૂર થઈ જશે.

હાલારમાં ચાંદીપુરા વાયરસનો ભય: વધુ બે શંકાસ્પદ બાળ દર્દીઓના સારવાર દરમિયાન મૃત્યુથી હાહાકાર

જામનગર | જામનગરની જી.જી. હૉસ્પિટલમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ કેસોમાં દેવભૂમિ દ્વારકાના 2 બાળકો સહિત કુલ 3 બાળકોના મૃત્યુ થયા છે. અત્યાર સુધીમાં 6 શંકાસ્પદ બાળ દર્દીઓને દાખલ કરાયા હતા, જેમાંથી 3ના મોત થયા. હાલ 3 બાળકો સારવાર હેઠળ છે. જામનગરના બાળકોના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે, જ્યારે દ્વારકાના સેમ્પલની રાહ જોવાઈ રહી છે. આરોગ્ય વિભાગે સતર્ક રહેવા અને લક્ષણો જણાય તો તાત્કાલિક સારવાર લેવા અપીલ કરી છે. જામનગરની સરકારી જી.જી. હૉસ્પિટલમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ કેસોને લઈને સારવાર ચાલી રહી છે. આજે સારવાર દરમિયાન દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકાના એક બાળક તથા કલ્યાણપુરના એક બાળક સહિત બે બાળકોના મૃત્યુ નીપજતાં આરોગ્ય તંત્રમાં ચિંતા વ્યાપી છે.જી.જી. હૉસ્પિટલમાં અત્યાર સુધીમાં ચાંદીપુરાના શંકાસ્પદ કુલ છ બાળ દર્દીઓને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. તેમાં સૌપ્રથમ જામનગરના એક શંકાસ્પદ ચાંદીપુરાના કેસના સંદર્ભમાં દાખલ થયેલા એક બાળદર્દીના મૃત્યુના બનાવ પછી આજે મૃત્યુ પામેલા દેવભૂમિ દ્વારકાના બે બાળકો સહિત કુલ ત્રણ બાળકોના મોત થયા છે. મૃત્યુ પામેલા બાળકોમાં જામનગર જિલ્લાના એક બાળક તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાના બે બાળકોનો સમાવેશ થાય છે. હાલ હૉસ્પિટલમાં વધુ ત્રણ બાળકો સારવાર હેઠળ છે, જેમાં જામનગર શહેરનો એક તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાના બે બાળકોનો સમાવેશ થાય છે.

મોબાઈલમાં અચાનક ગુંજ્યો 'Extremely Severe Alert', સુરતીઓમાં ચિંતા અને ચર્ચાનો માહોલ

સુરત | છેલ્લા કેટલાક દિવસોથી ભારે વરસાદ, ખાડીપુર અને પાણી ભરાવાની આફતનો સામનો કરી રહેલા સુરતીઓ માટે ગુરુવારે બપોરે મોબાઈલમાં અચાનક ગુંજેલા 'Extremely Severe Alert'એ ચિંતા વધારી દીધી હતી. લાખો મોબાઈલ પર એકસાથે ફ્લેશ થયેલા આ ઈમરજન્સી એલર્ટ અને તેની તીવ્ર ટોને લોકોને ક્ષણભર માટે ગભરાવી દીધા હતા. બાદમાં SDMA દ્વારા આગામી 24 કલાક માટે અતિભારે વરસાદની ચેતવણી હોવાનું જાણવા મળતાં શહેરભરમાં આ એલર્ટ ચર્ચાનો વિષય બન્યો હતો. સોશિયલ મીડિયામાં તેના સ્ક્રીનશોટ વાયરલ થયા હતા, જ્યારે લોકો એકબીજાને ફોન કરીને પણ આ સંદેશ વિશે પૂછપરછ કરતા જોવા મળ્યા હતા.ગુરુવારે બપોરે સુરત સહિત ગુજરાતના 11 જિલ્લા માં અચાનક હજારો નહીં પરંતુ લાખો મોબાઈલ ફોન પર એકસાથે આ ઈમરજન્સી એલર્ટ પહોંચતા લોકોમાં થોડા સમય માટે આશ્ચર્ય અને ગભરાટનો માહોલ સર્જાયો હતો. સામાન્ય SMS થી અલગ આ સેલ બ્રોડકાસ્ટ એલર્ટ સીધું મોબાઈલની સ્ક્રીન પર મોટા પોપ-અપ સ્વરૂપે દેખાયું હતું અને તેની સાથે ખાસ ઈમરજન્સી એલર્ટ ટોન પણ વાગી હતી. પરિણામે ઘણા લોકોને શરૂઆતમાં કોઈ મોટી કુદરતી આપત્તિ કે અન્ય ગંભીર ઘટના બની હોવાની શંકા થઈ હતી.ન છૂટાછવાયા સ્થળોએ અતિભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી.

એઈમ્સમાં ચાંદીપુરા વાયરસની 'કુંડળી' શોધવા સંશોધન 561 સેમ્પલનું પરીક્ષણ

રાજકોટ: રાજ્યભરમાં ચાંદીપુરા વાયરસના વધી રહેલા કેસો અને સંભવિત ખતરાને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગમાં દોડધામ થઈ ગઈ છે ત્યારે રાજકોટ સ્થિત ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ મેડિકલ સાયન્સ (એઈમ્સ હોસ્પિટલ) ખાતે ચાંદીપુરા વાયરસના નિદાન માટે એક અત્યંત અદ્યતન અને હાઈ-ટેક લેબોરેટરી કાર્યરત કરવામાં આવી છે. અહીં અત્યાધુનિક સાધનોની મદદથી શંકાસ્પદ લક્ષણો ધરાવતા દર્દીઓના સેમ્પલનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે અને સાથે જ 'ચાંદીપુરા' વાયરસની 'કુંડળી' શોધવા માટે વિશેષ સંશોધન પણ શરૂ કરવામાં આવ્યું છે.રાજકોટ એઈમ્સ ખાતે વાયરસના સમયસર અને ચોક્કસ નિદાન માટે અત્યાધુનિક આરટી પીસીઆર (રીઅલ ટાઈમ પોલીમર્સ ચેઈન રીએક્શન) આધારિત લેબોરેટરી ફેસિલિટી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ લેબમાં સેમ્પલનું પરીક્ષણ કરવા માટે પુણે સ્થિત નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ વાયરોલોજી (એનઆઈવી) દ્વારા ખાસ ટેસ્ટિંગ કિટ્સ પૂરી પાડવામાં આવી છે. આ અદ્યતન ટેકનોલોજીના માધ્યમથી શંકાસ્પદ દર્દીઓના રિપોર્ટ ખૂબ જ ઓછા સમયમાં મેળવી શકાતા હોવાથી ડોક્ટરોને દર્દીની સારવાર શરૂ કરવામાં ઘણી સરળતા રહે છે.એઈમ્સ ખાતે અત્યાર સુધીમાં કુલ ૫૬૧ સેમ્પલના સેમ્પલ ટેસ્ટિંગ કરવામાં આવ્યા છે. સૌથી રાહતની અને આનંદની વાત એ છે કે આ તમામ ૫૬૧ સેમ્પલના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. આમ છતાં, કોઈપણ કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે એઈમ્સ અને રાજકોટ સિવિલ હોસ્પિટલનું તબીબી તંત્ર તૈયાર છે.બીજી તરફ માત્ર દર્દીઓની તપાસ પૂરતું મર્યાદિત ન રહેતા રાજકોટ એઈમ્સ ખાતે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડીકલ રીસર્ચ (આઈસીએમઆર) દ્વારા વિશેષ ફંડ ફાળવવામાં આવતા ચાંદીપુરા વાયરસ અંગે વિશેષ સંશોધન પણ ચાલી રહ્યું છે. આ રિસર્ચનો મુખ્ય હેતુ વાયરસના ફેલાવા પાછળના કારણો, તેના લક્ષણો, અને તેના અસરકારક ઉપચારો વિશે ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાનો છે, જેથી ભવિષ્યમાં આ રોગચાળાને વધુ સારી રીતે ડામી શકાશે.

સંખેડા તાલુકામાં ભારે વરસાદને કારણે ઢાઢર નદીમાં પૂર

રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

સંખેડા તાલુકામાં ભારે વરસાદને કારણે ઢાઢર નદીમાં પૂર આવ્યું છે. આના પરિણામે કંટેશ્વર અને કાળી તલાવડી ગામો વચ્ચેનો સંપર્ક તૂટી ગયો છે, જેનાથી ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા છે.ગત રાત્રીથી પડેલા સતત વરસાદને કારણે ઢાઢર નદીના બોબેડ કોતરમાં પાણીનો પ્રવાહ વધ્યો હતો. આ પાણી છલિયા પર ફરી વળતા વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે.આ માર્ગ બંધ થવાથી શાળાએ જતા બાળકો, ખેડૂતો અને દૂધ ભરવા જતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. કાળી તલાવડી ગામ જવાનો આ મુખ્ય માર્ગ હોવાથી લોકોની અવરજવર અટકી ગઈ છે.ગ્રામજનોએ તંત્ર સમક્ષ આ વાર્ષિક સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માંગ કરી છે. તેમણે વહેલી તકે વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવામાં આવે તેવી રજૂઆત પણ કરી છે.

કાલાવડની રણુજા ચોકડી ખાતે તંત્રની લાલ આંખ: 19 દબાણો પર બુલડોઝર ફરશે, લોકોએ સ્વેચ્છાએ સામાન ખસેડવાનું શરૂ કર્યું

કાલાવડ પંથકમાં ટ્રાફિક અને વાહનવ્યવહાર માટે સૌથી વધુ નડતરરૂપ બનેલા રણુજા ચોકડી વિસ્તારમાં આખરે નગરપાલિકાના તંત્રએ કડક કાર્યવાહી હાથ ધરી છે. લાંબા સમયથી રસ્તા પર થયેલા દબાણો દૂર કરવા માટે મંગળવારથી વ્યાપક ડિમોલિશન અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. નગરપાલિકા દ્વારા અગાઉથી જ આયોજનબદ્ધ રીતે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. રણુજા ચોકડી આસપાસ આવેલા ૧૯ કોમર્શિયલ તેમજ રહેણાંક મકાનો અને દુકાનોના માલિકોને અંતિમ નોટિસ પાઠવવામાં આવી હતી. નોટિસ મળ્યા બાદ મિલકતધારકોએ પણ તંત્રને સહયોગ આપતા સ્વેચ્છાએ દબાણરૂપ ભાગો દૂર કરવાની કામગીરી શરૂ કરી દીધી હતી. ગઈકાલે આખો દિવસ દુકાનદારો અને મકાનમાલિકો પોતાના વેપાર-ધંધાનો સામાન, ઘરવખરી અને અન્ય ચીજવસ્તુઓ સલામત સ્થળે ખસેડવામાં વ્યસ્ત રહ્યા હતા, જેથી ડિમોલિશન દરમિયાન નુકસાન ટાળી શકાય.

અનઅધિકૃત મદ્રેસા ચલાવતા મૌલાના સામે ગુનો નોંધાયો, ૧૦ દિવસના રિમાન્ડ મંજુર

ભાવનગર | ભાવનગર ગ્રામ્ય ડિવિઝન પોલીસે થોડાં દિવસો પૂર્વે ઘોઘામાં કોર્ડન એન્ડ સર્ચ ઓપરેશન કર્યું હતું. જે બાદ ગત રોજ સીદસર (શામપરા) વિસ્તારમાં આવેલ ૨૫ વારિયામાં પણ ફરી કોર્ડન એન્ડ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જ્યાંથી અનઅધિકૃત મદ્રેસા ચલાવતા મૌલવીની અટક કરવામાં આવ્યા બાદ વરતેજ પોલીસ મથકમાં ગુનો નોંધાયા હતો અને આરોપીને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યાં છે. બીજી તરફ પોલીસે ધાર્મિક વૈમનસ્ય પેદા કરતું સાહિત્ય કબજે કરી જુદાં-જુદાં એન્ગલથી તપાસ હાથ ધરી છે.ભાવનગર ગ્રામ્ય ડિવિઝન પોલીસે ઘોઘા બાદ ગત રોજ સિદસર (શામપરા) વિસ્તારમાં આવેલા ૨૫ વારિયા હાઉસિંગ વસાહતમાં કોર્ડન એન્ડ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ તપાસમાં અહીં ગેરકાયદે મદ્રેસા ચાલતું હોવાનું ખુલતા પોલીસે આ અનઅધિકૃત મદ્રેસાના મૌલાના મહમદ સફીક અબ્બાસભાઈ મહેડિયા (હાલ રહે. રૂમ નં.૪૬, ૨૫ વારિયા, સીદસર (શા), મુળ રહે.બાદરગઢ ગામ, તા. પાલનપુર, જી.બનાસકાંઠા)ની અટક કરી ઘરની જડતી કરતા ઘરમાંથી ધાર્મિક વૈમનસ્ય ફેલાવતું, વિવિધ ધાર્મિક સમુદાયની લાગણીને ઠેસ પહોંચાડતું, રાષ્ટ્રીય એકતા, અખંડીતતાને નુકસાન પહોંચાડતું તથા રાષ્ટ્રીય પ્રતિકોનું અપમાન થાય તેવા ઉશ્કેરણીજનક લખાણોવાળું સાહિત્ય મળી આવ્યું હતું. અરબી અને ઉર્દૂ ભાષામાં લખાયેલા સાહિત્યની ઉંડાણપૂર્વકની તપાસ પોલીસ કરી રહી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં મૌલાના પાસે આજુબાજુના વિસ્તારમાંથી ૧૫-૨૦ જેટલા બાળકો ધાર્મિક શિક્ષણ લેવા આવતા હતા ઉપરાંત તેની પાસેથી મળી આવેલા રજીસ્ટરમાં બાળક અને તેના માતા-પિતાનું નામ તથા તેમને કોઈ ધાર્મિક કાર્યક્રમમાં લઈ જવામાં આવ્યા હોય તેવી વિગતો મળી છે. આ મામલે વિગતો આપતા એએસપી ઘનશ્યામ ગૌતમે જણાવ્યું છે કે, ભાવનગરમાં રહેતા મૌલાના યુસુફ અને મૌલાના અનાસ તેને અહીં લાવ્યા હતા અને મદદ કરતા હતા. ભરૂચમાં શિખીને તે ઓક્ટોબર-૨૦૨૪થી અહીં રહેતો હતો. તેમજ કોઈ ટ્રસ્ટ દ્વારા તેને ફાઈનાન્સ કરવામાં આવતું હોવાનું જાણવા મળતા તેના ફંડિંગ તથા મદદ કરનારા લોકોની તપાસ ચાલી રહી છે.

સંખેડાના હાંડોદ ગામમાં કાદવમાં ફસાયેલી ગાયનો બહાદરપુરની એનિમલ રેસ્ક્યૂ ટીમે બચાવ કર્યો

રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

સંખેડા તાલુકાના હાંડોદ ગામમાં કાદવમાં ફસાયેલી એક ગાયનું બહાદરપુરની એનિમલ રેસ્ક્યૂ ટીમે સફળતાપૂર્વક રેસ્ક્યૂ કર્યું છે.મળતી માહિતી મુજબ, હાંડોદમાં સતત વરસાદને કારણે શ્રી મહેશભાઈ મહારાજના વાડામાં એક ગાય ઊંડા અને ચીકણા કાદવમાં ફસાઈ ગઈ હતી. ગાયના ચારેય પગ કાદવમાં ખૂંપી ગયા હતા, જેના કારણે તે ઊભી રહી શકતી ન હતી. ગ્રામજનોએ તેને બહાર કાઢવાના પ્રયાસો કર્યા હતા, પરંતુ તેઓ સફળ રહ્યા ન હતા.આ અંગે વિશાલભાઈ પટેલે બહાદરપુરની એનિમલ રેસ્ક્યૂ ટીમને જાણ કરી હતી. માહિતી મળતા જ ટીમના સચિન પંડિત, સંજયભાઈ અને લાલભાઈ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા.ટીમના સભ્યોએ દોરડા, પટ્ટા અને એક નાના ટ્રેક્ટરની મદદથી ગાયને કોઈ ઈજા ન થાય તે રીતે કાદવમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢી હતી.ગાયને સુરક્ષિત બહાર કાઢવામાં આવતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. શ્રી મહેશભાઈ મહારાજ સહિત ગામના લોકોએ રેસ્ક્યૂ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, બહાદરપુરની એનિમલ રેસ્ક્યૂ ટીમ છેલ્લા ઘણા વર્ષોથી કૂવા, ખાડા અને કાદવમાં ફસાયેલા પશુઓનું રેસ્ક્યૂ કરીને તેમના જીવ બચાવી રહી છે.

ધારાસભ્ય પી.એમ. જાડેજાએ મંદિરોમાં પ્રાર્થના, રામધૂન અને મસ્જિદોમાં ખાસ દુઆ કરવા કરી અપીલ

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

કચ્છ જિલ્લામાં ચાલુ ચોમાસા દરમિયાન વરસાદની અછત વચ્ચે અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ (પી.એમ.) જાડેજાએ સમગ્ર કચ્છવાસીઓને સારા વરસાદ માટે પોતાની-પોતાની આસ્થા મુજબ પ્રાર્થના કરવા અપીલ કરી છે.તેમણે જણાવ્યું હતું કે કચ્છના ખેડૂતો, માલધારીઓ, પશુધન અને સામાન્ય જનજીવન માટે વરસાદ અત્યંત જરૂરી છે. તેથી તમામ સમાજના ભાઈ-બહેનો પોતાના ધર્મ અને પરંપરા અનુસાર મંદિરોમાં પ્રાર્થના અને રામધૂન કરે તેમજ મુસ્લિમ સમાજના ભાઈઓ મસ્જિદોમાં વિશેષ દુઆ કરે, જેથી સમગ્ર કચ્છમાં મેઘરાજાની કૃપા વરસે.ધારાસભ્યએ વધુમાં જણાવ્યું હતું કે કુદરત સમક્ષ સૌ એક સમાન છીએ. સર્વધર્મ સમભાવ અને એકતાની ભાવના સાથે કરવામાં આવતી પ્રાર્થના સમગ્ર કચ્છની સુખાકારી, સમૃદ્ધિ અને સારા ચોમાસા માટે આશીર્વાદરૂપ બનશે.તેમણે તમામ કચ્છવાસીઓને આ પ્રાર્થના અભિયાનમાં સહભાગી બની કચ્છના ઉજ્જવળ ભવિષ્ય અને સારા વરસાદ માટે એકજૂથ થઈ પ્રાર્થના કરવાની અપીલ કરી હતી.

આજનું રાશિ ભવિષ્ય

મેષ : અ. લ. ઈ.

તમારા વિચારોને કેટલાક હકારાત્મક વિચારોમાં વાળો કેમ કે તમે ભયના ડરામણા દૈત્ય સામે લડી રહ્યા છો, અન્યથા તમે આ કટ્ટર દૈત્યના નિષ્ક્રિય તથા આસાન ભોગ બની જશો. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં- તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે.

વૃષભ : બ. વ. ઉ.

મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો મિત્રો દ્વારા તમે મહત્વના સંપર્કો બનાવશો. તમારા જીવનસાથી આજે આખો દિવસ તમારા વિશે જ વિચારશે.

મિથુન : ક. છ. ઘ.

તમારા સ્વાસ્થ્યમાં સુધારાને લગતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે શ્રેષ્ઠ દિવસ. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. તમારા રૉમેન્ટિક અભિપ્રાયોને જાહેર ન કરો.

કર્ક : ડ. હ.

સતત હકારાત્મક રીતે વિચારવાનો તમારો ગુણ તમને વળતર અપાવશે. કેમ કે તમે તમારા પ્રયાસમાં સફળ થવાના છો. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. પરિવારના સભ્યો સાથેના સામાજિક મેળાવડા બધાને સારા મૂડમાં રાખશે.

સિંહ : મ. ટ.

મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની દરકાર લેવાની જરૂર. આગળ જતાં જેનું મૂલ્ય વધવાનું છે એવી ચીજ ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ. કોઈક નવા-સવા પરિચયમાં આવેલા સાથે તમારી અંગત બાબતો શૅર કરતા નહીં. તમારા પ્રિયપાત્ર સાથે સમજદારી.

કન્યા : પ. ઠ. ણ.

તમારૂ મંતવ્ય વ્યક્ત કરતા અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો તથા સમસ્યા સાથે પનારો પાડવા ખુલ્લા દિલે સ્મિત કરો.

તુલા : ર. ત.

તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે.

વૃશ્ચિક : ન. ય.

આજનો દિવસ તમારી માટે બહુ ઊર્જાવાળો નથી અને તમે નાની-નાની બાબતોમાં ચીડાઈ જશો. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. આજે તમે જે સામાજિક મેળાવડામાં સહભાગી થવાના છો તેમાં તમે આકર્ષણનું કેન્દ્ર હશો.

ધન : ભ. ધ. ફ. ઢ.

સંતપુરૂષ પાસેથી મળેલું દિવ્ય જ્ઞાન તમને આશ્વાસન અને રાહત પૂરી પાડશે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશો ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે અન્યોની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો.

મકર : ખ. જ.

તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો.

કુંભ : ગ. સ. શ. ષ.

તમારા સ્વાસ્થ્ય ખાતર બૂમાબૂમ કરશો નહીં. આર્થિક સમસ્યાઓ રચનાત્મક રીતે વિચારવાની તમારી ક્ષમતાને હાનિ પહોંચાડશે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે.

મીન : દ. ચ. ઝ. થ.

કશુંક કરવાની તમારી અનિચ્છા તમને લાગણીશીલ તથા માનસિક અભિગમનો શિકાર બનાવશે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. કલ્પનાઓ કે તરંગ-તુક્કા પાછળ દોડશો નહીં તથા વધુ વાસ્તવવાદી બનવાનો પ્રયાસ કરો.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શતાબ્દીવર્ષ ઉજવણી અંતર્ગત પંચ પ્રકલ્પરૂપી પરિવર્તન વિષયે યોજાયુ વ્યાખ્યાન

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલય ખાતે આજે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં શતાબ્દીવર્ષની ઉજવણી અંતર્ગત પંચ પ્રકલ્પરૂપી પરિવર્તન વિષયે વિશેષ વ્યાખ્યાન યુનિ.નાં કૂલપતિ પ્રો.(ડો.) પ્રતાપસિંહજી ચૌહાણની અધ્યક્ષતામાં યોજાયુ હતુ. વ્યાખ્યાન સમારોહને દિપ પ્રાકટ્યથી પ્રારંભ કરાવતા કુલપતિ પ્રો. (ડો.) પ્રતાપસિંહજી ચૌહાણે જણાવ્યુ હતુ કે રાષ્ટ્રવાદી વિચારો, આદર્શો અને અથાક મહેનત દ્વારા વિદેશી આક્રમણકારો સામે અસંખ્ય સ્વયંસેવકો રાષ્ટ્રને સંગઠિત અને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા કરી છે. આપણાં દેશબાંધવો અને ભગીનીઓ પાત્રની શુદ્ધતા સાથે રાષ્ટ્રવાદી મૂલ્યો, સંસ્કારો, શિસ્તબદ્ધતા, એકતાની સાથો સાથ સમાજ અને રાષ્ટ્ર નિર્માણની તેમની કલ્પના ભારતના રાષ્ટ્રવાદની આત્મા બની આજે વિશ્વ ફલકે રાષ્ટ્રને ઉન્નત માર્ગે લઈ જવા અથાગ જહેમત ઉઠાવી રહ્યા છે, ત્યારે રાષ્ટ્ર સમર્પણની ભાવના સાથે રાષ્ટ્રહિતની પ્રવૃત્તિ આગળ ધપાવનાર આપણાં રાષ્ટ્રીયસેવક સંઘનાં કાર્યકર્તાઓ આજની યુવા પેઢી માટે હંમેશા પ્રેરણાનું એક અનન્ય સ્રોત બની રહ્યા છે. રાષ્ટ્રને ઉન્નત માર્ગે લઈ જવા માટે આપણે પંચ પ્રકલ્પરૂપી પરિવર્તન સ્વસ્થતા અને સ્વાભિમાન માટે સેવા, સર્વશિક્ષા, સામાજિક એકતા અને સહકાર, પરંપરાગત મૂલ્યો અને સંસ્કૃતિનું જતન, વન અને પર્યાવરણનું સંવર્ધન જેવી જીવનોપયોગી વાતોને આત્મસાત કરી રાષ્ટ્ર નિર્માણમાં સહયોગી બની રહીએ. આ વ્યાખ્યાનમાળાનાં મુખ્ય વક્તા અને

જૂનાગઢ જિલ્લા સમરસતા સંયેજકની જવાબદારી વહન કરતા નિવૃત પ્રિન્સીપાલ ધિરૂભાઈ શીસાંગીયાએ સંઘનો પરિચય આપતા જણાવ્યુ હતુ કે રાષ્ટ્ર ઉન્નતિનાં શિખરો સર કરે એ દિશામાં શરૂ થયેલ વિચારક્રાંતી ૧૦૦ વર્ષ પૂર્ણ કરી રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (RSS) તરીકે કાર્ય કરી રહ્યુ છે, ૧૯૨૫માં ડો. હેડગીવાડકર દ્વારા સ્થાપિત થયેલ સંઘનું મુખ્ય લક્ષ્ય ભારતીય સંસ્કૃતિ, સમાજ સેવા અને રાષ્ટ્રવાદી ભાવનાઓનું પ્રચાર અને પ્રસરાવ છે. જે દેશભક્તિ, સાંસ્કૃતિક આધિકાર અને સમાજસેવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સ્થાનિક સ્તરે શાળાઓ, વર્કશોપ્સ અને તાલીમ કાર્યક્રમોનું આયોજન કરીને યુવાનો માં સમાજસેવા અને લોકજાગૃતિ ભાવ પ્રેરિત કરે છે. સામાજિક સમસ્યાઓ સામે લડવા, આરોગ્ય, શૈક્ષણિક અને અન્ય સેવાઓ પૂરી પાડવા માટે સ્વયંસેવકો કાર્યરત હોય છે. યુવાનોમાં નૈતિક મૂલ્યો, અને સામાજિક જવાબદારીનું નિર્માણ કરે છે. આ પ્રસંગે જિલ્લા સંપર્ક પ્રમુખ અને બહાઉદ્દિન કોલેજનાં ઉપાચાર્ય ડો.મનીષ જાનીએ સર્વશિક્ષા અંતર્ગત યુવાઓને સમાજનાં અશિક્ષિત વડીલોને સાક્ષરતા પ્રદાન કરવા આહવાન કર્યુ હતુ. પરંપરાગત મૂલ્યો અને સંસ્કૃતિનું જતનમાં યુવાઓનાં યોગદાન વિશે સમજ આપી હતી.સમાજમાં ભાઈચારા અને એકતાનું સંદેશ પ્રસારિત થાય તે દિશામાં વિદ્યાર્થીઓને જાગૃતિ સંદશો પાઠવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા સેવા પ્રમુખ શૈલેષભાઈ ચૌહાણ, યુનિ.નાં વિવિધ ભવનોનાં વિભાગાધ્યક્ષશ્રીઓ, અધ્યાપકગણ, અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઉપસ્તિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડો. પરાગ દેવાણીએ સંભાળ્યુ હતુ.

વડોદરાનો ફતેગંજ બ્રિજ બ્લેક સ્પોટ બન્યો, વધુ એક અકસ્માતમાં બે કાર ભટકાતાં ટ્રાફિક જામ

વડોદરા | વડોદરાના ફતેગંજ બ્રિજ બ્લેક સ્પોટ બની ગયો છે. આજે વધુ એક અકસ્માતનું બનાવ બનતા બે કારને નુકસાન થયું હતું અને ટ્રાફિક પણ જામ થયો હતો. ફતેગંજ બ્રિજ ઉપર છેલ્લા કેટલાક સમયથી અકસ્માતો ની હારમાળા ચાલી રહી હોવાથી પોલીસ દ્વારા પગલાં લેવામા આવી રહ્યા છે. બે દિવસ પહેલા જ બે બસ અને ત્રણ કાર ભટકાઈ હોવાનો બનાવો બન્યા બાદ આજે સવારે વરસાદમાં વધુ એક અકસ્માતનો બનાવ બનતા વાહન ચાલકો અટવાયા હતા. પ્રાપ્ત વિગતો મુજબ ફતેગંજ બ્રીજ ઉપર આજે ધડાકા ભેર બે કાર ભટકાતા બંને કારને નુકસાન થયું હતું. ત્યાર પછી ટ્રાફિક જામ થતાં ખુદ ટ્રાફિકના એસીપી અને પી.આઈ સહિતની ટીમો દોડી આવી હતી અને તરત જ ટ્રાફિક પૂર્વવત કર્યો હતો.ટ્રાફિક વિભાગના જણાવ્યા પ્રમાણે કોર્પોરેશન દ્વારા કેટલીક કામગીરી પૂર્ણ થવા આવી છે ત્યારબાદ આ બ્રિજ ઉપર વાહન વ્યવહાર ના નડતર દૂર થઈ જશે.

હાલારમાં ચાંદીપુરા વાયરસનો ભય: વધુ બે શંકાસ્પદ બાળ દર્દીઓના સારવાર દરમિયાન મૃત્યુથી હાહાકાર

જામનગર | જામનગરની જી.જી. હૉસ્પિટલમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ કેસોમાં દેવભૂમિ દ્વારકાના 2 બાળકો સહિત કુલ 3 બાળકોના મૃત્યુ થયા છે. અત્યાર સુધીમાં 6 શંકાસ્પદ બાળ દર્દીઓને દાખલ કરાયા હતા, જેમાંથી 3ના મોત થયા. હાલ 3 બાળકો સારવાર હેઠળ છે. જામનગરના બાળકોના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે, જ્યારે દ્વારકાના સેમ્પલની રાહ જોવાઈ રહી છે. આરોગ્ય વિભાગે સતર્ક રહેવા અને લક્ષણો જણાય તો તાત્કાલિક સારવાર લેવા અપીલ કરી છે. જામનગરની સરકારી જી.જી. હૉસ્પિટલમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ કેસોને લઈને સારવાર ચાલી રહી છે. આજે સારવાર દરમિયાન દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકાના એક બાળક તથા કલ્યાણપુરના એક બાળક સહિત બે બાળકોના મૃત્યુ નીપજતાં આરોગ્ય તંત્રમાં ચિંતા વ્યાપી છે.જી.જી. હૉસ્પિટલમાં અત્યાર સુધીમાં ચાંદીપુરાના શંકાસ્પદ કુલ છ બાળ દર્દીઓને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. તેમાં સૌપ્રથમ જામનગરના એક શંકાસ્પદ ચાંદીપુરાના કેસના સંદર્ભમાં દાખલ થયેલા એક બાળદર્દીના મૃત્યુના બનાવ પછી આજે મૃત્યુ પામેલા દેવભૂમિ દ્વારકાના બે બાળકો સહિત કુલ ત્રણ બાળકોના મોત થયા છે. મૃત્યુ પામેલા બાળકોમાં જામનગર જિલ્લાના એક બાળક તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાના બે બાળકોનો સમાવેશ થાય છે. હાલ હૉસ્પિટલમાં વધુ ત્રણ બાળકો સારવાર હેઠળ છે, જેમાં જામનગર શહેરનો એક તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાના બે બાળકોનો સમાવેશ થાય છે.

મોબાઈલમાં અચાનક ગુંજ્યો 'Extremely Severe Alert', સુરતીઓમાં ચિંતા અને ચર્ચાનો માહોલ

સુરત | છેલ્લા કેટલાક દિવસોથી ભારે વરસાદ, ખાડીપુર અને પાણી ભરાવાની આફતનો સામનો કરી રહેલા સુરતીઓ માટે ગુરુવારે બપોરે મોબાઈલમાં અચાનક ગુંજેલા 'Extremely Severe Alert'એ ચિંતા વધારી દીધી હતી. લાખો મોબાઈલ પર એકસાથે ફ્લેશ થયેલા આ ઈમરજન્સી એલર્ટ અને તેની તીવ્ર ટોને લોકોને ક્ષણભર માટે ગભરાવી દીધા હતા. બાદમાં SDMA દ્વારા આગામી 24 કલાક માટે અતિભારે વરસાદની ચેતવણી હોવાનું જાણવા મળતાં શહેરભરમાં આ એલર્ટ ચર્ચાનો વિષય બન્યો હતો. સોશિયલ મીડિયામાં તેના સ્ક્રીનશોટ વાયરલ થયા હતા, જ્યારે લોકો એકબીજાને ફોન કરીને પણ આ સંદેશ વિશે પૂછપરછ કરતા જોવા મળ્યા હતા.ગુરુવારે બપોરે સુરત સહિત ગુજરાતના 11 જિલ્લા માં અચાનક હજારો નહીં પરંતુ લાખો મોબાઈલ ફોન પર એકસાથે આ ઈમરજન્સી એલર્ટ પહોંચતા લોકોમાં થોડા સમય માટે આશ્ચર્ય અને ગભરાટનો માહોલ સર્જાયો હતો. સામાન્ય SMS થી અલગ આ સેલ બ્રોડકાસ્ટ એલર્ટ સીધું મોબાઈલની સ્ક્રીન પર મોટા પોપ-અપ સ્વરૂપે દેખાયું હતું અને તેની સાથે ખાસ ઈમરજન્સી એલર્ટ ટોન પણ વાગી હતી. પરિણામે ઘણા લોકોને શરૂઆતમાં કોઈ મોટી કુદરતી આપત્તિ કે અન્ય ગંભીર ઘટના બની હોવાની શંકા થઈ હતી.ન છૂટાછવાયા સ્થળોએ અતિભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી.

એઈમ્સમાં ચાંદીપુરા વાયરસની 'કુંડળી' શોધવા સંશોધન
561 સેમ્પલનું પરીક્ષણ

રાજકોટ: રાજ્યભરમાં ચાંદીપુરા વાયરસના વધી રહેલા કેસો અને સંભવિત ખતરાને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગમાં દોડધામ થઈ ગઈ છે ત્યારે રાજકોટ સ્થિત ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ (એઈમ્સ હોસ્પિટલ) ખાતે ચાંદીપુરા વાયરસના નિદાન માટે એક અત્યંત અદ્યતન અને હાઈ-ટેક લેબોરેટરી કાર્યરત કરવામાં આવી છે. અહીં અત્યાધુનિક સાધનોની મદદથી શંકાસ્પદ લક્ષણો ધરાવતા દર્દીઓના સેમ્પલનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે અને સાથે જ 'ચાંદીપુરા' વાયરસની 'કુંડળી' શોધવા માટે વિશેષ સંશોધન પણ શરૂ કરવામાં આવ્યું છે.રાજકોટ એઈમ્સ ખાતે વાયરસના સમયસર અને ચોક્કસ નિદાન માટે અત્યાધુનિક આરટી પીસીઆર (રીઅલ ટાઈમ પોલીમર્સ ચેઈન રીએક્શન) આધારિત લેબોરેટરી ફેસિલિટી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ લેબમાં સેમ્પલનું પરીક્ષણ કરવા માટે પુણે સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ વાયરોલોજી (એનઆઈવી) દ્વારા ખાસ ટેસ્ટિંગ કિટ્સ પૂરી પાડવામાં આવી છે. આ અદ્યતન ટેકનોલોજીના માધ્યમથી શંકાસ્પદ દર્દીઓના રિપોર્ટ ખૂબ જ ઓછા સમયમાં મેળવી શકાતા હોવાથી ડોક્ટરોને દર્દીની સારવાર શરૂ કરવામાં ઘણી સરળતા રહે છે.એઈમ્સ ખાતે અત્યાર સુધીમાં કુલ ૫૬૧ સેમ્પલના સેમ્પલ ટેસ્ટિંગ કરવામાં આવ્યા છે. સૌથી રાહતની અને આનંદની વાત એ છે કે આ તમામ ૫૬૧ સેમ્પલના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. આમ છતાં, કોઈપણ કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે એઈમ્સ અને રાજકોટ સિવિલ હોસ્પિટલનું તબીબી તંત્ર તૈયાર છે.બીજી તરફ માત્ર દર્દીઓની તપાસ પૂરતું મર્યાદિત ન રહેતા રાજકોટ એઈમ્સ ખાતે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડીકલ રીસર્ચ (આઈસીએમઆર) દ્વારા વિશેષ ફંડ ફાળવવામાં આવતા ચાંદીપુરા વાયરસ અંગે વિશેષ સંશોધન પણ ચાલી રહ્યું છે. આ રિસર્ચનો મુખ્ય હેતુ વાયરસના ફેલાવા પાછળના કારણો, તેના લક્ષણો, અને તેના અસરકારક ઉપચારો વિશે ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાનો છે, જેથી ભવિષ્યમાં આ રોગચાળાને વધુ સારી રીતે ડામી શકાશે.

સંખેડા તાલુકામાં ભારે વરસાદને કારણે ઢાઢર નદીમાં પૂર

રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

સંખેડા તાલુકામાં ભારે વરસાદને કારણે ઢાઢર નદીમાં પૂર આવ્યું છે. આના પરિણામે કંટેશ્વર અને કાળી તલાવડી ગામો વચ્ચેનો સંપર્ક તૂટી ગયો છે, જેનાથી ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા છે.ગત રાત્રીથી પડેલા સતત વરસાદને કારણે ઢાઢર નદીના બોબેડ કોતરમાં પાણીનો પ્રવાહ વધ્યો હતો. આ પાણી છલિયા પર ફરી વળતા વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે.આ માર્ગ બંધ થવાથી શાળાએ જતા બાળકો, ખેડૂતો અને દૂધ ભરવા જતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. કાળી તલાવડી ગામ જવાનો આ મુખ્ય માર્ગ હોવાથી લોકોની અવરજવર અટકી ગઈ છે.ગ્રામજનોએ તંત્ર સમક્ષ આ વાર્ષિક સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માંગ કરી છે. તેમણે વહેલી તકે વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવામાં આવે તેવી રજૂઆત પણ કરી છે.

કાલાવડની રણુજા ચોકડી ખાતે તંત્રની લાલ આંખ: 19 દબાણો પર બુલડોઝર ફરશે, લોકોએ સ્વેચ્છાએ સામાન ખસેડવાનું શરૂ કર્યું

કાલાવડ પંથકમાં ટ્રાફિક અને વાહનવ્યવહાર માટે સૌથી વધુ નડતરરૂપ બનેલા રણુજા ચોકડી વિસ્તારમાં આખરે નગરપાલિકાના તંત્રએ કડક કાર્યવાહી હાથ ધરી છે. લાંબા સમયથી રસ્તા પર થયેલા દબાણો દૂર કરવા માટે મંગળવારથી વ્યાપક ડિમોલિશન અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. નગરપાલિકા દ્વારા અગાઉથી જ આયોજનબદ્ધ રીતે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. રણુજા ચોકડી આસપાસ આવેલા ૧૯ કોમર્શિયલ તેમજ રહેણાંક મકાનો અને દુકાનોના માલિકોને અંતિમ નોટિસ પાઠવવામાં આવી હતી. નોટિસ મળ્યા બાદ મિલકતધારકોએ પણ તંત્રને સહયોગ આપતા સ્વેચ્છાએ દબાણરૂપ ભાગો દૂર કરવાની કામગીરી શરૂ કરી દીધી હતી. ગઈકાલે આખો દિવસ દુકાનદારો અને મકાનમાલિકો પોતાના વેપાર-ધંધાનો સામાન, ઘરવખરી અને અન્ય ચીજવસ્તુઓ સલામત સ્થળે ખસેડવામાં વ્યસ્ત રહ્યા હતા, જેથી ડિમોલિશન દરમિયાન નુકસાન ટાળી શકાય.

અનઅધિકૃત મદ્રેસા ચલાવતા મૌલાના સામે ગુનો નોંધાયો, ૧૦ દિવસના રિમાન્ડ મંજુર

ભાવનગર | ભાવનગર ગ્રામ્ય ડિવિઝન પોલીસે થોડાં દિવસો પૂર્વે ઘોઘામાં કોર્ડન એન્ડ સર્ચ ઓપરેશન કર્યું હતું. જે બાદ ગત રોજ સીદસર (શામપરા) વિસ્તારમાં આવેલ ૨૫ વારિયામાં પણ ફરી કોર્ડન એન્ડ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતું. જ્યાંથી અનઅધિકૃત મદ્રેસા ચલાવતા મૌલવીની અટક કરવામાં આવ્યા બાદ વરતેજ પોલીસ મથકમાં ગુનો નોંધાયા હતો અને આરોપીને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યાં છે. બીજી તરફ પોલીસે ધાર્મિક વૈમનસ્ય પેદા કરતું સાહિત્ય કબજે કરી જુદાં-જુદાં એન્ગલથી તપાસ હાથ ધરી છે.ભાવનગર ગ્રામ્ય ડિવિઝન પોલીસે ઘોઘા બાદ ગત રોજ સિદસર (શામપરા) વિસ્તારમાં આવેલા ૨૫ વારિયા હાઉસિંગ વસાહતમાં કોર્ડન એન્ડ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ તપાસમાં અહીં ગેરકાયદે મદ્રેસા ચાલતું હોવાનું ખુલતા પોલીસે આ અનઅધિકૃત મદ્રેસાના મૌલાના મહમદ સફીક અબ્બાસભાઈ મહેડિયા (હાલ રહે. રૂમ નં.૪૬, ૨૫ વારિયા, સીદસર (શા), મુળ રહે.બાદરગઢ ગામ, તા. પાલનપુર, જી.બનાસકાંઠા)ની અટક કરી ઘરની જડતી કરતા ઘરમાંથી ધાર્મિક વૈમનસ્ય ફેલાવતું, વિવિધ ધાર્મિક સમુદાયની લાગણીને ઠેસ પહોંચાડતું, રાષ્ટ્રીય એકતા, અખંડીતતાને નુકસાન પહોંચાડતું તથા રાષ્ટ્રીય પ્રતિકોનું અપમાન થાય તેવા ઉશ્કેરણીજનક લખાણોવાળું સાહિત્ય મળી આવ્યું હતું. અરબી અને ઉર્દૂ ભાષામાં લખાયેલા સાહિત્યની ઉંડાણપૂર્વકની તપાસ પોલીસ કરી રહી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં મૌલાના પાસે આજુબાજુના વિસ્તારમાંથી ૧૫-૨૦ જેટલા બાળકો ધાર્મિક શિક્ષણ લેવા આવતા હતા ઉપરાંત તેની પાસેથી મળી આવેલા રજીસ્ટરમાં બાળક અને તેના માતા-પિતાનું નામ તથા તેમને કોઈ ધાર્મિક કાર્યક્રમમાં લઈ જવામાં આવ્યા હોય તેવી વિગતો મળી છે. આ મામલે વિગતો આપતા એએસપી ઘનશ્યામ ગૌતમે જણાવ્યું છે કે, ભાવનગરમાં રહેતા મૌલાના યુસુફ અને મૌલાના અનાસ તેને અહીં લાવ્યા હતા અને મદદ કરતા હતા. ભરૂચમાં શિખીને તે ઓક્ટોબર-૨૦૨૪થી અહીં રહેતો હતો. તેમજ કોઈ ટ્રસ્ટ દ્વારા તેને ફાઈનાન્સ કરવામાં આવતું હોવાનું જાણવા મળતા તેના ફંડિંગ તથા મદદ કરનારા લોકોની તપાસ ચાલી રહી છે.

સંખેડાના હાંડોદ ગામમાં કાદવમાં ફસાયેલી ગાયનો બહાદરપુરની એનિમલ રેસ્ક્યૂ ટીમે બચાવ કર્યો

રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

સંખેડા તાલુકાના હાંડોદ ગામમાં કાદવમાં ફસાયેલી એક ગાયનું બહાદરપુરની એનિમલ રેસ્ક્યૂ ટીમે સફળતાપૂર્વક રેસ્ક્યૂ કર્યું છે.મળતી માહિતી મુજબ, હાંડોદમાં સતત વરસાદને કારણે શ્રી મહેશભાઈ મહારાજના વાડામાં એક ગાય ઊંડા અને ચીકણા કાદવમાં ફસાઈ ગઈ હતી. ગાયના ચારેય પગ કાદવમાં ખૂંપી ગયા હતા, જેના કારણે તે ઊભી રહી શકતી ન હતી. ગ્રામજનોએ તેને બહાર કાઢવાના પ્રયાસો કર્યા હતા, પરંતુ તેઓ સફળ રહ્યા ન હતા.આ અંગે વિશાલભાઈ પટેલે બહાદરપુરની એનિમલ રેસ્ક્યૂ ટીમને જાણ કરી હતી. માહિતી મળતા જ ટીમના સચિન પંડિત, સંજયભાઈ અને લાલભાઈ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા.ટીમના સભ્યોએ દોરડા, પટ્ટા અને એક નાના ટ્રેક્ટરની મદદથી ગાયને કોઈ ઈજા ન થાય તે રીતે કાદવમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢી હતી.ગાયને સુરક્ષિત બહાર કાઢવામાં આવતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. શ્રી મહેશભાઈ મહારાજ સહિત ગામના લોકોએ રેસ્ક્યૂ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, બહાદરપુરની એનિમલ રેસ્ક્યૂ ટીમ છેલ્લા ઘણા વર્ષોથી કૂવા, ખાડા અને કાદવમાં ફસાયેલા પશુઓનું રેસ્ક્યૂ કરીને તેમના જીવ બચાવી રહી છે.

ધારાસભ્ય પી.એમ. જાડેજાએ મંદિરોમાં પ્રાર્થના, રામધૂન અને મસ્જિદોમાં ખાસ દુઆ કરવા કરી અપીલ

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

કચ્છ જિલ્લામાં ચાલુ ચોમાસા દરમિયાન વરસાદની અછત વચ્ચે અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ (પી.એમ.) જાડેજાએ સમગ્ર કચ્છવાસીઓને સારા વરસાદ માટે પોતાની-પોતાની આસ્થા મુજબ પ્રાર્થના કરવા અપીલ કરી છે.તેમણે જણાવ્યું હતું કે કચ્છના ખેડૂતો, માલધારીઓ, પશુધન અને સામાન્ય જનજીવન માટે વરસાદ અત્યંત જરૂરી છે. તેથી તમામ સમાજના ભાઈ-બહેનો પોતાના ધર્મ અને પરંપરા અનુસાર મંદિરોમાં પ્રાર્થના અને રામધૂન કરે તેમજ મુસ્લિમ સમાજના ભાઈઓ મસ્જિદોમાં વિશેષ દુઆ કરે, જેથી સમગ્ર કચ્છમાં મેઘરાજાની કૃપા વરસે.ધારાસભ્યએ વધુમાં જણાવ્યું હતું કે કુદરત સમક્ષ સૌ એક સમાન છીએ. સર્વધર્મ સમભાવ અને એકતાની ભાવના સાથે કરવામાં આવતી પ્રાર્થના સમગ્ર કચ્છની સુખાકારી, સમૃદ્ધિ અને સારા ચોમાસા માટે આશીર્વાદરૂપ બનશે.તેમણે તમામ કચ્છવાસીઓને આ પ્રાર્થના અભિયાનમાં સહભાગી બની કચ્છના ઉજ્જવળ ભવિષ્ય અને સારા વરસાદ માટે એકજૂથ થઈ પ્રાર્થના કરવાની અપીલ કરી હતી.

તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, અષાઢ સુદ - 09

ડઘાયેલી સરકારે દિલ્હીમાં વધુ સીઆરપીએફ અને આરએએફ ખડકી

દિલ્હીમાં જે રીતે કોકરોચ જનતા પાર્ટી અને કોંગ્રેસ તેમજ બીજા વિરોધપક્ષો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે એનાથી કેન્દ્ર સરકાર ડઘાઈ ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કલ્પના નહોતી કે રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને અખિલેશ યાદવ એમના ઘરની બહાર દેખાવો કરશે. ઉતાવળે નિર્ણય લઈને કેન્દ્ર સરકારે રાહુલ ગાંધી અને બીજા નેતાઓને વડાપ્રધાનના રહેઠાણ સામેથી હટાવી તો દીધા પરંતુ એનાથી સમસ્યા હલ નથી થઈ. જે રીતે દેશમાં વિવિધ સ્થળોએ તેમજ સોશ્યલ મીડિયામાં કેન્દ્ર સરકાર અને ભાજપ પર પ્રહારો થઈ રહ્યા છે એ જોઈને અતિ આત્મવિશ્વાસમાં રહેતા ભાજપના સિનિયર નેતાઓ ચોંકી ગયા છે. એમને ખબર પડતી નથી કે, પરિસ્થિતિ કઈ રીતે કાબુમાં લેવી. હવે ગૃહમંત્રાલયે એવું નક્કી કર્યું છે કે દિલ્હી પોલીસ પાસે સંખ્યાબળ ઓછી માત્રામાં છે અને વડાપ્રધાનની સુરક્ષા વધારવા માટે કર્મચારીઓની સંખ્યા વધારવી પડશે. જાણવા મળ્યા પ્રમાણે સીઆરપીએફની ૯ કંપનીઓ છત્તીસગઢથી, ૩ કંપનીઓ ઝારખંડથી, ૫ મધ્યપ્રદેશથી અને ૧ કંપની ઓડિશાથી બોલાવવામાં આવી છે.કોકરોચ પાર્ટી ઓફ ઈન્ડિયાએ શરૂ કરેલા આંદોલનમાં ચાલુ ગાડીએ અરવિંદ કેજરીવાલ ચઢી બેઠા છે. ૨૦મી જુલાઈએ કોકરોચ જનતા પાર્ટીએ સંસદ માર્ચ શરૂ કરી હતી ત્યારે મોટા નેતાઓને બાળકો કર્યા હતા એવી ટીકા થઈ હતી. આ ટીકાનો જવાબ આપતા આમ આદમી પાર્ટીના સંયોજક કેજરીવાલે કહ્યું હતું કે, તેઓ પોતે માર્ચમાં નહોતા પરંતુ એમના બંને બાળકો વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા. કેજરીવાલનું કહેવું હતું કે કેટલાક કારણસર એમને પંજાબ જવું પડ્યું હતું એટલે એમના બદલે એમણે એમના બંને બાળકોને મોકલ્યા હતા. જ્યારે ટીયર ગેસ છોડવામાં આવ્યો ત્યારે એમના બંને સંતાનો પણ પ્રદર્શન સ્થળે હાજર હતા. એમના કહેવા પ્રમાણે 'અમારી પાર્ટીના ઘણા નેતાઓ સ્થળ પર હાજર હતા. અમે બધા એક સાથે છીએ. પુરો દેશ એક પરિવાર છે. અમે કોઈ પણ સરમુખત્યારથી ડરતા નથી.'અલ્હાબાદ હાઈકોર્ટે કહ્યું છે કે ઈડી નિસહાય નથી. જો વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધી સામે આવક કરતા વધુ મિલકતની ફરિયાદમાં કોઈ ખોટું દેખાય તો કાયદા અનુસાર એમની સામે કાર્યવાહી કરી શકે છે. સીબીઆઈએ દાખલ કરેલા સોગંદનામામાં કેટલીક ખામીઓ હોવાથી કોર્ટે એજન્સીને આ બાબતે નવું સોગંદનામું દાખલ કરવા કહ્યું હતું. સીબીઆઈ, ઈડી અને અરજી કરનારએ દાખલ કરેલા સોગંદનામા જોયા પછી જસ્ટીસ રાજેશ સિંહ ચૌહાણ અને જસ્ટીસ બ્રુજ રાજ સિંહની બેચે કહ્યું હતું કે, 'સીબીઆઈએ નું સોગંદનામુ અમારા અગાઉના હુકમ મુજબનું નહોતું. સીબીઆઈએ કેવી રીતે તપાસ બાબતે અમને સમજણ પડતી નથી. હવે પછીની તારીખે સીબીઆઈએ નવું સોગંદનામુ દાખલ કરવું પડશે.' જે રીતે કેન્દ્ર સરકાર રાહુલ ગાંધીને કોઈપણ કેસમાં ભીડવા માંગે છે એ જોતા કોર્ટના આ ચુકાદા પછી રાહુલ ગાંધી સામે ઈડીની તપાસ શરૂ થઈ શકે છે.તૃણમુલ કોંગ્રેસના રાજ્યસભાના સાંસદ કલ્યાણ બેનર્જીએ ચોમાસાના સમગ્ર સત્ર માટે બરતરફ કરવામાં આવ્યા છે. અસંસદીય ભાષાનો ઉપયોગ કરવા માટે એમને બરતરફ કરાયા છે. ચોમાસા સત્રનો ત્રીજો દિવસ પણ ખાસ કામગીરી વગરનો રહ્યો હતો. બુમબરાડાના કારણે સંસદના બંને ગૃહોની કાર્યવાહી ત્રણવાર સ્થગીત કરવામાં આવી હતી. વિરોધપક્ષના સભ્યો નીટ પેપર લીક, સીજેપીના પ્રદર્શન પર પોલીસના લાઠીચાર્જ અને કેન્દ્રીય શિક્ષામંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણી પર ચર્ચા કરવા માટે અડગ હતા. કલ્યાણ બેનર્જીએ તૃણમુલ કોંગ્રેસના બળવાખોર સાંસદોને ચોર કહ્યા હતા. ત્યાર પછી લોકસભામાં હોહા થઈ ગઈ હતી. સંસદની કાર્યવાહી સ્થગીત થયા પછી પણ કલ્યાણ બેનર્જી બળવાખોર સાંસદો સાથે દલીલ કરતા જોવા મળ્યા હતા.

ચાણસ્મા સહિત પંથકમાં ધીમ પગલે મેઘરાજાનું આગમન વરસાદની કાગ ડોળે રાહ જોતાં ખેડૂતોમાં આનંદ છવાયો

નિતીન ઠાકર ચાણસ્મા



મોડા મોડા પણ ધીમા પગલે ચાણસ્મા સહિત પંથક માં મેઘરાજાએ પધરામણી કરતાં ખેડૂતોમાં આનંદ છવાયો છે છેલ્લા કેટલાક દિવસોથી રાહ જોવરાવ્યા બાદ ચાણસ્મા શહેર સહિત પંથકમાં બુધવારે મોડી રાતથી ધીમા પગલે વરસાદનું આગમન થયું હતું તોફાની તરખાટ વિના શરૂ થયેલ વરસાદથી વાવેતર કરાયેલ બીટી કપાસ જેવા પાકોને સારૂ પાણી મળી રહેતાં ખેડુતો માટે પિયતનો વધારાનો ખર્ચ બચી જતાં ચાણસ્મા પંથક ખેડૂતોએ ખુશી વ્યક્ત કરી હતી જ્યારે બુધવાર રાત્રીથી ધીમી ધારે શરૂ થયેલા વરસાદ થી ઠંડક પ્રસરતાં ગરમીના બફારામાં પરેશાન થતાં લોકોએ રાહત મેળવી હતી હવામાન ખાતા ની ભારે વરસાદની આગાહી ના પગલે ચાણસ્મા વહીવટી તંત્ર જિલ્લા વહીવટી તંત્રના સંકલન થકી એલર્ટ પર હોવાનું ચાણસ્મા મામલતદારે જણાવ્યું હતું.

રાજપીપલા પાલિકાની લાપરવાહીથી નગરજનો ત્રસ્ત, પાણી અને સફાઈ મામલે ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં રજુઆત

સત્યવલંબા બારોટ

રાજપીપલા નગરપાલિકા તંત્ર ની ગંભીર બેદરકારી ને કારણે નગરજનો ત્રાસી ગયા છે .અને પાલિકાતંત્ર ને અનેકવાર રજુઆત કરવા છતાં નિરાકરણ નહિ આવતા . છેવટે મામલો કલેક્ટર ના અધ્યક્ષ સ્થાને યોજાયેલ ' સ્વાગત ફરિયાદ નિવારણ બેઠક માં રજુ થયો હતો. પ્રાપ્ત માહિતી મુજબ નગરપાલિકા ની તાજેતર ની ચૂંટણી માં નગરજનો એ ખોબલે ખોબલે ભાજપ ને 28 પૈકી 25 બેઠકો ની જંગી બહુમતી આપવા છતાં રસ્તા, પાણી , કે સફાઈ જેવી પ્રાથમિક સુવિધા માટે પણ પાલિકા તંત્ર લાપરવાહ રહેતા નગરજનો ને ફરિયાદ નિવારણ કાર્યક્રમ માં રજુઆત કરવી પડે છે . અત્રે પાલિકા વોર્ડ ને -1 માં પીવાના પાણી ની તંગી અને સફાઈ કામગીરી ના ધાંધિયા ને કારણે જાગૃત નાગરિક કુલદીપ કાછીયા એ ' ફરિયાદ નિવારણ કાર્યક્રમ માં રજુઆત કરતા કલેક્ટર ચોંકી ઉઠ્યા હતા. ત્યારે આ મહત્વ ની બેઠક છતાં પાલિકા ઈન્ચાર્જ ચીફ ઓફિસર ગેરહાજર રહ્યા હતા જેથી કલેક્ટર ગંગાસિંઘે પ્રાંત અધિકારી ને આ મામલે સ્થળ તપાસ કરી સમસ્યા હલ કરવા સૂચના આપી હતી .

રાજપીપલા પાલિકા માં દોઢ વર્ષ થી ચીફ ઓફિસર ની જગ્યા ઇન્ચાર્જથી ચાલે છે

રાજપીપલા નગરપાલિકા માં ભાજપ ની નબળી નેતાગીરી ને કારણે ચીફ ઓફિસર ની જગ્યા ખાલી છે અને ડભોઇ ના અધિકારી ને ચાર્જ સોંપાયો છે . આ અધિકારી મોટેભાગે ગેરહાજર રહેતા હોય પાલિકા ના વહીવટ પર વિપરીત અસર પડે છે . પાલિકા થી લઇ રાજ્ય સરકાર સુધી ભાજપ શાસન હોવા છતાં સ્થાનિક ભાજપ નેતાઓ C O ની નિમણૂંક નથી કરાવી શકતા તેનું સૌને આશ્ચર્ય છે . ત્યારે મળતી માહિતી મુજબ કલેક્ટર ને પાલિકા તંત્ર ની લાપરવાહી ની રજુઆત થયાનું જાણી પાલિકા પ્રમુખ અને સભ્યો કલેક્ટર નર્મદા એ ચાર્જ સંભાળ્યા ના બે મહિના બાદ કલેક્ટર ની શુભેચ્છા મુલાકાતે દોડી ગયા હોવાનું જાણવા મળે છે .

બિનવારસી નંદી મહારાજનું સફળ ઓપરેશન, હિન્દુ યુવા સંગઠન ગૌરક્ષક દળની પ્રશંસનીય જીવદયા સેવા

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા નગરે આવેલ પ્રાચી-3 વિસ્તારમાં એક બિનવારસી નંદી મહારાજ ઘણા સમયથી આગળના પગમાં કેન્સરની ગંભીર સમસ્યાથી પીડાઈ રહ્યા હતા. તેમની હાલત અત્યંત નાજુક હોવાનું જાણ થતાં જ હિન્દુ યુવા સંગઠન ગૌરક્ષક દળ, નખત્રાણા ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. સંગઠનના કાર્યકરોએ મમુભાઈ રબારીને જાણ કરતાં તેઓ પણ તરત જ સ્થળ પર પહોંચ્યા હતા. પશુચિકિત્સકની મદદથી નંદી મહારાજનું તાત્કાલિક ઓપરેશન કરવામાં આવ્યું અને જરૂરી સારવાર શરૂ કરવામાં આવી હતી.આ જીવદયા સેવામાં ગૌપ્રેમી ભાઈઓએ પણ ઉત્સાહપૂર્વક જોડાઈ સેવા કાર્યમાં સહભાગી બની માનવતા અને ગૌસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.સ્થાનિક લોકોએ હિન્દુ યુવા સંગઠન ગૌરક્ષક દળ, મમુભાઈ રબારી, પશુચિકિત્સક તથા સેવા સાથે જોડાયેલા તમામ ગૌપ્રેમીઓના આ નિઃસ્વાર્થ પ્રયાસની પ્રશંસા કરી હતી.

નખત્રાણાના વરસાદી માહિતી ગ્રુપના સભ્યોએ વરૂણદેવને રિઝવવા કરી સામૂહિક પ્રાર્થના

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના 578 સભ્યો ધરાવતા વરસાદી માહિતી વોટ્સએપ ગ્રુપમાં વરસાદ માટે કરવામાં આવેલી સામૂહિક પ્રાર્થનાની અપીલને ગ્રુપના સભ્યોએ ઉત્સાહભેર પ્રતિસાદ આપ્યો હતો. ગ્રુપમાં કરવામાં આવેલી વિનંતી બાદ અનેક સભ્યોએ મંત્ર લખી વરૂણદેવને રિઝવવા તથા સારા વરસાદ માટે પ્રાર્થના કરી હતી.ગ્રુપના સભ્યો દ્વારા 'ૐ વરૂણાય નમઃ, ૐ ઈન્દ્રાય નમઃ, ૐ નમઃ શિવાય, ૐ નમઃ ભગવતે વાસુદેવાય' મંત્ર લખી આધ્યાત્મિક ભાવનાથી પ્રાર્થનામાં જોડાયા હતા. ઓછામાં ઓછા 108 સભ્યો મંત્ર લખે તો એક સંપૂર્ણ માળા પૂર્ણ થાય તેવા ભાવ સાથે આ અપીલ કરવામાં આવી હતી.ગુજરાતના અનેક વિસ્તારોમાં ચોમાસાનું આગમન થઈ ચૂક્યું છે અને સારો વરસાદ પણ નોંધાયો છે. જોકે કચ્છ જિલ્લામાં હજુ પણ વરસાદ ખેંચાતા ખેડૂતો, માલધારીઓ, પશુધન તેમજ સામાન્ય જનજીવન પર તેની અસર જોવા મળી રહી છે. પાણીની અછતને કારણે ચિંતાનો માહોલ સર્જાયો છે.આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વરસાદી માહિતી ગ્રુપના સભ્યોએ સામૂહિક પ્રાર્થના દ્વારા સારા વરસાદ માટે પ્રભુને પ્રાર્થના કરવાનો અનોખો પ્રયાસ કર્યો હતો. ગ્રુપના સભ્યોએ આ પહેલને સારો પ્રતિસાદ આપી એકતા, આસ્થા અને સામૂહિક ભાવનાનું સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું હોવાનું જણાવાયું હતું. ગ્રુપના સંચાલકોએ આશા વ્યક્ત કરી હતી કે સૌની ભાવનાપૂર્ણ પ્રાર્થનાથી કચ્છ સહિત સમગ્ર વિસ્તારમાં સારો વરસાદ વરસે અને ખેડૂતો, માલધારીઓ તેમજ સમગ્ર જનજીવનને રાહત મળે. આ પ્રાર્થના અભિયાનને એક સકારાત્મક અને સાર્થક સામૂહિક કાર્ય તરીકે જોવામાં આવી રહ્યું છે.

રાજપીપલામાં ગાંજા સાથે પકડાયેલા વ્યક્તિ નેએડી. ડિસ્ટ્રીકટ જજએ સાત વર્ષની સજા અને ૫૦ હજારનો દંડ ફટકાર્યો

સત્યવલંબા બારોટ

નર્મદા જીલ્લાના એડી. ડિસ્ટ્રીકટ જજ ની કોર્ટમાં ચાલેલ સ્પે.એન. ડી.પી.એસ. કેસ ના આરોપી મહેશભાઈ મનસુખભાઈ તડવી રહે. ગડોદ કબિર મંદિર ફળીયું, તા.ગરૂડેશ્વર જી.નર્મદા ને ૭(સાત) વર્ષ સખત કેદની સજા તથા રૂ.૫૦,૦૦૦/-(પચાસ હજાર) નો દંડની રકમ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૬ (છ) માસની સાદી કેદની સજાનો હુકમ ફરમાવ્યો છે.પ્રાપ્ત માહિતી મુજબ કેસ ની વિગત જોતા આરોપી મહેશભાઈ મનસુખભાઈ તડવી તા.૨૫/૦૬/૨૦૧૯ નારોજ ગડોદ ગામે કબિર મંદિર ફળીયામાં પોતાના કબ્જાના રહેણાંક ઘરેથી બે પ્લા.ની પારદર્શક કોથળીઓમાં રાખેલ ગેર કાયદેસરનો માદક પદાર્થ ગાંજાનો જથ્થો જેમાં નં-(૧) ૭૪૦ ગ્રામ કિ.રૂ. ૭૪૦૦/- તથા (૨) ૫૭૦ ગ્રામ કિ.રૂ.૫૭૦૦/- તથા (૩) નોકીયા કંપનીનો કાળા કલરનો બે સીમ કાર્ડ વાળો મોબઈલ ફોન-૦૧ કિ.રૂ.૫૦૦/- તથા (૪)રેગ્ઝીનનું પાકીટ તથા તેમાના રોકડા રૂપિયા ૧૧૦૦/- મળી કુલ રૂ.૧૪,૭૦૦/- ના મુદામાલ સાથે પકડાઈ જઈ ગુન્હો કર્યો હતો.આ કેસ નર્મદા જીલ્લાના એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ એ.વી. હિરપરા ની કોર્ટમાં ચાલી જતા. જેમાં ફરીયાદી તર્ફે સરકારી વકીલ વંદનાબેન આઈ. ભટ્ટ નાઓએ ફરીયાદપક્ષે દસ્તાવેજી પુરાવાઓ તેમજ હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના જડજમેન્ટો તથા લેખીત તથા મોખીક દલીલો રજૂ કરી કોર્ટે આ પુરાવાઓને ધ્યાનમાં રાખી આરોપીને એન.ડી.પી. એસ.એકટની કલમ- ૮(સી), ૨૦(બી),૨(બી) મુજબના ગુના માં કસુરવાર ઠરાવીને આરોપીને ૭(સાત) વર્ષ સખત કેદની સજા તથા રૂ.૫૦,૦૦૦/-(પચાસ હજાર) નો દંડની સજા અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૬ (છ) માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો.

ભાવનગર મંડળના સતર્ક લોકો પાયલટે સિંહને ટ્રેનની અડફેટે આવતાં બચાવ્યો

પશ્ચિમ રેલવે, ભાવનગર

પશ્ચિમ રેલવેના ભાવનગર રેલવે મંડળ દ્વારા એશિયાટિક સિંહો તેમજ અન્ય વન્યજીવોની સુરક્ષા માટે સતત અસરકારક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. મંડળ પ્રશાસનના માર્ગદર્શન હેઠળ લોકો પાયલટો નિર્ધારિત ગતિમર્યાદાનું પાલન કરતાં અત્યંત સતર્કતાપૂર્વક ટ્રેનોનું સંચાલન કરી રહ્યા છે. લોકો પાયલટોની સજાગતા તેમજ વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકરો સાથેના સુમેળભર્યા સંકલનના પરિણામે નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન કુલ 159, નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન 129 તથા વર્તમાન નાણાકીય વર્ષ 2026-27માં એપ્રિલ મહિનાથી અત્યાર સુધીમાં 32 સિંહોને સુરક્ષિત રીતે બચાવવામાં સફળતા મળી છે.ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, તા. 23 જુલાઈ, 2026ના રોજ લોકો પાયલટ શ્રી ચંદન કુમાર (મુખ્યાલય-જૂનાગઢ) તથા સહાયક લોકો પાયલટ શ્રી મોહમ્મદ શિબ્લી (મુખ્યાલય-જૂનાગઢ) ટ્રેન નં. 52955 વેરાવળ-જૂનાગઢ પેસેન્જરનું સંચાલન કરી રહ્યા હતા. આ દરમિયાન સાસણ ગીર-કાંસિયાનેશ રેલખંડમાં કિ.મી. નં. 114/02-114/01 નજીક અચાનક એક સિંહ રેલવે ટ્રેક પર જોવા મળ્યો. પરિસ્થિતિની ગંભીરતા સમજી લોકો પાયલટે તાત્કાલિક સૂઝબૂઝ અને સતર્કતાનો પરિચય આપતાં ઈમરજન્સી બ્રેક લગાવી ટ્રેનને સુરક્ષિત રીતે રોકી દીધી, જેના કારણે સિંહ સંભવિત અકસ્માતમાંથી બચી ગયો. ત્યારબાદ લોકો પાયલટે તરત જ ટ્રેન મેનેજર (ગાર્ડ)ને ઘટનાની જાણ કરી. વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકર શ્રી જે. જી. પરમાર ઘટનાસ્થળે પહોંચ્યા અને સિંહને સુરક્ષિત રીતે રેલવે ટ્રેક પરથી દૂર ખસેડ્યો. પરિસ્થિતિ સામાન્ય બન્યા બાદ લોકો પાયલટને ટ્રેનને ફરીથી પ્રસ્થાન કરવાની મંજૂરી આપવામાં આવી અને ટ્રેનને સાવચેતીપૂર્વક તેના ગંતવ્ય તરફ રવાના કરવામાં આવી.આ ઘટનાની જાણ થતાં જ મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા, અપર મંડળ રેલ પ્રબંધક શ્રી ઋત્વિક શર્મા સહિત મંડળના અન્ય અધિકારીઓએ લોકો પાયલટોની સતર્કતા, સંવેદનશીલતા અને કર્તવ્યનિષ્ઠાની પ્રશંસા કરી હતી.ભાવનગર મંડળ વન્યજીવ સંરક્ષણ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે અને રેલવે તથા વન વિભાગના સંકલિત પ્રયાસોથી એશિયાટિક સિંહોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સતત કાર્ય કરતું રહેશે.

દેશમાં શિક્ષણ ક્ષેત્રે વ્યાપેલી અનિયમિતતાઓ, દેશભરમાં ચર્ચિત પેપર લીક કૌભાંડો રોકવા કોંગ્રેસ નું આવેદનપત્ર

સુશીલ પવાર | ડાંગ

દેશમાં શિક્ષણ ક્ષેત્રે વ્યાપેલી અનિયમિતતાઓ, દેશભરમાં ચર્ચિત પેપર લીક કૌભાંડો, દિલ્હીમાં વિદ્યાર્થીઓ પર થયેલા કથિત અત્યાચાર તેમજ સ્થાનિક આદિવાસી વિદ્યાર્થીઓની વણઉકેલાયેલી સમસ્યાઓને મુદ્દે ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આહવા ખાતે એક આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતું. કોંગ્રેસી નેતા સ્નેહલ ઠાકરે અને મંગળભાઈ ગાવીત સહિતના અનેક પક્ષીય કાર્યકરો અને આગેવાનોની ઉપસ્થિતિમાં ડાંગ જિલ્લા કલેક્ટર મારફતે રાજ્યપાલને આ આવેદનપત્ર રજૂ કરવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં મુખ્યત્વે દેશમાં વારંવાર બનતી સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર લીકની ઘટનાઓ પ્રત્યે ભારે રોષ વ્યક્ત કરવામાં આવ્યો છે. કોંગ્રેસ નેતાઓ અને કાર્યકરોએ આરોપ લગાવ્યો હતો કે, વર્ષોથી મહેનત કરતા ગરીબ અને હોંશિયાર વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમત રમાઈ રહી છે.દિલ્હીના જંતર-મંતર ખાતે આ મુદ્દે શાંતિપૂર્ણ વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસે કરેલા બળપ્રયોગને લોકશાહી અને બંધારણીય મૂલ્યો પર પ્રહાર ગણાવ્યો હતો. પરીક્ષાઓની પારદર્શકતા જાળવવામાં નિષ્ફળ રહેવા બદલ દેશના શિક્ષણ મંત્રી તુરંત રાજીનામું આપે તેવી માંગણી કરવામાં આવી છે.આ ઉપરાંત, આ જ વિરોધ પ્રદર્શન દરમિયાન લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીની કરાયેલી અટકાયતને પણ ગેરબંધારણીય ગણાવી તેની કડક શબ્દોમાં નિંદા કરવામાં આવી હતી.રાષ્ટ્રીય મુદ્દાઓ ઉપરાંત આદિવાસી બહુલ ધરાવતા ડાંગ જિલ્લાના વિદ્યાર્થીઓને પડતી દૈનિક મુશ્કેલીઓ અંગે પણ કલેક્ટરનું ધ્યાન દોરવામાં આવ્યું હતુ. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ,ડાંગના અંતરિયાળ વિસ્તારોમાંથી આવતા વિદ્યાર્થીઓ માટે પૂરતી એસ.ટી. બસ સુવિધાનો અભાવ છે. ઉચ્ચ અને વ્યવસાયિક શિક્ષણ માટે સ્થાનિક સ્તરે કોલેજોની અછત હોવાથી વિદ્યાર્થીઓને અન્ય જિલ્લાઓ પર નિર્ભર રહેવું પડે છે.સરકારી હોસ્ટેલોમાં પૂરતી પ્રાથમિક સુવિધાઓ નથી અને શિષ્યવૃત્તિ સમયસર ન મળવાને કારણે ગરીબ વિદ્યાર્થીઓ આર્થિક તંગી ભોગવી રહ્યા છે.જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં વિષયવાર શિક્ષકોની મોટી ઘટ છે, જેથી તાત્કાલિક નવી ભરતી કરવાની માંગ કરાઈ છે.ડાંગ જિલ્લા કોંગ્રેસે મહામહિમ રાજ્યપાલ સમક્ષ રજૂઆત કરતા માંગ કરી છે કે, પેપર લીકના કૌભાંડીઓ સામે કડક કાયદાકીય કવાયત હાથ ધરવામાં આવે, દિલ્હીમાં વિદ્યાર્થીઓ પર બળપ્રયોગ કરનાર અધિકારીઓ સામે કાર્યવાહી થાય, અને શિક્ષણ મંત્રી નૈતિક જવાબદારી સ્વીકારી રાજીનામું આપે. સાથે જ ડાંગ જિલ્લાના આદિવાસી વિદ્યાર્થીઓની વાહનવ્યવહાર, હોસ્ટેલ, શિષ્યવૃત્તિ અને શિક્ષકોની અછત જેવી તમામ સ્થાનિક સમસ્યાઓનો સત્વરે બિન-શરતી ઉકેલ લાવવામાં આવે તેવી મજબૂત રજૂઆત કરવામાં આવી છે.

ગ્રામ પંચાયતમાં ભાજપનો આંતરિક વિખવાદ સપાટી પર અવિશ્વાસ પ્રસ્તાવ મંજૂર થતા સરપંચ હરિચંદ ભોયેએ પદ ગુમાવ્યુ

આહવા ગ્રામ પંચાયતનાં ૧૮માંથી ૧૪ સભ્યો બેઠકમાં હાજર રહ્યા, ૧૩ સભ્યોએ સરપંચ વિરુદ્ધમાં મતદાન કરી પ્રસ્તાવ બહુમતીથી પસાર કર્યો,ડાંગ ભાજપાની જૂથબંધી ખુલ્લેઆમ સામે આવી..

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાનાં મુખ્ય મથક એવા આહવા ગ્રામ પંચાયતના સ્થાનિક રાજકારણમાં મોટો રાજકીય ભૂકંપ આવ્યો છે.આહવા ગ્રામ પંચાયતના સરપંચ હરિચંદભાઈ ભોયે સામે રજૂ કરવામાં આવેલો અવિશ્વાસનો પ્રસ્તાવ બહુમતીથી મંજૂર થઈ જતા તેમણે પોતાનું સરપંચ પદ ગુમાવવાનો વારો આવ્યો છે. આ ઘટનાને પગલે સમગ્ર ડાંગ જિલ્લાના રાજકારણમાં ભારે ગરમાવો વ્યાપી ગયો છે, તેમજ શાસક પક્ષ ભાજપની આંતરિક જૂથબંધી અને ખેંચતાણ પણ હવે સંપૂર્ણપણે સપાટી પર આવી ગઈ છે.પ્રાપ્ત માહિતી અનુસાર, છેલ્લા કેટલાક સમયથી આહવા ગ્રામ પંચાયતના અસંતુષ્ટ સભ્યોની સરપંચ હરિચંદભાઈ ભોયે સામે ભારે નારાજગી જોવા મળી રહી હતી. અસંતુષ્ટ સભ્યોએ સરપંચ પર ગામના વિકાસ કાર્યોમાં મનસ્વી વલણ અપનાવવાનો તેમજ સરકારી ગ્રાન્ટની ફાળવણી અને વિતરણમાં મનમાની કરવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. આ બાબતે સભ્યોએ એકસંપ થઈ તલાટી-કમ-મંત્રી અને તાલુકા વિકાસ અધિકારી (TDO) ને લેખિત અરજી આપીને સરપંચ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ લાવવાની માંગ કરી હતી.આ અરજીના અનુસંધાને ગુરુવારે આહવા તાલુકા વિકાસ અધિકારી આર.બી. ચૌધરી તેમજ તલાટી-કમ-મંત્રી પી.જી. ચૌહાણની ખાસ ઉપસ્થિતિ અને અધ્યક્ષતામાં આહવા ગ્રામ પંચાયત ખાતે એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતુ.આહવા ગ્રામ



પંચાયતના કુલ ૧૮ સભ્યોમાંથી આ બેઠકમાં ૧૪ સભ્યો હાજર રહ્યા હતા. મતદાન પ્રક્રિયા દરમિયાન હાજર રહેલા ૧૪ પૈકી ૧૩ સભ્યોએ સરપંચ હરિચંદભાઈ ભોયેની વિરુદ્ધમાં મતદાન કર્યું હતું. આમ, ૧૩ સભ્યોના સ્પષ્ટ બહુમતી મતો સાથે અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર થઈ જતાં હરિચંદ ભોયેને સરપંચ પદેથી દૂર થવું પડ્યુ છે. અત્રે નોંધનીય છે કે, ડાંગ જિલ્લાની સૌથી મોટી અને મહત્વની ગણાતી આહવા ગ્રામ પંચાયત પર વર્ષોથી ભારતીય જનતા પાર્ટીનો દબદબો છે. તેમ છતાં પક્ષના જ આંતરિક અસંતોષ અને બે અલગ-અલગ જૂથો વચ્ચે ચાલી રહેલા રાજકીય દાવપેચના કારણે પોતાની જ પાર્ટીના સરપંચ સામે આ પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે. વિશેષ ધ્યાન ખેંચનારી બાબત એ છે કે, અવિશ્વાસ પ્રસ્તાવની તરફેણમાં મતદાન કરનારા મોટાભાગના સભ્યો ડાંગ જિલ્લા ભાજપા સંગઠનમાં જ વિવિધ જવાબદારીઓ અને હોદ્દાઓ ધરાવે છે.આ સભ્યો દ્વારા પક્ષની કડક શિસ્તને બાજુએ મૂકીને પોતાના જ સરપંચને પદભ્રષ્ટ કરવાના આ નિર્ણયથી સ્થાનિક રાજકીય વર્તુળોમાં તરેહ-તરેહની ચર્ચાઓએ જોર પકડ્યું છે. આ સમગ્ર ઘટનાક્રમ બાદ હવે સ્થાનિક સ્તરે અનેક પ્રશ્નો ઊભા થયા છે. આગામી દિવસોમાં ડાંગ જિલ્લા ભાજપા પ્રમુખ કિશોરભાઈ ગાવીત તેમજ સંગઠનના પ્રભારી રાજેશભાઈ દેસાઈ પક્ષના આદેશોનું અનાદર કરનાર અને પક્ષવિરોધી પ્રવૃત્તિમાં સંડોવાયેલા સભ્યો સામે શિસ્તભંગના કડક પગલાં ભરે છે કે કેમ, તે જોવું રસપ્રદ રહેશે. હાલ તો આ ઘટનાથી આહવા સહિત સમગ્ર ડાંગ જિલ્લાના રાજકારણમાં ભારે ઉત્તેજના છવાયેલી છે.

નર્મદા જિલ્લામાં સર્વત્ર વરસાદી માહોલ, નદી નાળા છલકાયા તો અનેક રસ્તા ધોવાયા

સત્યવલંબા બારોટ

નર્મદા જિલ્લામાં આજદિન સુધી સરેરાશ કુલ 343.83 મિ.મિ.વરસાદ નોંધાયો છે. જિલ્લામાં તા.23 મી જુલાઈ, 2026ને ગુરૂવારના રોજ સવારના 6=00 કલાકે પુરા થતાં છેલ્લા 24 કલાક દરમિયાન દેડિયાપાડા તાલુકામાં 94 મિ.મિ. સાગબારા તાલુકામાં 87 મિ. મિ. ગરૂડેશ્વર તાલુકામાં 60 મિ.મિ. નાંદોદ તાલુકામાં 106 મિ.મિ. અને તિલકવાડા તાલુકામાં 40 મિ.મિ. વરસાદ નોંધાતા છેલ્લા ૨૪ કલાકમાં સરેરાશ 79.67 મી.મી. વરસાદ નોંધાયો છે. જિલ્લામાં ચાલુ વર્ષના મોસમના કુલ વરસાદની આજદિન સુધીની પરિસ્થિતિ જોઈએ તો સાગબારા તાલુકામાં 547 મિ.મિ., દેડિયાપાડા તાલુકામાં 384 મિ.મિ., તિલકવાડા તાલુકામાં 215 મિ.મિ., ગરૂડેશ્વર તાલુકામાં 170 મિ.મિ., નાંદોદ તાલુકામાં 364 મિ.મિ. વરસાદ નોંધાયો છે. આ સાથે નર્મદા જિલ્લામાં આજદિન સુધી સરેરાશ કુલ 343.83 મિ. મિ.વરસાદ નોંધાયો હોવાના અહેવાલ નર્મદા જિલ્લા પૂર નિયંત્રણ કક્ષ તરફથી પ્રાપ્ત થયાં છે.જિલ્લાના વિવિધ ડેમોની સપાટીની પરિસ્થિતિ જોઈએ તો નર્મદા ડેમ 127.82 મીટર, કરજણ ડેમ 104.95 મીટર છે. કરજણ ડેમ માંથી 30 હજાર ક્યુ. સે. પાણી છોડવામાં માં આવ્યું છે નાના કાકડીઆંબા ડેમ 183.30 મીટર અને ચોપડવાવ ડેમ 184.00 મીટરની સપાટી તથા ગરૂડેશ્વર પાસે નર્મદા ગેજ લેવલ 14.130 રહેવા પામી છે . કલેકટર નર્મદા એ આજે ડિઝાસ્ટર સેન્ટર ખાતે જઈ તમામ માહિતી મેળવી હતી . આવતીકાલે એટલે કે 24 જુલાઈ ના રોજ જિલ્લા ની તમામ શાળા કોલેજો માં રજા જાહેર કરવામાં આવી છે .

ખાંભાના વાંકુનીધાર પંચમુખી હનુમાનજી મંદિરે ૨૯ જુલાઈએ ગુરુપૂર્ણિમા મહોત્સવની ભવ્ય ઉજવણી

રિપોર્ટર રાકેશ પ્રજાપતિ ખાંભા

ખાંભાના ઈંગોરાળા નજીક આવેલ વાંકુનીધાર પંચમુખી હનુમાનજી મંદિરે ૨૯ જુલાઈએ ગુરુપૂર્ણિમા મહોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી: મનિન્દરજીતસિંહ બિટ્ટાની ખાસ ઉપસ્થિતિમાં ગુરુ પૂંજન અને યજ્ઞ યોજાશે.પવિત્ર ધામ એવા ખાંભા તાલુકાના ઈંગોરાળા ગામ નજીક આવેલ શ્રી પંચમુખી હનુમાનજી મંદિર, વાંકુની ધાર ખાતે આગામી તા. ૨૯/૦૭/૨૦૨૬, બુધવારના પવિત્ર દિવસે 'ગુરુપૂર્ણિમા મહોત્સવ'ની ધામધૂમપૂર્વક અને શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવશે. આ મહોત્સવ પ.પૂ. મહંતશ્રી રામબાલકદાસ બાપુ તથા પૂજ્ય કરુણાનિધાનદાસ બાપુના પાવન સાનિધ્યમાં યોજાશે. આ પ્રસંગે વિશેષ અતિથિ તરીકે અખિલ ભારતીય આતંકવાદ વિરોધી મોરચાના અધ્યક્ષ શ્રી મનિન્દરજીતસિંહ બિટ્ટા ઉપસ્થિત રહી મહોત્સવની શોભા વધારશે. આ પવિત્ર ધાર્મિક ઉત્સવમાં સૌરાષ્ટ્રભરમાંથી બહોળી સંખ્યામાં હરિભક્તો અને ભાવિકો ઉમટી પડશે. પ.પૂ. મહંતશ્રી રામબાલકદાસ બાપુ તથા પૂજ્ય કરુણાનિધાનદાસ બાપુ દ્વારા તમામ ધર્મપ્રેમી જનતાને આ પવિત્ર ગુરુપૂર્ણિમા મહોત્સવ, યજ્ઞ દર્શન તથા મહાપ્રસાદનો લાભ લેવા ભાવભર્યું જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. (તા. ૨૯/૦૭/૨૦૨૬, બુધવાર) સવારે ૯:૦૦ કલાકે શાસ્ત્રોક્ત વિધિથી ગુરુ પૂજન તથા ગુરુ ધારણા, સવારે ૯:૩૦ કલાકે યજ્ઞ તેમજ બપોરે ૧૧:૩૦ કલાકે તમામ ભક્તજનો માટે ભોજન મહાપ્રસાદ નું ભવ્ય અને સુંદર આયોજન થશે ભોજન મહાપ્રસાદના દાતા (ગામ - ઈંગોરાળા):(૧) શ્રી અશ્વિનભાઈ બાલુભાઈ સભાયા, (૨) શ્રી કમલેશભાઈ ગોવિંદભાઈ સભાયા, (૩) શ્રી મીત અશ્વિનભાઈ સભાયા. ઈંગોરાળાપરિવાર દ્વારા સેવા અપાશે. સ્થળ: શ્રી પંચમુખી હનુમાનજી મંદિર, વાંકુનીધાર આશ્રમ, તા. ખાંભા, જિ. અમરેલી.

પી.જી.વી.સી.એલ.,જૂનાગઢ દ્વારા ખેતીની જમીનમાં વીજ જોડાણ તથા સોલર પમ્પના ઉપયોગ અંગે સ્પષ્ટતા

નરેન્દ્ર દવે જૂનાગઢ | સર્વોત્તમ સેવા થકી ગ્રાહકોને સંતોષ એ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડનું સ્વપ્ન છે. જે અનુસાર વર્તુળ કચેરી - જૂનાગઢ ના માનવંતા ગ્રાહકોને વીજ વિક્ષેપ સંબંધિત પ્રશ્નોનું નિરાકરણ સરળતાથી લાવી શકાય અને હરહંમેશ સંતોષકાર સેવા મળી રહે તેવા ઉમદા હેતુથી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ તરફથી વર્તુળ કચેરી હેઠળ ની તમામ પેટા વિભાગીય કચેરીમાં વીજ જોડાણ માટે બિનખેતીના હોય અને વીજ કનેક્શન લેવા માટે ઉર્જા અને પેટ્રો કેમિકલ ના ઠરાવ મુજબ વાડી વિસ્તારમાં છૂટાછવાયા ઘરોમાં રહેણાક હેતુ માટે, ગામતળ બહાર લઘુ ઓધોગિક વિષયક હેતુ માટે, ખેતી વિષયક જમીનમાં આશ્રમશાળા આદર્શ નિવાસી શાળા, આદર્શ છાત્રાલય, પોલ્ટ્રીફાર્મ, તબેલા, ઝીંગા ફાર્મ, ગૌશાળા, તમાકુની ખળી, મોબાઈલ ટાવર, મિલ્ક ચિલિંગ પ્લાન્ટ, મેંગો રાઈપનિંગ,અનાજ દળવાની ઘંટી વગેરે કોમર્શિયલ હોય તેવી તમામ પ્રવુતિઓના વિજજોડાણ માટે નિયમ મુજબ જરૂરી આધાર પુરાવા રજૂ કરી વીજ કનેક્શન આપવા માટેની કાર્યવાહી કરવામાં આવે છે.

જૂનાગઢ ખાતે 'યુવા આપદા મિત્ર' તાલીમાર્થીઓ માટે બેસિક ફાયર ઈન્ડક્શન તાલીમ યોજાય

નરેન્દ્ર દવે જૂનાગઢ | જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત 'યુવા આપદા મિત્ર' સાત દિવસીય તાલીમ કાર્યક્રમ અંતર્ગત જુનાગઢ મહાનગરપાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસિસ વિભાગ દ્વારા બેસિક ફાયર ઈન્ડક્શન તાલીમનું આયોજન તા.૨૩/૦૭/૨૬ ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ,જફર મેદાન, જુનાગઢ ખાતે કરવામાં આવેલ હતું. આ તાલીમમાં એન.એસ.એસ. તથા માય ભારત યોજનાના અંદાજિત ૧૦૦જેટલા તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ફાયર વિભાગના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓએ તાલીમાર્થીઓને આગ લાગવાના વિવિધ કારણો, આગથી બચવા માટેના સુરક્ષા ઉપાયો તેમજ આપત્તિ સમયે ઝડપી અને અસરકારક પ્રતિસાદ અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું. તાલીમ દરમિયાન અગ્નિશામક સાધનોના પ્રકારો, તેમનો યોગ્ય ઉપયોગ, ફાયર સેફ્ટીના મૂળભૂત નિયમો તથા વિવિધ આપત્તિઓ દરમિયાન અનુસરવાની સાવચેતી અંગે સિદ્ધાંત અને પ્રાયોગિક બંને પ્રકારની માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત, પ્રાથમિક બચાવ કામગીરી, ઈમરજન્સી પ્રતિસાદ અને આપત્તિ વ્યવસ્થાપનની પદ્ધતિઓ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું. જૂનાગઢ ફાયર વિભાગ દ્વારા આપવામાં આવેલી આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાઓમાં આપત્તિ પ્રત્યે જાગૃતિ લાવવાનો, ફાયર સેફ્ટી અંગે વ્યવહારુ જ્ઞાન પૂરું પાડવાનો અને આપત્તિના સમયે સ્થાનિક સ્તરે કાર્યક્ષમ સ્વયંસેવકો તૈયાર કરવાનો હતો. જૂનાગઢ ફાયર અને ઈમરજન્સી સર્વિસિસ વિભાગ સતત જનજાગૃતિ, તાલીમ અને પ્રાયોગિક માર્ગદર્શન દ્વારા નાગરિકોમાં સુરક્ષા પ્રત્યેની જવાબદારી અને સજ્જતા વધારવા માટે પ્રતિબદ્ધ છે. આ પ્રકારના કાર્યક્રમો આપત્તિ ના સમયે જાનમાલની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યા છે.

17 ઓગસ્ટથી વેરાવળ-સાબરમતી વંદે ભારત એક્સપ્રેસ હવે બદલાયેલા માર્ગ પરથી દોડશે, સૌરાષ્ટ્ર વિસ્તારના વધુ મુસાફરોને મળશે આધુનિક રેલ સેવાનો લાભ

પશ્ચિમ રેલવે, ભાવનગર

મુસાફરોની સુવિધા તથા પ્રાદેશિક રેલ જોડાણને વધુ મજબૂત બનાવવાના હેતુથી ભારતીય રેલ્વેએ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રેલ્વે બોર્ડના નિર્દેશ અનુસાર ટ્રેન નંબર 26901/26902 સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ હવે બદલાયેલા માર્ગ પરથી દોડશે, જેના પરિણામે સૌરાષ્ટ્રના અનેક મહત્વપૂર્ણ શહેરો અને નગરોના મુસાફરોને આ આધુનિક સેમી-હાઈસ્પીડ રેલ સેવાનો લાભ મળશે.ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે બદલાયેલા માર્ગ પર વંદે ભારત એક્સપ્રેસ વેરાવળથી સાબરમતી અને સાબરમતીથી વેરાવળ બંને દિશામાં જૂનાગઢ, ઢસા, ધોળા, બોટાદ, ધંધુકા, ધોળકા અને ગાંધીગ્રામ સ્ટેશનો પર રોકાશે. આથી આ વિસ્તારોના મુસાફરોને પ્રથમ વખત વંદે ભારત એક્સપ્રેસ જેવી વિશ્વસ્તરીય રેલ સેવાનો સીધો લાભ મળશે.હાલમાં આ ટ્રેન વેરાવળ, જૂનાગઢ, રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર જંક્શન, વિરમગામ જંક્શન અને સાબરમતી સ્ટેશનો મારફતે દોડે છે. નવા માર્ગના અમલ બાદ વેરાવળ, જૂનાગઢ, ઢસા, ધોળા, બોટાદ, ધંધુકા, ધોળકા, ગાંધીગ્રામ અને સાબરમતી જેવા મહત્વપૂર્ણ સ્ટેશનોના મુસાફરોને ઝડપી, સુરક્ષિત અને આરામદાયક મુસાફરીનો વિકલ્પ મળશે. આ ફેરફારથી પ્રાદેશિક વિકાસ, પર્યટન અને વેપારિક પ્રવૃત્તિઓને પણ નવી ગતિ મળવાની આશા છે.માર્ગ પરિવર્તન બાદ આ ટ્રેન વેરાવળથી હાલના નિર્ધારિત સમય બપોરે 2:45 વાગ્યાના બદલે 3:50 વાગ્યે પ્રસ્થાન કરશે અને રાત્રે 9:35 વાગ્યાના બદલે 10:25 વાગ્યે સાબરમતી પહોંચશે. તે જ રીતે પરત ફરતી વખતે ટ્રેન સાબરમતીથી હાલના સવારે 5:25 વાગ્યાના બદલે 6:00 વાગ્યે પ્રસ્થાન કરશે અને બપોરે 12:25 વાગ્યાના બદલે 12:50 વાગ્યે વેરાવળ પહોંચશે.સોમનાથ, ગીર વિસ્તાર તેમજ સૌરાષ્ટ્રના અન્ય મુખ્ય પર્યટન અને ધાર્મિક સ્થળોની મુલાકાત લેતા મુસાફરોને આ ફેરફારથી વિશેષ લાભ મળશે. સાથે જ સ્થાનિક નાગરિકો, વેપારીઓ અને વિદ્યાર્થીઓ માટે અમદાવાદ વિસ્તાર સાથેનું રેલ જોડાણ વધુ સરળ અને સુલભ બનશે.ભાવનગર રેલ્વે મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ મુસાફરોને અપીલ કરી છે કે તેઓ મુસાફરીનું આયોજન કરતાં પહેલાં નવી સમયસૂચિ તેમજ આરક્ષણ સંબંધિત માહિતી અવશ્ય મેળવી લે.પશ્ચિમ રેલ્વે મુસાફરોને સુરક્ષિત, આધુનિક અને ગુણવત્તાસભર રેલ સેવાઓ પ્રદાન કરવા માટે સતત પ્રતિબદ્ધ છે તેમજ પ્રાદેશિક જરૂરિયાતોને અનુરૂપ રેલ નેટવર્કને વધુ મજબૂત બનાવવા માટે સતત પ્રયત્નશીલ છે.

ટીબી મુક્ત ભારત અંતર્ગત :જાફરાબાદ ખાતે અલ્ટ્રા ટેક નર્મદા સિમેન્ટ કંપની ક્ષયરોગના દર્દીઓને પોષ્ટિક આહાર કીટ નું વિતરણ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ ખાતે દર મહીને ટીબી ના દર્દી ઓને અલ્ટ્રા ટેક નર્મદા સિમેન્ટ કંપની દ્વારા ટીબી દર્દીઓને દર્દમાંથી મુક્તિ મળે તે માટે તેઓને જરૂરી પૌષ્ટિક આહારની કીટ દર મહિને આપવામાં આવે છે. જેના ભાગરૂપે સરકારી હોસ્પિટલ ખાતે ઉપસ્થિત દર્દીઓને આહાર કીટ અર્પણ કરવામાં આવી હતી ટીબીના દર્દીઓને ઝડપથી રોગમુક્ત કરવા દવાની સાથે પૌષ્ટિક આહારની પણ ખાસ જરૂરિયાત રહેતી હોય છે. ત્યારે હાલ મોંઘવારી સમયમાં ગરીબ દર્દીઓ પૌષ્ટિક આહાર પૂરતા પ્રમાણમાં ખરીદી શકતા ન હોય. આથી કોઈપણ ટીબી ના દર્દીઓને પૌષ્ટિક આહારના કારણે દર્દથી પીડાવું ન પડે તે માટે અલ્ટ્રા ટેક નર્મદા સિમેન્ટ કંપની દ્વારા દર મહિને પૌષ્ટિક આહાર કીટનું વિતરણ

કરવામાં આવે છે. ટીબી ના દર્દી ઓના ઘરે ઘરે જઈને સિનિયર ટ્રીટમેન્ટ સુપરવાઈઝર સંદિપભાઈ ક્ષયરોગ ના લક્ષણો વિશે માહિતી અને માર્ગદર્શન પૂરું પાડી રહ્યા છે. દર્દીઓ ને તથા અન્ય લોકોને ટીબી વિશે માર્ગદર્શન આપતા જણાવી રહ્યા છે કે સતત બે અઠવાડિયાથી વધુ સમય સુધી ઉધરસ રહેવી, તાવ આવવો, વજન ઘટવું અને રાત્રે પરસેવો થવો જેવા લક્ષણો જણાય તો તાત્કાલિક સરકારી આરોગ્ય કેન્દ્ર માં તપાસ કરાવવી જોઈએ સરકારી દવાખાનામાં ટીબી નો સંપૂર્ણ અને નિઃશુલ્ક ઈલાજ ઉપલબ્ધ હોવાથી સારવાર ક્યારેય અધૂરી ન છોડવી જોઈએ અને ટીબી મુક્ત બનાવવા દરેક નાગરિકે પોતાનો સહયોગ આપવો જોઈએ દર્દી ઓને હોસ્પિટલ દ્વારા દવાઓ અને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે. તેની સાથે સાથે જરૂરિયાતમંદ દર્દીઓને દર મહિને પૌષ્ટિક આહાર કીટ આપવામાં આવે છે. જેમાં ગોળ, ચણા, મગ, પાઉડર સહિતના ખાદ્ય પદાર્થો સાથે બનાવેલી પૌષ્ટિક આહાર કીટ દર્દીઓને આપવામાં આવે છે. જો દર્દીઓ સમયસર દવા અને આ આહાર કીટ માં આપેલ ખાદ્ય પદાર્થને આરોગે તો ચોક્કસપણે ટીબી ના રોગમાંથી મુક્ત થઈ શકે છે.પૌષ્ટિક આહાર કીટ વિતરણમાં ટીબી મુક્ત ભારત અંતર્ગત જાફરાબાદ તાલુકાના તમામ ટીબી દર્દી ઓને સારવાર દરમ્યાન અલ્ટ્રા ટેક નર્મદા સિમેન્ટ કંપની જાફરાબાદ તરફ થી દરેક દર્દીઓ ને દર મહિને પોષણ યુક્ત આહાર કીટ આપવામાં આવે છે.જીલ્લા આ તકે ઉપસ્થિત ક્ષય અધિકારી ડો.કુરેશી.તેમજ તાલુકા હેલ્થ ઓફિસર ડો.ટાક ના માર્ગદર્શન મુજબ આ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતુ.આ કાર્યક્રમ ને સફળ બનાવવા અને દરેક ટીબી પેશન્ટ ના ઘરે ઘરે સુધી જઈને ક્ષયરોગ વિશે સમ્પુર્ણ માહિતી આપવામાં ખુબ જ મહેનત કરતા સિનિયર ટ્રીટમેન્ટ સુપરવાઈઝર સંદિપભાઈ જોષી દ્વાર ટીબી મુક્ત બનાવવા માટે ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

ઉપલેટામાં ચોરાઇ ગયેલ મોટરસાયકલનો ભેદ ઉકેલતી ઉપલેટા પોલીસ

વિજય રાદીયા ઉપલેટા

ઉપલેટામાં તા.૧૭/૦૭/૨૦૨૬ ના રોજ સવારના સાડા સાતેક વાગ્યાથી સવા બાર વાગ્યાના સમયગાળા દરમ્યાન ફરીયાદી ધીરજલાલ વેલજીભાઈ પેથીવાડીયા રહે. ઉપલેટા તેમનું સ્વેન્ડર સે મોટર સાઇકલ રજી. નંબર GJ 10 AK 3194 . નું કોઇ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઇ જતા ઉપલેટા પોલીસ સ્ટેશન ગુનો નોંધાયેલ તેમજ ગઇ તા.૧૪/૦૭/૨૦૨૬ ના બપોરના આશરે ત્રણેક વાગ્યાના આસપાસ ફરીયાદી મનોજભાઈ ભોજાભાઈ કટારા પોતાના હવાલા વાળું હોન્ડા સાઇન મોટર સાઇકલ રજી.નંબર GJ 03 PF 7754 કી.રૂ.૯૦,૦૦૦/- નું બાપા સિતારામ ચોક પાસે પાર્ક કરી ચા પાણી પીવા ગયેલ તે દરમ્યાન કોઇ અજાણ્યો ઇસમ મોટર સાઇકલ ચોરી કરી લઇ ગયેલની હકીકત જણાવતા ઉપલેટા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧૩૦૪૨૬૦૫૨૬/૨૦૨૬ BNS ૨૦૨૩ ની કલમ ૩૦૩(૨) મુજબ ગુનો રજીસ્ટર થયેલ હતો.ઉપરોક્ત ગુનાઓની ગંભીરતાને ધ્યાને લઇ રાજકોટ રેન્જના પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય સાહેબ તથા રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર સાહેબ મિલ્કત સબંધી અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરી, ચોરીમાં ગયેલ મોટર સાઇકલ તથા ગુનામાં સંડોવાયેલ આરોપીઓને તાત્કાલિક ઝડપી પાડવા સુચના આપેલ હોય જેથી ધોરાજી ડીવીઝનના મદદનીશ પોલીસ અધિક્ષક સિમરન ભારવાજ સાહેબ ના સીધા માર્ગદર્શન હેઠળ હ્યુમન સોર્સ તથા ટેકનીકલ સોર્સની મદદથી ગુનો ઉપલેટા પોલીસ સ્ટેશન પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૩૦૪૨૬૦૫૩૮/૨૦૨૬ BNS ૨૦૨૩ ની કલમ ૩૦૩ ગુનામાં સંડોવાયેલ આરોપી- વિજયભાઈ જેન્તીભાઈ મુરીયાણા રહે. હાડફોડી ઉપલેટા વાળાને ચોરાય ગયેલ સ્વેન્ડર મોટર સાઇકલ રજી. નંબર GJ 10 AK 3194 સાથે ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે

તેમજ ઉપલેટા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧૩૦૪૨૬૦૫૨૬/૨૦૨૬ BNS ૨૦૨૩ ની કલમ ૩૦૩ મુજબના ગુનાના કામે ચોરીમાં ગયેલ હોન્ડા સાઇન મોટર સાઇકલ રજી.નંબર GJ 03 PF 7754 કી. ફરીયાદીના સગીર વયના પુત્રએ પોતાના મિત્રને મોટર સાઇકલ ચલાવવા આપી. જો આ બાબતે પોતાના પિતા (ફરીયાદી) ને વાત કરશે તો ગુસ્સો કરશે અથવા માર મારશે તેવી બીકના કારણે પોતાનું મોટર સાઇકલ ચોરી થઇ ગયેલ હોવાની પોતાના પિતાજી ને વાત કરેલ હોવાનું તપાસના કામે ખુલવા પામતા હોન્ડા સાઇન મોટર સાઇકલ કબ્જે કરી આગળની ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ. ઉપલેટા પો.સ્ટે.ના પોલીસ ઈન્સપેક્ટર એચ.એમ.ધાધલ, એ.એસ.આઇ. નિલેશભાઈ નાગદાનભાઈ ચાવડા, પંકજસિંહ પ્રભાતસિંહ જાડેજા, પો. હેડ કોન્સ. મનસુખભાઈ કેસાભાઈ રંગપરા, પો. કોન્સ. શક્તિસિંહ મહાવીરસિંહ જાડેજા, વિપુલભાઈ ધીરૂભાઈ, રાહુલકુમાર માલાભાઈ દ્વારા હ્યુમન સોર્સ તથા ટેકનીકલ મદદથી કરવામાં આવેલ છે.

જૂનાગઢ જિલ્લામાં વરસાદી ઋતુમાં આરોગ્ય વિભાગ દ્વારા ૧.૨૪ લાખથી વધુ લોકોનો આરોગ્ય સર્વે

નરેન્દ્ર દવે જૂનાગઢ

વર્ષાઋતુને અનુલક્ષીને જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા તમામ તાલુકા અને ગામોમાં સઘન આરોગ્યલક્ષી કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. હાલ વરસાદના કારણે જૂનાગઢ જિલ્લાનો કોઈપણ તાલુકો અસરગ્રસ્ત નથી.જિલ્લામાં ચાંદીપુરા વાયરસનો એકપણ કેસ નોંધાયેલ નથી. તેમ છતાં ચાંદીપુરા સહિત વરસાદી ઋતુમાં ફેલાતા રોગો અંગે સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.જિલ્લાના તમામ તાલુકાઓમાં મેડિકલ ઓફિસર અને કોમ્યુનિટી હેલ્થ ઓફિસર દ્વારા ઓપીડી સેવાઓ નિયમિત રીતે આપવામાં આવી રહી છે. આજે જિલ્લાના વિવિધ વિસ્તારો માં કુલ ૭૫ મેડિકલ કેમ્પમાં ૧,૫૨૮ દર્દીઓને આરોગ્ય તપાસ અને સારવાર આપવામાં આવી હતી. આરોગ્ય વિભાગની મેડિકલ તથા પેરા-મેડિકલ ટીમો દ્વારા ઘરે-ઘરે જઈ આરોગ્ય સર્વે કરવામાં આવી રહ્યો છે.આજે ૧,૨૪,૪૩૦ લોકોનો સર્વે કરવામાં આવ્યો હતો. સર્વે દરમિયાન સામાન્ય તાવના ૩૯૫ દર્દી, ઝાડા-ઉલટીનો ૧ દર્દી તથાશરદી-ખાંસી ના ૯૦૪ દર્દીઓ મળી આવ્યા હતા, જેમને જરૂરી પ્રાથમિક સારવાર અને દવાઓ આપવામાં આવી હતી. ઉપરાંત ૮,૪૯૦ ક્લોરીન ટેબ્લેટ અને ૧૦૯ ORS પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. પીવાના પાણીની શુદ્ધતા માટે ગ્રામ પંચાયતોને સુપર ક્લોરીનેશન કરવા સૂચના આપવામાં આવી છે. આરોગ્ય કર્મચારીઓ દ્વારા પાણીમાં ક્લોરીનની માત્રાની નિયમિત ચકાસણી કરવામાં આવી રહી છે તેમજ જરૂરિયાત મુજબ દવા છંટકાવની કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી છે. જિલ્લાના તમામ ગામોમાં તાલુકા આરોગ્ય અધિકારી, મેડિકલ ઓફિસરો અને સુપરવાઈઝરો દ્વારા સતત સુપરવિઝન તેમજ જિલ્લા કક્ષાએ કંટ્રોલ રૂમ (૦૨૮૫-૨૯૩૩૧૩૧) કાર્યરત રાખવામાં આવ્યો છે, જ્યાંથી સમગ્ર કામગીરીનું સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.

જાફરાબાદ-રાજુલા રોડ પર મસમોટા ખાડાઓથી વાહનચાલકો પરેશાન; તંત્રની ઘોર બેદરકારી સામે રોષ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ થી રાજુલા જતા રોડ ઉપર પડ્યા મસમોટા ખાડા-વાહન ચાલકો પરેશાન-તંત્ર નિંભર? હોય તેવું લાગી રહ્યું છે. આ પડેલા મસમોટા ખાડા રાત મધરાતે વાહન ચાલકો ને દેખાતા ન હોવાથી કોઈ ગંભીર અકસ્માત સર્જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. ટુ વ્હીલર ચાલકો આ પડેલા મસમોટા ખાડા ના કારણે ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. પરંતુ માર્ગ મકાન વિભાગ કુંભકર્ણ નિંદ્રામાં પોઢી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. આ પડેલા મસમોટા ખાડાઓ ના કારણે ન કરે ને કોઈ ગંભીર અકસ્માત માં કોઈ અનમોલ માનવ જીંદગી છિનવાઈ જાય તો જવાબદારી કોની..?? પી. ડબલ્યુ ડી દ્વારા જ્યારે જ્યારે ખાડા ઓ પણ પુરવામાં આવે ત્યારે મસમોટી કપચીઓ રોડ ઉપર પથરાયેલી હોવાથી વાહનચાલકો માં અકસ્માત ની ભીતી સેવાઈ રહી છે. પરંતુ માર્ગ મકાન વિભાગની રસ્તાઓની હાલત ગંભીર બનતી જાય છે અને રોજના અકસ્માતો સર્જાતા તેમાં નિર્દોષ લોકોના મોત થઈ જાય

છે,બિસ્માર માર્ગોના કારણે વાહન ચાલકો વાહન ઉપરનો અંકુશ ખોઈ બેસતા ગંભીર અકસ્માતો સર્જાય છે અને આ કારણે લોકોના મોત થઈ જાય છે અને આ બાબતે જવાબદારો સમક્ષ વારંવારરજૂઆતો કરવામાં આવી રહી છે છતાં તેઓ જાણે કે નિંભર બની ગયા હોય તેમ તેમના પેટનું પાણી હાલતુ નથી અને પરિણામે પરિસ્થિતિ અતિશય ગંભીર બનતી જતી રહી છે. આ પડેલા મસમોટા ખાડા દેખાઈ રહ્યા છે તેમ છતાં તંત્રને તે દેખાતા નથી કે દેખવા માંગતા નથી ? ગંભીર અકસ્માતોનો ભોગ બનતા વાહન ચાલકો છતાં કોઈને કંઈ પડી નથી? શું આ પડેલા મસમોટા ખાડા કોઈ ગંભીર અકસ્માત નોતરે તે પહેલા કુંભકર્ણ નિંદ્રામાં સુતેલું તંત્ર ધ્યાન ઉપર લઈ તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે કે પછી હાલ હતો હે ચલતા હે તેવું અપનાવવામાં આવશે...?? કે પછી કોઈ ગંભીર અકસ્માત સર્જાય અને અનમોલ માનવ જીંદગી છિનવાઈ ત્યારે પડેલા ખાડા ઓ પુરવામાં આવશે...?? આ પડેલા મસમોટા ખાડા ના કારણે વાહનચાલકો માં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

કામધેનુ યુનિવર્સિટી સંચાલિત પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂનાગઢ આજે રાજ્યના અગ્રણી વેટનરી શિક્ષણ કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું

નરેન્દ્ર દવે જૂનાગઢ

શિક્ષણ ત્યારે જ અર્થપૂર્ણ બને છે જ્યારે તે જ્ઞાન સાથે સેવા, સંવેદના અને સમાજપ્રતિની જવાબદારી પણ શીખવે. સદી જૂના ગૌરવશાળી વારસા સાથે કાર્યરત કામધેનુ યુનિવર્સિટી સંચાલિત પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂનાગઢ આજે રાજ્યના અગ્રણી વેટનરી શિક્ષણ કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે. આધુનિક શૈક્ષણિક સુવિધાઓ, સંશોધન આધારિત અભ્યાસ, અનુભવી ફેકલ્ટી, અદ્યતન પશુ હોસ્પિટલ અને વિશાળ પશુ ઉચ્છેર કેન્દ્રના સમન્વયથી આ સંસ્થા વિદ્યાર્થીઓને વિશ્વસ્તરીય શિક્ષણ અને ઉજ્જવળ કારકિર્દી માટે સશક્ત બનાવી રહી છે. મહાવિદ્યાલયના આચાર્યશ્રી, ડૉ. એમ.ડી.ઓડેદરાના જણાવ્યાનુસાર જૂનાગઢનું પશુ ઉચ્છેર કેન્દ્ર (Cattle Breeding Farm) દેશના સૌથી જૂના અને વિશાળ ગીર ગાય સંવર્ધન કેન્દ્રોમાંનું એક છે. ઈ.સ. ૧૯૨૦માં તત્કાલીન જૂનાગઢના નવાબ દ્વારા સ્થાપિત આ કેન્દ્ર આજે લગભગ ૧૮૪ હેક્ટર વિસ્તારમાં ગીર ગાય અને જાફરાબાદી ભેંસોના સંવર્ધન માટે રાષ્ટ્રીય સ્તરે આગવી ઓળખ ધરાવે છે. સમયાંતરે ગુજરાત સરકાર, ગુજરાત કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી અને હાલમાં કામધેનુ યુનિવર્સિટીના માર્ગદર્શન હેઠળ આ સંસ્થા સતત વિકાસના નવા સોપાનો સર કરી રહી છે. ડૉ.ઓડેદરાએ જણાવ્યું કે મહાવિદ્યાલયમાં દર વર્ષે વેટનરી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ધોરણો મુજબ ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે, જેમાં vci ક્વોટા અનુસાર ૧૫ ટકા બેઠકો અને ૮૫ ટકા બેઠકો ગુજરાતના વિદ્યાર્થીઓ માટે અનામત છે. અહીં B.V.Sc. & A.H., B.F.Sc., B.Tech. (Dairy Technology) ઉપરાંત અનુસ્નાતક અને Ph.D. સુધીના અભ્યાસની સુવિધા ઉપલબ્ધ છે. B.V.Sc. & A.H.માં પ્રવેશ માટે NEET ફરજિયાત છે, જ્યારે અન્ય અભ્યાસક્રમોમાં યુનિવર્સિટીના નિયમો મુજબ પ્રવેશ આપવામાં આવે છે. ડૉ.ઓડેદરાએ વધુમાં જણાવ્યું કે મહાવિદ્યાલયમાં ડિજિટલ ક્લાસરૂમ, સમૃદ્ધ લાયબ્રેરી, અદ્યતન પ્રયોગશાળાઓ, કોન્ફરન્સ હોલ, સંશોધન વિભાગો અને ફિલ્ડ ટ્રેનિંગ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓને પુસ્તકીય જ્ઞાનની સાથે પ્રાયોગિક અનુભવ મળે તે માટે પશુ હોસ્પિટલ, પશુ ઉચ્છેર કેન્દ્ર અને વિવિધ સંશોધન એકમોમાં નિયમિત તાલીમ-આપવામાં આવે છે. સાથે જ પ્લેસમેન્ટ માર્ગદર્શન, કારકિર્દી કાઉન્સેલિંગ, નિષ્ણાતોનું માર્ગદર્શન તથા એન.એસ.એસ. જેવી પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવે છે.મહાવિદ્યાલય સાથે સંકળાયેલી આધુનિક પશુ હોસ્પિટલ વિશે માહિતી આપતાં પ્રોફેસર અને પશુચિકિત્સક ડૉ.આર.એચ. ભટ્ટે જણાવ્યું હતું કે હોસ્પિટલમાં સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં પશુપાલકો પોતાના પશુઓ ની સારવાર માટે આવે છે. અહીં દર વર્ષે ૧૫ હજારથી વધુ કેસોની નોંધણી અને સારવાર કરવામાં આવે છે. હોસ્પિટલમાં રેડિયોગ્રાફી (X-Ray), સોનોગ્રાફી, હિમેટોલોજી, બાયોકેમિકલ એનાલાઈઝર સહિતની આધુનિક નિદાન સુવિધાઓ ઉપલબ્ધ છે અને પશુઓને વિનામૂલ્યે સારવાર તથા દવાઓ પૂરી પાડવામાં આવે છે. આ જ હોસ્પિટલ વિદ્યાર્થીઓ માટે જીવંત ક્લિનિકલ તાલીમ કેન્દ્ર તરીકે પણ કાર્ય કરે છે, જ્યાં તેઓ અનુભવી ડોક્ટરોના માર્ગદર્શન હેઠળ વ્યવહારુ જ્ઞાન મેળવે છે.તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના પીપળવા ગામની વિદ્યાર્થીની મહિમા ગામીત જણાવે છે કે મહાવિદ્યાલયમાં અભ્યાસ દરમિયાન થિયરીની સાથે ગુણવત્તાસભર પ્રેક્ટિકલ તાલીમ અને પાયાનું વૈજ્ઞાનિક જ્ઞાન પ્રાપ્ત થાય છે. વાઈલ્ડ લાઈફ ક્ષેત્રે કાર્ય કરીને મૂંગા પશુઓની સેવા કરવાનો પોતાનો સંકલ્પ અહીં મળતી તાલીમથી વધુ મજબૂત બન્યો છે. અનુભવી પ્રાધ્યાપકોના માર્ગદર્શન અને વ્યવહારુ અભ્યાસના કારણે ભવિષ્યમાં એક સફળ પશુચિકિત્સક બનવાનું સ્વપ્ન સાકાર થવાનો વિશ્વાસ વ્યક્ત કરે છે. આચાર્ય ડૉ.ઓડેદરાએ જણાવ્યું કે પશુચિકિત્સા વ્યવસાય હવે માત્ર પશુઓની સારવાર પૂરતો મર્યાદિત રહ્યો નથી. 'વન હેલ્થ'ના વૈશ્વિક અભિગમ હેઠળ માનવ આરોગ્ય, પશુ આરોગ્ય અને પર્યાવરણના સંરક્ષણમાં પણ વેટનરી નિષ્ણાતોની મહત્વપૂર્ણ ભૂમિકા છે. સરકારી વિભાગો, ડેરી ઉદ્યોગો, સંશોધન સંસ્થાઓ, ફાર્માસ્યુટિકલ કંપનીઓ, યુનિવર્સિટીઓ તેમજ સ્વરોજગાર સહિત અનેક ક્ષેત્રોમાં આ અભ્યાસક્રમો ઉજ્જવળ કારકિર્દીના દ્વાર ખોલે છે.આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓ અને વાલીઓને કામધેનુ યુનિવર્સિટીની પ્રવેશ પ્રક્રિયા મુજબ સમયસર ઓનલાઈન અરજી કરવા અનુરોધ કરતાં જણાવ્યું હતું કે, જૂનાગઢ વેટરનરી કોલેજ ગુણવત્તાસભર શિક્ષણ અને પ્રયોગાત્મક તાલીમ દ્વારા વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી માટે સશક્ત બનાવી રહી છે.

કોટડા જડોદરમાં રામ મંદિર નવનિર્માણ પ્રાંગણમાં નવચંડી યજ્ઞ યોજાયો

મહેશ એલ. સોની નખત્રાણા

કોટડા જડોદર મુકામે ભગવાન શ્રી રામ મંદિરના નવનિર્માણના પવિત્ર પ્રાંગણમાં નવચંડી યજ્ઞનું ભક્તિભાવ સાથે આયોજન કરવામાં આવ્યું હતું. આ યજ્ઞની પ્રેરણા કોટડા લોહાણા મહાજન સમાજના ટ્રસ્ટી શ્રી પંકજભાઈ કાનજીભાઈ દૈયા તરફથી મળી હતી. આ યજ્ઞ થાય તેવો સંકલ્પ જ્યોતિબેન પંકજભાઈ ઠક્કર, ખેતરપાળ દાદાના ભોઈ શ્રી દેવકુંવરબા જાડેજા અને કોટડા લોહાણા મહાજનના પ્રમુખ શ્રી વિગ્નેશભાઈ ઠક્કર દ્વારા કરવામાં આવ્યો હતો. સંકલ્પને સાકાર કરવા માટે સમગ્ર આયોજન કોટડા જડોદર લોહાણા મહિલા મંડળના નેજા હેઠળ કરવામાં આવ્યું હતું. મહિલા મંડળના પ્રમુખશ્રી ઉર્વીબેન કારીયા અને ઉપપ્રમુખશ્રી ભક્તિબેન દાવડાના નેતૃત્વમાં મહિલા મંડળ દ્વારા સમગ્ર નવચંડી યજ્ઞની જવાબદારી કટિબદ્ધતા સાથે નિભાવવામાં આવી હતી. યજ્ઞના આચાર્ય તરીકે માતાના મઢના સુપ્રસિદ્ધ યજ્ઞાચાર્ય શ્રી દેવકૃષ્ણ વાસુ અને તેમના સાથી મિત્રોની નિયુક્તિ કરવામાં આવી હતી. તેમના માર્ગદર્શન હેઠળ યજ્ઞની પવિત્રતા, સમય અને દ્રવ્યોની પવિત્રતા જાળવી યજ્ઞમંડપ તૈયાર કરવામાં આવ્યો હતો. યજ્ઞની દિવ્ય ઔષધિઓ, પવિત્ર ગંગાજળ સહિતની સામગ્રીની જવાબદારી દિપકભાઈ ઠક્કર, વ્યોમ બારૂ, શ્યામ ઠક્કર અને દિપેન ઠક્કરે સંભાળી હતી. યજ્ઞ દરમિયાન પાણીની વ્યવસ્થા રવિલાલભાઈ, હસમુખભાઈ, કાવ્ય, હેત, શ્લોક અને વીર દ્વારા કરવામાં આવી હતી. નવચંડી યજ્ઞમાં અલકાબેન રાજેશભાઈ બારૂ, મંગળાબેન જમનાદાસ કારીયા, અલકાબેન મનીષભાઈ આશર સહિતની બહેનોએ યજમાન તરીકે બેસી પૂજા-અર્ચના કરી હતી.આ પ્રસંગે નખત્રાણા તાલુકા રઘુવંશી સોશિયલ ગ્રુપના નવનિયુક્ત હોદ્દેદારો અને અખિલ કચ્છ લોહાણા સમાજના હોદ્દેદારોનો સત્કાર સમારંભ પણ યોજવામાં આવ્યો હતો. અખિલ કચ્છ રઘુવંશી સોશિયલ ગ્રુપના પ્રમુખશ્રી રાજુભાઈ પલણે પ્રાસંગિક પ્રવચનમાં નવી ટીમને અભિનંદન આપ્યા હતા અને નવચંડી યજ્ઞ તથા નવનિર્મિત રામ મંદિર માટે શુભેચ્છા પાઠવી હતી. તેમણે સમાજમાં શિક્ષણ પર ભાર મૂક્યો હતો અને નખત્રાણામાં પણ એક રામ મંદિર બનવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.અખિલ કચ્છ રઘુવંશી સોશિયલ ગ્રુપ મહિલા મંડળના પ્રમુખશ્રી કલ્પનાબેન, નખત્રાણા તાલુકા મહિલા મંડળના પ્રમુખશ્રી હેતલબેન ઠક્કર, નખત્રાણા શહેરના પ્રમુખશ્રી જાગૃતીબેન પલણ અને ઉપપ્રમુખશ્રી અશ્વિનભાઈ રૂપાવેલે પણ હાજરી આપી કોટડા સમાજના આ ભગીરથ કાર્યને બિરદાવ્યું હતું. શિક્ષણ સમિતિના ચેરમેન નીતિનભાઈએ પણ સમાજમાં શિક્ષણ અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા.યજ્ઞ દરમિયાન સંત શિરોમણી શ્રી શ્રી 1008 જગતગુરુ શાંતિદાસજી મહારાજ, રવિ ભાણા આશ્રમ વિરાણીએ અમૃત વાણીથી આશીર્વાદ આપ્યા હતા અને રામ મંદિરના નિર્માણ માટે પંકજભાઈ દૈયાને શુભેચ્છા પાઠવી હતી. પનવેલથી પધારેલા શક્તિ ઉપાસક યોગેશભાઈ બારૂ અને તેમના પરિવાર, તેમજ વિરાણીના 'કચ્છ મિત્ર' અખબારના પ્રતિનિધિ છગનભાઈ આઈયા પણ ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે રાજુભાઈ વિમલભાઈ, અતુલભાઈ, નિલેશભાઈ, વિરેન્દ્રભાઈ, હરેશભાઈ, લાલાભાઈ મેડિકલવાળા, શંકરભાઈ કુરિયાણીવાળા, કોટડાના બ્રહ્મ સમાજના સુભાષભાઈ જોશી અને રામ મંદિરના પૂજારી શ્રી વિવેકભાઈ જોશીએ સહયોગ આપ્યો હતો. વડીલ માતાજીઓ દેવમણીબેન, લીલાબેન, વિજયાબેન, અનસુયાબેન, પ્રભાબેન, માલતીબેન, હેમલતાબેન, નીતાબેન, ગીતાબેન જોશી, ચંદ્રિકાબેન ગોસ્વામી, લતાબેન ગોર, લક્ષ્મીબેન સહિત અનેકોએ આશીર્વાદ પાઠવ્યા હતા. મહિલા મંડળની યુવા ટીમ પાયલબેન, મનિષાબેન, હીનાબેન, રેખાબેન, મીનાબેન, આશાબેન, રીનલબેન, મિતલબેન, મયુરીબેન અને રઘુવંશી સોશિયલ ગ્રુપના મહામંત્રી તૃપ્તિબેન ઠક્કરે આભારવિધિ કરી હતી. સમગ્ર પ્રોગ્રામનું સંચાલન નિધીબેન બારૂ દ્વારા કરવામાં આવ્યું હતું. મેઘનાબેન ઠક્કર, દુર્વાબેન ઠક્કર અને હેતવીબેન ઠક્કરે વહીવટમાં સહયોગ આપ્યો હતો. પ્રસાદની વ્યવસ્થા કૃષાબેન, જેન્સીબેન અને નેન્સીબેન દ્વારા કરવામાં આવી હતી.

જૂનાગઢના જિલ્લાના ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવી ઓછા ખર્ચે વધુ ગુણવત્તા યુક્ત ઉત્પાદન મેળવી રહ્યા છે

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભારત ખેતીપ્રધાન દેશ છે અને દેશના વિકાસમાં કૃષિ ક્ષેત્રનું યોગદાન અત્યંત મહત્વપૂર્ણ રહ્યું છે. ગુજરાત રાજ્યએ પણ કૃષિ ક્ષેત્રે અનેક નવીન પહેલો દ્વારા દેશભરમાં આગવી ઓળખ ઉભી કરી છે. ખેડૂતોની આવકમાં વધારો, જમીનની ફળદ્રુપતા જાળવવી, પર્યાવરણનું સંરક્ષણ કરવું અને લોકોને ઝેરમુક્ત ખોરાક ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશ સાથે રાજ્યમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ગિરનારની પવિત્ર તળેટી, ગીરના જંગલોની કુદરતી સંપદા, સમૃદ્ધ કૃષિ પરંપરા અને મહેનતુ ખેડૂતોના કારણે જૂનાગઢ જિલ્લો રાજ્યના મહત્વના કૃષિ જિલ્લાઓમાં સ્થાન ધરાવે છે. જિલ્લાના ખેડૂતો મગફળી, કપાસ, તલ, ઘઉં, ચણા, જીરું, ડુંગળી, શાકભાજી, કેરી સહિતના વિવિધ પાકોનું ઉત્પાદન કરે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ખેડૂતોમાં પ્રાકૃતિક કૃષિ પ્રત્યે વધતી જાગૃતિને કારણે ખેતીની નવી દિશા વિકસી રહી છે. પ્રાકૃતિક કૃષિ એવી પદ્ધતિ છે જેમાં રાસાયણિક ખાતર અને જંતુનાશકોનો ઉપયોગ કર્યા વગર સ્થાનિક સંસાધનો અને ગાય આધારિત પદ્ધતિઓ દ્વારા ખેતી કરવામાં આવે છે. આજે રસાયણોના વધુ પડતા ઉપયોગને કારણે જમીનનું સ્વાસ્થ્ય નબળું પડતું જાય છે. સૂક્ષ્મજીવોની સંખ્યા ઘટે છે, કાર્બનિક તત્ત્વો ઓછા થાય છે અને પાણી ધારણ કરવાની ક્ષમતા ઘટે છે. પ્રાકૃતિક કૃષિ આ તમામ સમસ્યાઓનો અસરકારક ઉપાય છે. ગાયના છાણ અને ગૌમૂત્રથી તૈયાર થતા જીવામૃત અને ઘનજીવામૃત જમીનમાં લાભદાયી જીવાણુઓની સંખ્યા વધારે છે અને જમીનને જીવંત બનાવે છે. પ્રાકૃતિક કૃષિમાં બીજામૃતનો ઉપયોગ બીજની માવજત માટે કરવામાં આવે છે. દેશી ગાયના ગૌમૂત્ર, છાણ, ચૂનો અને અન્ય કુદરતી ઘટકોમાંથી તૈયાર કરવામાં આવતું બીજામૃત બીજને ફૂગજન્ય અને જીવાણુજન્ય રોગોથી પ્રાથમિક સુરક્ષા આપે છે. બીજની અંકુરણ ક્ષમતા સુધરે છે, છોડનો પ્રારંભિક વિકાસ સારો થાય છે અને પાક વધુ મજબૂત બને છે. તે જ રીતે જીવામૃતને પ્રાકૃતિક કૃષિનું હૃદય માનવામાં આવે છે. ગાયના છાણ, ગૌમૂત્ર, ગોળ, અને સ્થાનિક માટીમાંથી તૈયાર થતું જીવામૃત જમીનમાં રહેલા કરોડો લાભદાયી સૂક્ષ્મજીવોને સક્રિય બનાવે છે. આ સૂક્ષ્મજીવો જમીનમાં રહેલા પોષક તત્ત્વોને છોડ માટે ઉપલબ્ધ બનાવે છે. પરિણામે જમીનની જૈવિક પ્રવૃત્તિ વધે છે, મૂળનો વિકાસ સારો થાય છે અને છોડની વૃદ્ધિ વધુ સ્વસ્થ બને છે.ઘનજીવામૃત પણ જમીનની ફળદ્રુપતા વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ખાસ કરીને વરસાદી મોસમ પહેલાં અથવા બાગાયતી પાકોમાં તેનો ઉપયોગ ખૂબ જ અસરકારક માનવામાં આવે છે. તે જમીનમાં કાર્બનિક તત્ત્વોનું પ્રમાણ વધારી જમીનને લાંબા સમય સુધી જીવંત અને ઉપજાઉ રાખે છે. આજકાલ જૂનાગઢ જિલ્લામાં વરસાદની અનિશ્ચિતતા ખેડૂતો માટે પડકારરૂપ છે. પ્રાકૃતિક કૃષિમાં આચ્છાદન (મલ્ચિંગ) એક મહત્વપૂર્ણ તકનીક છે. પાકના અવશેષો, સૂકા પાંદડા, ઘાસ અથવા અન્ય કાર્બનિક પદાર્થો દ્વારા જમીનને ઢાંકવાથી જમીનમાં ભેજ લાંબા સમય સુધી જળવાઈ રહે છે. સાથે જ નીંદણનું પ્રમાણ ઘટે છે, જમીનનું તાપમાન સંતુલિત રહે છે અને વરસાદી પાણીનું સંરક્ષણ થાય છે.

ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૨૬ના અમલીકરણ માટે સૌરાષ્ટ્રના ચાર જિલ્લાની નગરપાલિકાઓના પદાધિકારીઓ અને અધિકારીઓને અપાઈ વિશેષ તાલીમ

નરેન્દ્ર દવે જૂનાગઢ

સુપ્રીમ કોર્ટના દિશાનિર્દેશોના અનુસંધાને 'ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૨૬ SWM Rules-2026' ના અસરકારક અમલીકરણ માટે પ્રાદેશિક કમિશ્નરશ્રી નગરપાલિકાઓ, ભાવનગર ઝોન દ્વારા અમરેલી ખાતે પ્રાદેશિક સ્તરીય એક દિવસીય તાલીમ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાવનગર ઝોન હેઠળની અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લાની નગરપાલિકાઓ ના પદાધિકારીઓ અને અધિકારીઓને ઘન કચરાના વૈજ્ઞાનિક વ્યવસ્થાપન તથા નવા નિયમોના અમલીકરણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વર્કશોપ દરમિયાન ગુજરાત એન્વાયર્નમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ GEMI ના ડેપ્યુટી એન્વાયર્નમેન્ટલ એન્જિનિયર DEEશ્રી પરેશ ચાવડાએ SWM Rules-2026 અંતર્ગત ચૂંટાયેલી પાંખની ભૂમિકા અને જવાબદારીઓ, બલ્ક વેસ્ટ જનરેટર માટેની ફરજો, EBWGR પ્રમાણપત્ર તથા CPCB પોર્ટલ પર સમયમર્યાદામાં કરવાની કામગીરી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. ત્યાર બાદ કન્સેપ્ટ બાયોટેક અને કચ આઝાદી ફાઉન્ડેશન, વડોદરાના પ્રોપ્રાઈટર ડૉ.સુનીત ડબકેએ કચરાના ચાર પ્રકારમાં વૈજ્ઞાનિક વર્ગીકરણ, બલ્ક વેસ્ટ જનરેટરની ઓળખ અને નોંધણી, કચરો ઉત્પન્ન કરનાર તેમજ શહેરી સ્થાનિક સંસ્થાઓની જવાબદારીઓ અને સુપ્રીમ કોર્ટના આદેશોના અનુસંધાને કરવાનાં કાર્યો અંગે સચોટ માહિતી આપી હતી. વર્કશોપના અંતિમ સત્રમાં બી.એ. પ્રેરણા ગ્રુપ ઓફ કંપનીઝ, સુરતના શ્રી નિરજ મીઠાણીએ ડમ્પ સાઈટની યોગ્ય ઓળખ, જૂના ડમ્પ કચરાના વૈજ્ઞાનિક નિકાલ, બાયો-રિમેડિએશન તેમજ ઘન કચરાના સુવ્યવસ્થિત સંચાલન માટે જરૂરી ટેકનિકલ પાસાઓ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રાદેશિક વર્કશોપ દ્વારા ચારેય જિલ્લાઓની નગરપાલિકાઓના પદાધિકારીઓ અને અધિકારીઓને ઘન કચરાના વૈજ્ઞાનિક વ્યવસ્થાપન, પર્યાવરણ સંરક્ષણ, કાયદાકીય જોગવાઈઓના અસરકારક અમલીકરણ અને સ્વચ્છ, ટકાઉ શહેરી વિકાસ માટે જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. વર્કશોપ દરમિયાન વિવિધ નગરપાલિકાઓના પ્રતિનિધિઓએ પોતાના અનુભવો અને પ્રશ્નોની રજૂઆત કરી હતી, જેના આધારે વિષય નિષ્ણાતોએ વ્યવહારુ માર્ગદર્શન આપી નિયમોના અસરકારક અમલીકરણ માટે માર્ગદર્શિકા પણ સ્પષ્ટ કરી હતી. વર્કશોપમાં પ્રાદેશિક કમિશ્નરશ્રી સુનીલના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે અધિક કલેક્ટરશ્રી ડી.એન.સતાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ચારેય જિલ્લાઓની વિવિધ નગરપાલિકાઓના પ્રમુખશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, ચીફ ઓફિસરશ્રીઓ, સિટી મેનેજરશ્રીઓ અને સેનેટરી ઈન્સ્પેક્ટરશ્રીઓ તેમજ ઝોનલ મેનેજરશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પંચાતરસ નો વરસાદ

- રુપાલી દવે

રીમઝીમ ગીરે સાવન સુલગ સુલગ જાયે મન, લગે આજ ઈસ મૌસમ મેં જાને કૈસી યે લગન.. હાશ!!અમારા અમદાવાદ માં માંડ માંડ વરસાદ પડ્યો ને હવામાન ખાતા ની આગાહી નું પાલન વરસાદ એ કર્યું તો ખરું.બીચારા અંબાલાલ કાકા ની આગાહી પર લોકો એ મજાક માં મીમ બનાવ્યા ને એમાં તો ક્ષેત્રે સંન્યાસ જાહેર કરવાનો નિર્ણય કર્યો હતો. બાપરે!!ઘણા દિવસો ના ભયાનક બફારો માંથી છુટકારા બાદ અંતે થોડી ઠંડક થઈ ગઈ.આમ તો અનરાધાર વરસાદ ને જોતા જ મારું મન ચાતક પક્ષી બન્યું હતું પણ બીમાર પડી જવાના ભયે પલાળવા નો કાર્યક્રમ કેન્સલ કર્યો. કવિ કાલિદાસ ના મતે વરસાદ ની ઋતુ એ માત્ર હવામાન માં બદલાવ જ નથી પણ ઉત્સવ,પ્રેમ,વિરહ અને પ્રકૃતિ ના પુનર્જન્મ નો વૈભવશાળી મહોત્સવ છે. કવિ કાલિદાસ એ એના કાવ્ય ઋતુ સંહાર માં મેઘ ને રાજા નું પ્રતિક આપતા લખ્યું છે કે જે રીતે એક પ્રતાપી રાજા હાથી પર બેસી ને એના બળવાન રક્ષકો સાથે નીકળે છે એ જ રીતે મેઘરાજા નું આગમન કાળા ડીબાંગ વાદળો અને ગડગડાટ સાથે ચમકારા કરતી વીજળી સાથે થાય છે. કવિઓ અને લેખકો વધારે લાગણીશીલ હોય એટલે તો એ વરસાદ ની ઋતુ માં થતા ફેરફાર ને બારીકાઇ થી અનુભવી શકે છે. સામન્ય વ્યક્તિ માટે ધોધમાર વરસતો વરસાદ એ ચોમાસું છે પણ લેખકો અને કવિ ની દૃષ્ટિ એ ધોધમાર વરસતો વરસાદ એ પ્રકૃતિ એ મેઘરાજા ને મળવા માટે આઠ માસ ની તપશ્ચર્યા છે.વરસાદી ટીપા જમીન પર પડતા જ પ્રકૃતિ સોળે કળા એ ખીલી ને આઠ માસ ના વિરહ બાદ પ્રિયતમ ના આગમન થી રસ તરબોળ બની જાય છે.

"વિરહ" શબ્દ એ પ્રેમ શબ્દ સાથે સંકળાયેલો છે કવિ કાલિદાસ એ "મેઘદૂત" કાવ્ય માં કુબેર ના શ્રાપ ને લીધે રામગિરિ પર્વત પર એક વર્ષ સુધી પત્નીથી દૂર રહેતા યક્ષની વિરહ વ્યથા વર્ણવી છે. પત્ની અનુરાગ માં ભાન ભૂલેલા યક્ષ ને એકપણ કાર્ય માં મન લાગતું નહતું આ કારણોસર કુબેર એ એને શ્રાપ આપ્યો હતો.રામગિરિ પર્વત ની ટેકરી પર અષાઢ ના પ્રથમ દિવસે આકાશ ને કાળા ડીબાંગ વાદળો ને નિહાળતા જ એને એમાં હાથણી ઓનાં જૂથ વચ્ચે ઘેરાયેલા મદમસ્ત હાથી નું દૃશ્ય દેખાતા જ યક્ષ ની વિરહ વેદના પ્રબળ બનતા એની અતિ સુંદર પત્નીની યાદ આવવા લાગી.વાદળા ને સંદેશાવાહક બનાવી ને યક્ષે અલકા પુરી માં રહેતી એની અતિ સુંદર પત્ની ને સંદેશો મોકલ્યો હતો.મેઘદૂત કાવ્ય માં યક્ષ એ પત્નીને કરેલ વિનંતીઓ અને એના પ્રણય ભાવ નું વર્ણન ખુબ સરસ રીતે થયેલું છે.ઘણીવાર અંગ્રેજી રોમેન્ટિક કાવ્યો વાંચતા એવું લાગે છે કે શૈલી વગેરે રોમેન્ટિક કવિઓ એ કવિ કાલિદાસ ના કાવ્યો ઋતુ સંહાર અને મેઘદૂત નો અભ્યાસ કર્યો જ હશે.

ટીપ ટીપ બરસા પાની.. પાની ને આગ લગાયી..

જ્યારે ફિલ્મમાં રોમાંસ ના દૃશ્યો ફિલ્માવવા ના આવે છે ત્યારે દિગ્દર્શક વરસાદ નો સહારો લેતા હોય છે. ભલે ફિલ્મો માં હીરો હીરોઈન એક્ટિંગ કરતા હોય છે પણ વરસાદ માં પલળી ને રોમેન્ટિક દૃશ્યો થિયેટર ના મોટા પડદા પર દર્શક જુવે છે એને અસલી લાગતા પોતાનું લાગવા લાગે છે. હિટ ફિલ્મી ગીતો ની સંખ્યા માં વરસાદ ની ઋતુ પર આધારિત બનેલા ગીતો અન્ય ગીતો કરતા વધારે સુપર હિટ બન્યા હશે.આજે પણ યુવાનો માં "ભીગી ભીગી રાતો મેં ઐસી બરસતો તો મેં કૈસા લગતા હૈ"..."ટીપ ટીપ બરસા પાની".."રીમઝીમ ગીરે સાવન સુલગ સુલગ જાયે મન,લગે આજ ઈસ મૌસમ મેં જાને કૈસી યે લગન...."..."યે બારીશ કા મૌસમ યે મૌસમ.."..."બરસો રે મેઘા મેઘા બરસો રે મેઘા.."..."આજ રપટ જાયે તો હમે ન બુલૈયો" વગેરે વગેરે બોલિવૂડ સોંગ યુવાઓ ના ફેવરિટ લિસ્ટ માં જોવા મળશે. ખાસ કરીને નવરાત્રી માં સોસાયટીઓ માં દાંડિયા રાસ વખતે વરસાદી સોંગ જ વગાડવા માં આવતા હોય છે.

સાચું કહું વરસાદની ઋતુ એ પ્રણય,પ્રેમ અને વિરહ વગેરે વગેરે ના બદલે "its party time" વધારે હોય એવું લાગતું નથી.મોટાભાગ ના પરિવાર માં વરસાદ નો માહોલ બનતા જ પાર્ટી નો વિચાર બની જતો હોય છે. આ દીવસો માં શાક ભાખરી કે ખીચડી,ભાખરી અને શાક રૂટિન ભોજન ને વિસામો આપવામાં આવતો હોય છે.ગરમા ગરમ ગોટા,દાળવડા,બટેટા વડા,મિક્સ ભજીયા વગેરે સાથે ફુદીના કોથમીર ની ચટણી અને કડક મીઠી ચા એ પાર્ટી નો રંગ જમાવવા પૂરતા છે. અરે!! ના ના પાર્ટી એટલે "મેં નશે મેં હું" વાળી બિલકુલ ન સમજતા ગાંધીબાપુ નું ગુજરાત એટલે ત્રણ વાંદરા બની ને રહેવું પડે. ખબર છે તમને, આપણા સૌના હર્ષભાઈ એ નશા સબંધિત વસ્તુઓ સાથે દારૂ નો જથ્થો અગ્નિ માં સિંઘમ સ્ટાઈલ માં ખાખ કરી નાખ્યો છે.દે ધનાધન વરસાદના કમાણી ના દિવસોમાં બિચારા બાબુ બાટલીઓ પાસે ઓર્ડર તો ઘણા પણ માલ ની તંગી.આ દૃશ્ય જોઈને સૌથી વધારે ભૂલ ભૂલૈયા ફિલ્મ ના હાસ્ય કલાકાર રાજપાલ યાદવ ખૂબ ખુશ થયા હતા,કેમ? દરેક વાત નું સ્પષ્ટીકરણ ના હોય સમજો. કાન માં કહું ધ્યાન થી સાંભળજો: પહેલા નો જમાનો અલગ હતો એટલે કાલિદાસ રચિત કાવ્ય મેઘદૂત અને ઋતુ સંહાર ને વાંચતા જ પ્રેમ માં યુગલ રસ તરબોળ બની જતા હતા.બોલિવૂડ રોમેન્ટિક વરસાદી ગીતો સાંભળતા જ થિયેટર માં બાજુ ની સીટ પર બેઠેલનો હાથ કચકચાવી ને પકડી લેતા હતા.વરસાદ હોય કે ન હોય ત્રીસે ને સાંઈઠ દિવસ પત્ની માટે ઓફિસ થી આવતી વખતે ગજરો લઈને આવતા હતા.ઓ મેરી જોહરા જબી ગીત ગાતા ગાતા બેડરૂમ ની અંદર નાનો મોટો ડાન્સ પણ પતિઓ કરી લેતા હતા. આપણા બાપ દાદા ના જમાના માં "લાગણી" શબ્દ નો અર્થ બધા સમજતા હતા એટલે તો આખો દિવસ ઘરની પળોજણ થી થાકેલી પત્નીઓ પતિના દિલ ની રાજરાણી હતી.અંત સુધી સાથે જીવવા મરવા ના વચન પ્રેમી પંખીડાઓ પાળતા પણ હતા.પતિ ની નજર પડતાં જ પત્નીના મુખ પર શરમ થી લાલીમા છવાઈ જતી હતી એટલે અષાઢ મહિનામાં આવતા અનરાધાર વરસાદ બધાંને સ્પર્શતો હતો. વરસતા વરસાદમાં અમદાવાદ ના રિવર ફ્રન્ટ પર પલળતા પ્રેમી યુગલો તો ઘણા દેખાશે પણ આ બધા "આઈ લવ યુ" નામના અંગ્રેજી શબ્દ ના ભ્રમ માં હશે. આજકાલ પ્રેમી અને વિવાહિત યુગલોમાં બ્રેક અપ અને સેટ અપ જલ્દી થતું રહેતું હોય છે.વર્તમાન સમયમાં દુનિયા વેપારી વધારે બની ગઈ છે એટલે તો સાચા પ્રેમ ને પણ રૂપિયા આપીને ખરીદવાના પ્રયત્નો થાય છે. નિસ્વાર્થ પ્રેમ એ વરસતા વરસાદ જેવો અનરાધાર હોય છે.આ કારણોસર તો કળયુગી માણસ વરસાદની ઋતુમાં પણ પ્રેમ ની અનુભૂતિ નો અનુભવ કરી શકતો નથી.

ઉપલેટામાં ચોરાઇ ગયેલ મોટરસાયકલનો ભેદ ઉકેલથી ઉપલેટા પોલીસ

વિજય રાડીયા ઉપલેટા

ઉપલેટામાં તા.૧૭/૦૭/૨૦૨૬ ના રોજ સવારના સાડા સાતેક વાગ્યાથી સવા બાર વાગ્યાના સમયગાળા દરમ્યાન ફરીયાદી ધીરજલાલ વેલજીભાઈ પેથીવાડીયા રહે. ઉપલેટા તેમનું સ્વેન્ડર સે મોટર સાઇકલ રજી. નંબર GJ 10 AK 3194 . નું કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ જતા ઉપલેટા પોલીસ સ્ટેશન ગુનો નોંધાવેલ .તેમજ ગઈ તા.૧૪/૦૭/૨૦૨૬ ના બપોરના આશરે ત્રણેય વાગ્યાના આસપાસ ફરીયાદી મનોજભાઈ ભોજાભાઈ કટારા પોતાના હવાલા વાળું હોન્ડા સાઈન મોટર સાઇકલ રજી.નંબર GJ 03 PF 7754 કી.રૂ.૯૦,૦૦૦/- નું બાપા સિતારામ ચોક પાસે પાર્ક કરી ચા પાણી પીવા ગયેલ તે દરમ્યાન કોઈ અજાણ્યો ઈસમ મોટર સાઇકલ ચોરી કરી લઈ ગયેલની હકીકત જણાવતા ઉપલેટા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧૩૦૬૪૨૬૦૫૨૬/૨૦૨૬ BNS ૨૦૨૩ ની કલમ ૩૦૩(૨) મુજબ ગુનો રજીસ્ટર થયેલ હતો.ઉપરોક્ત ગુનાઓની ગંભીરતાને ધ્યાને લઇ રાજકોટ રેન્જના પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય સાહેબ તથા રાજકોટ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર સાહેબ મિલ્કત સબંધી અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરી, ચોરીમાં ગયેલ મોટર સાઇકલ તથા ગુનામાં સંડોવાયેલ આરોપીઓને તાત્કાલિક ઝડપી પાડવા સુચના આપેલ હોય જેથી ધોરાજી ડીવીઝનના મદદનીશ પોલીસ અધિક્ષક સિમરન ભારવાજ સાહેબ ના સીધા માર્ગદર્શન હેઠળ હ્યુમન સોર્સ તથા ટેકનીકલ સોર્સની મદદથી ગુનો ઉપલેટા પોલીસ સ્ટેશન પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૩૦૬૪૨૬૦૫૩૮/૨૦૨૬ BNS ૨૦૨૩ ની કલમ ૩૦૩ ગુનામાં સંડોવાયેલ આરોપી- વિજયભાઈ જેન્તીભાઈ મુરીયાણા રહે. હાડફોડી ઉપલેટા વાળાને ચોરાય ગયેલ સ્વેન્ડર મોટર સાઇકલ રજી. નંબર GJ 10 AK 3194 સાથે ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે તેમજ ઉપલેટા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧૩૦૬૪૨૬૦૫૨૬/૨૦૨૬ BNS ૨૦૨૩ ની કલમ ૩૦૩ મુજબના ગુનાના કામે ચોરીમાં ગયેલ હોન્ડા સાઈન મોટર સાઈકલ રજી.નંબર GJ 03 PF 7754 કી. ફરીયાદીના સગીર વયના પુત્રએ પોતાના મિત્રને મોટર સાઇકલ ચલાવવા આપેલ. જો આ બાબતે પોતાના પિતા (ફરીયાદી) ને વાત કરશે તો ગુસ્સો કરશે અથવા માર મારશે તેવી બીકના કારણે પોતાનું મોટર સાઇકલ ચોરી થઇ ગયેલ હોવાની પોતાના પિતાજી ને વાત કરેલ હોવાનું

તપાસના કામે ખુલવા પામતા હોન્ડા સાઈન મોટર સાઇકલ કબજે કરી આગળની ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ. ઉપલેટા પો.સ્ટે.ના પોલીસ ઈન્સપેક્ટર એસ.એમ.ધાધલ, એ.એસ.આઇ. નિલેશભાઇ નાગદાનભાઇ ચાવડા, પંકજસિંહ પ્રભાતસિંહ જાડેજા, પો. હેડ કોન્સ. મનસુખભાઇ કેસાભાઇ રંગપરા, પો. કોન્સ. શક્તિસિંહ મહાવીરસિંહ જાડેજા, વિપુલભાઇ ધીરૂભાઇ, રાહુલકુમાર માલાભાઇ દ્વારા હ્યુમન સોર્સ તથા ટેકનીકલ મદદથી કરવામાં આવેલ છે.

જૂનાગઢ જિલ્લામાં વરસાદી ઋતુમાં આરોગ્ય વિભાગ દ્વારા ૧.૨૪ લાખથી વધુ લોકોનો આરોગ્ય સર્વે

નરેન્દ્ર દવે જૂનાગઢ

વર્ષાઋતુને અનુલક્ષીને જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા તમામ તાલુકા અને ગામોમાં સઘન આરોગ્યલક્ષી કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. હાલ વરસાદના કારણે જૂનાગઢ જિલ્લાનો કોઈપણ તાલુકો અસરગ્રસ્ત નથી.જિલ્લામાં ચાંદીપુરા વાયરસનો એકપણ કેસ નોંધાયેલ નથી. તેમ છતાં ચાંદીપુરા સહિત વરસાદી ઋતુમાં ફેલાતા રોગો અંગે સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.જિલ્લાના તમામ તાલુકાઓમાં મેડિકલ ઓફિસર અને કોમ્યુનિટી હેલ્થ ઓફિસર દ્વારા ઓપીડી સેવાઓ નિયમિત રીતે આપવામાં આવી રહી છે. આજે જિલ્લાના વિવિધ વિસ્તારો માં કુલ ૭૫ મેડિકલ કેમ્પમાં ૧,૫૨૮ દર્દીઓ ને આરોગ્ય તપાસ અને સારવાર આપવામાં આવી હતી. આરોગ્ય વિભાગની મેડિકલ તથા પેરા-મેડિકલ ટીમો દ્વારા ઘરે-ઘરે જઈ આરોગ્ય સર્વે કરવામાં આવી રહ્યો છે.આજે ૧,૨૪,૪૩૦ લોકોનો સર્વે કરવામાં આવ્યો હતો. સર્વે દરમિયાન સામાન્ય તાવના ૩૯૫ દર્દી, ઝાડા-ઉલટીનો ૧ દર્દી તથાશરદી-ખાંસી ના ૯૦૪ દર્દીઓ મળી આવ્યા હતા, જેમને જરૂરી પ્રાથમિક સારવાર અને દવાઓ આપવામાં આવી હતી. ઉપરાંત ૮,૪૯૦ ક્લોરીન ટેબ્લેટ અને ૧૦૯ ORS પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. પીવાના પાણીની શુદ્ધતા માટે ગ્રામ પંચાયતોને સુપર ક્લોરીનેશન કરવા સૂચના આપવામાં આવી છે. આરોગ્ય કર્મચારીઓ દ્વારા પાણીમાં ક્લોરીનની માત્રાની નિયમિત ચકાસણી કરવામાં આવી રહી છે તેમજ જરૂરિયાત મુજબ દવા છંટકાવની કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી છે. જિલ્લાના તમામ ગામોમાં તાલુકા આરોગ્ય અધિકારી, મેડિકલ ઓફિસરો અને સુપરવાઈઝરો દ્વારા સતત સુપરવિઝન તેમજ જિલ્લા કક્ષાએ કંટ્રોલ રૂમ (૦૨૮૫-૨૬૩૩૧૩૧) કાર્યરત રાખવામાં આવ્યો છે, જ્યાંથી સમગ્ર કામગીરીનું સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.

જાફરાબાદ-રાજુલા રોડ પર મસમોટા ખાડાઓથી વાહનચાલકો પરેશાન; તંત્રની ઘોર બેદરકારી સામે રોષ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ થી રાજુલા જતા રોડ ઉપર પડ્યા મસમોટા ખાડા-વાહન ચાલકો પરેશાન-તંત્ર નિંભર? હોય તેવું લાગી રહ્યું છે. આ પડેલા મસમોટા ખાડા રાત મધરાતે વાહન ચાલકો ને દેખાતા ન હોવાથી કોઈ ગંભીર અકસ્માત સર્જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. ટુ વ્હીલર ચાલકો આ પડેલા મસમોટા ખાડા ના કારણે ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. પરંતુ માર્ગ મકાન વિભાગ કુંભકર્ણ નિંદ્રામાં પોઢી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. આ પડેલા મસમોટા ખાડાઓ ના કારણે ન કરે ને કોઈ ગંભીર અકસ્માત માં કોઈ અનમોલ માનવ જીંદગી છિનવાઈ જાય તો જવાબદારી કોની..?? પી. ડબલ્યુ ડી દ્વારા જ્યારે જ્યારે ખાડા ઓ પણ પુરવામાં આવે ત્યારે મસમોટી કપસીઓ રોડ ઉપર પથરાયેલી હોવાથી વાહનચાલકો માં અકસ્માત ની ભીતી સેવાઇ રહી છે. પરંતુ માર્ગ મકાન વિભાગની રસ્તાઓની હાલત ગંભીર બનતી જાય છે અને રોજના અકસ્માતો સર્જાતા તેમાં નિર્દોષ લોકોના મોત થઈ જાય

છે.બિસ્માર માર્ગોના કારણે વાહન ચાલકો વાહન ઉપરનો અંકુશ ખોઈ બેસતા ગંભીર અકસ્માતો સર્જાય છે અને આ કાળે લોકોના મોત થઈ જાય છે અને આ બાબતે જવાબદારો સમક્ષ વારંવારરજૂઆતો કરવામાં આવી રહી છે છતાં તેઓ જાણે કે નિંભર બની ગયા હોય તેમ તેમના પેટનું પાણી હાલતુ નથી અને પરિણામે પરિસ્થિતિ અતિશય ગંભીર બનતી જતી રહી છે. આ પડેલા મસમોટા ખાડા દેખાઈ રહ્યા છે તેમ છતાં તંત્રને તે દેખાતા નથી કે દેખવા માંગતા નથી ? ગંભીર અકસ્માતોનો ભોગ બનતા વાહન ચાલકો છતાં કોઈને કંઈ પડી નથી? શું આ પડેલા મસમોટા ખાડા કોઈ ગંભીર અકસ્માત નોતરે તે પહેલા કુંભકર્ણ નિંદ્રામાં સુતેલું તંત્ર ધ્યાન ઉપર લઈ તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે તે પછી હોતા હૈ ચલતા હૈ તેવું અપનાવવામાં આવશે...?? કે પછી કોઈ ગંભીર અકસ્માત સર્જાય અને અનમોલ માનવ જીંદગી છિનવાઈ ત્યારે પડેલા ખાડા ઓ પુરવામાં આવશે...?? આ પડેલા મસમોટા ખાડા ના કારણે વાહનચાલકો માં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

કામધેનુ યુનિવર્સિટી સંચાલિત પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂનાગઢ આજે રાજ્યના અગ્રણી વેટનરી શિક્ષણ કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું

નરેન્દ્ર દવે જૂનાગઢ

શિક્ષણ ત્યારે જ અર્થપૂર્ણ બને છે જ્યારે તે જ્ઞાન સાથે સેવા, સંવેદના અને સમાજપ્રતિની જવાબદારી પણ શીખવે. સદી જૂના ગૌરવશાળી વારસા સાથે કાર્યરત કામધેનુ યુનિવર્સિટી સંચાલિત પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂનાગઢ આજે રાજ્યના અગ્રણી વેટનરી શિક્ષણ કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે. આધુનિક શૈક્ષણિક સુવિધાઓ, સંશોધન આધારિત અભ્યાસ, અનુભવી ફેકલ્ટી, અદ્યતન પશુ હોસ્પિટલ અને વિશાળ પશુ ઉચ્છેર કેન્દ્રના સમન્વયથી આ સંસ્થા વિદ્યાર્થીઓને વિશ્વસ્તરીય શિક્ષણ અને ઉજ્જવળ કારકિર્દી માટે સશક્ત બનાવી રહી છે. મહાવિદ્યાલયના આચાર્યશ્રી, ડૉ. એમ.ડી.ઓડેદરાના જણાવ્યાનુસાર જૂનાગઢનું પશુ ઉચ્છેર કેન્દ્ર (Cattle Breeding Farm) દેશના સૌથી જૂના અને વિશાળ ગીર ગાય સંવર્ધન કેન્દ્રોમાંનું એક છે. ઈ.સ. ૧૯૨૦માં તત્કાલીન જૂનાગઢના નવાબ દ્વારા સ્થાપિત આ કેન્દ્ર આજે લગભગ ૧૮૪ હેક્ટર વિસ્તારમાં ગીર ગાય અને જાફરાબાદી ભેંસોના સંવર્ધન માટે રાષ્ટ્રીય સ્તરે આગવી ઓળખ ધરાવે છે. સમયાંતરે ગુજરાત સરકાર, ગુજરાત કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી અને હાલમાં કામધેનુ યુનિવર્સિટીના માર્ગદર્શન હેઠળ આ સંસ્થા સતત વિકાસના નવા સોપાનો સર કરી રહી છે. ડૉ.ઓડેદરાએ જણાવ્યું કે મહાવિદ્યાલયમાં દર વર્ષે વેટનરી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ધોરણો મુજબ ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે, જેમાં vci ક્વોટા અનુસાર ૧૫ ટકા બેઠકો અને ૮૫ ટકા બેઠકો ગુજરાતના વિદ્યાર્થીઓ માટે અનામત છે. અહીં B.V.Sc. & A.H., B.F.Sc., B.Tech. (Dairy Technology) ઉપરાંત અનુસ્નાતક અને Ph.D. સુધીના અભ્યાસની સુવિધા ઉપલબ્ધ છે. B.V.Sc. & A.H.માં પ્રવેશ માટે NEET ફરજિયાત છે, જ્યારે અન્ય અભ્યાસક્રમોમાં યુનિવર્સિટીના નિયમો મુજબ પ્રવેશ આપવામાં આવે છે. ડૉ.ઓડેદરાએ વધુમાં જણાવ્યું કે મહાવિદ્યાલયમાં ડિજિટલ ક્લાસરૂમ, સમૃદ્ધ લાયબ્રેરી, અદ્યતન પ્રયોગશાળાઓ, કોન્ફરન્સ હોલ, સંશોધન વિભાગો અને ફિલ્ડ ટ્રેનિંગ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓને પુસ્તકીય જ્ઞાનની સાથે પ્રાયોગિક અનુભવ મળે તે માટે પશુ હોસ્પિટલ, પશુ ઉચ્છેર કેન્દ્ર અને વિવિધ સંશોધન એકમોમાં નિયમિત તાલીમ- આપવામાં આવે છે. સાથે જ પ્લેસમેન્ટ માર્ગદર્શન, કારકિર્દી કાઉન્સેલિંગ, નિષ્ણાતોનું માર્ગદર્શન તથા એન.એસ. એસ. જેવી પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવે છે.મહાવિદ્યાલય સાથે સંકળાયેલી આધુનિક પશુ હોસ્પિટલ વિશે માહિતી આપતાં પ્રોફેસર અને પશુચિકિત્સક ડૉ.આર.એચ. ભટ્ટે જણાવ્યું હતું કે હોસ્પિટલમાં સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં પશુપાલકો પોતાના પશુઓ ની સારવાર માટે આવે છે. અહીં દર વર્ષે ૧૫ હજારથી વધુ કેસોની નોંધણી અને સારવાર કરવામાં આવે છે. હોસ્પિટલમાં રેડિયોગ્રાફી (X-Ray), સોનોગ્રાફી, હિમેટોલોજી, બાયોકેમિકલ એનાલાઈઝર સહિતની આધુનિક નિદાન સુવિધાઓ ઉપલબ્ધ છે અને પશુઓને વિનામૂલ્યે સારવાર તથા દવાઓ પૂરી પાડવામાં આવે છે. આ જ હોસ્પિટલ વિદ્યાર્થીઓ માટે જીવંત ક્લિનિકલ તાલીમ કેન્દ્ર તરીકે પણ કાર્ય કરે છે, જ્યાં તેઓ અનુભવી ડોક્ટરોના માર્ગદર્શન હેઠળ વ્યવહારુ જ્ઞાન મેળવે છે.તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના પીપળવા ગામની વિદ્યાર્થીની મહિમા ગામીત જણાવે છે કે મહાવિદ્યાલયમાં અભ્યાસ દરમિયાન થિયરીની સાથે ગુણવત્તાસભર પ્રેક્ટિકલ તાલીમ અને પાયાનું વૈજ્ઞાનિક જ્ઞાન પ્રાપ્ત થાય છે. વાઈલ્ડ લાઈફ ક્ષેત્રે કાર્ય કરીને મૂંગા પશુઓની સેવા કરવાનો પોતાનો સંકલ્પ અહીં મળતી તાલીમથી વધુ મજબૂત બન્યો છે. અનુભવી પ્રાધ્યાપકોના માર્ગદર્શન અને વ્યવહારુ અભ્યાસના કારણે ભવિષ્યમાં એક સફળ પશુચિકિત્સક બનવાનું સ્વપ્ન સાકાર થવાનો વિશ્વાસ વ્યક્ત કરે છે. આચાર્ય ડૉ.ઓડેદરાએ જણાવ્યું કે પશુચિકિત્સા વ્યવસાય હવે માત્ર પશુઓની સારવાર પૂરતો મર્યાદિત રહ્યો નથી. 'વન હેલ્થ'ના વૈશ્વિક અભિગમ હેઠળ માનવ આરોગ્ય, પશુ આરોગ્ય અને પર્યાવરણના સંરક્ષણમાં પણ વેટનરી નિષ્ણાતોની મહત્વપૂર્ણ ભૂમિકા છે. સરકારી વિભાગો, ડેરી ઉદ્યોગો, સંશોધન સંસ્થાઓ, ફાર્માસ્યુટિકલ કંપનીઓ, યુનિવર્સિટીઓ તેમજ સ્વરોજગાર સહિત અનેક ક્ષેત્રોમાં આ અભ્યાસક્રમો ઉજ્જવળ કારકિર્દીના દ્વાર ખોલે છે.આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓ અને વાલીઓને કામધેનુ યુનિવર્સિટીની પ્રવેશ પ્રક્રિયા મુજબ સમયસર ઓનલાઈન અરજી કરવા અનુરોધ કરતાં જણાવ્યું હતું કે, જૂનાગઢ વેટરનરી કોલેજ ગુણવત્તાસભર શિક્ષણ અને પ્રયોગાત્મક તાલીમ દ્વારા વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી માટે સશક્ત બનાવી રહી છે.

કોટડા જડોદરમાં રામ મંદિર નવનિર્માણ પ્રાંગણમાં નવચંડી યજ્ઞ યોજાયો

મહેશ એલ. સોની નખત્રાણા

કોટડા જડોદર મુકામે ભગવાન શ્રી રામ મંદિરના નવનિર્માણના પવિત્ર પ્રાંગણમાં નવચંડી યજ્ઞનું ભક્તિભાવ સાથે આયોજન કરવામાં આવ્યું હતું. આ યજ્ઞની પ્રેરણા કોટડા લોહાણા મહાજન સમાજના ટ્રસ્ટી શ્રી પંકજભાઈ કાનજીભાઈ દૈયા તરફથી મળી હતી. આ યજ્ઞ થાય તેવો સંકલ્પ જ્યોતિબેન પંકજભાઈ ઠક્કર, ખેતરપાળ દાદાના ભોઈ શ્રી દેવકુંવરબા જાડેજા અને કોટડા લોહાણા મહાજનના પ્રમુખ શ્રી વિગ્નેશભાઈ ઠક્કર દ્વારા કરવામાં આવ્યો હતો. સંકલ્પને સાકાર કરવા માટે સમગ્ર આયોજન કોટડા જડોદર લોહાણા મહિલા મંડળના નેજા હેઠળ કરવામાં આવ્યું હતું. મહિલા મંડળના પ્રમુખશ્રી ઉર્વીબેન કારીયા અને ઉપપ્રમુખશ્રી ભક્તિબેન દાવડાના નેતૃત્વમાં મહિલા મંડળ દ્વારા સમગ્ર નવચંડી યજ્ઞની જવાબદારી કટિબદ્ધતા સાથે નિભાવવામાં આવી હતી. યજ્ઞના આચાર્ય તરીકે માતાના મઢના સુપ્રસિદ્ધ યજ્ઞાચાર્ય શ્રી દેવકૃષ્ણ વાસુ અને તેમના સાથી મિત્રોની નિયુક્તિ કરવામાં આવી હતી. તેમના માર્ગદર્શન હેઠળ યજ્ઞની પવિત્રતા, સમય અને દ્રવ્યોની પવિત્રતા જાળવી યજ્ઞમંડપ તૈયાર કરવામાં આવ્યો હતો. યજ્ઞની દિવ્ય ઔષધિઓ, પવિત્ર ગંગાજળ સહિતની સામગ્રીની જવાબદારી દિપકભાઈ ઠક્કર, વ્યોમ બારૂ, શ્યામ ઠક્કર અને દિપેન ઠક્કરે સંભાળી હતી. યજ્ઞ દરમિયાન પાણીની વ્યવસ્થા રવિલાલભાઈ, હસમુખભાઈ, કાવ્ય, હેત, શ્લોક અને વીર દ્વારા કરવામાં આવી હતી. નવચંડી યજ્ઞમાં અલકાબેન રાજેશભાઈ બારૂ, મંગળાબેન જમનાદાસ કારીયા, અલકાબેન મનીષભાઈ આશર સહિતની બહેનોએ યજમાન તરીકે બેસી પૂજા-અર્ચના કરી હતી.આ પ્રસંગે નખત્રાણા તાલુકા રઘુવંશી સોશિયલ ગ્રુપના નવનિયુક્ત હોદ્દેદારો અને અખિલ કચ્છ લોહાણા સમાજના હોદ્દેદારોનો સત્કાર સમારંભ પણ યોજવામાં આવ્યો હતો. અખિલ કચ્છ રઘુવંશી સોશિયલ ગ્રુપના પ્રમુખશ્રી રાજુભાઈ પલણે પ્રાસંગિક પ્રવચનમાં નવી ટીમને અભિનંદન આપ્યા હતા અને નવચંડી યજ્ઞ તથા નવનિર્મિત રામ મંદિર માટે શુભેચ્છા પાઠવી હતી. તેમણે સમાજમાં શિક્ષણ પર ભાર મૂક્યો હતો અને નખત્રાણામાં પણ એક રામ મંદિર બનવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.અખિલ કચ્છ રઘુવંશી સોશિયલ ગ્રુપ મહિલા મંડળના પ્રમુખશ્રી કલ્પનાબેન, નખત્રાણા તાલુકા મહિલા મંડળના પ્રમુખશ્રી હેતલબેન ઠક્કર, નખત્રાણા શહેરના પ્રમુખશ્રી જાગૃતીબેન પલણ અને ઉપપ્રમુખશ્રી અશ્વિનભાઈ રૂપાવેલે પણ હાજરી આપી કોટડા સમાજના આ ભગીરથ કાર્યને બિરદાવ્યું હતું. શિક્ષણ સમિતિના ચેરમેન નીતિનભાઈએ પણ સમાજમાં શિક્ષણ અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા.યજ્ઞ દરમિયાન સંત શિરોમણી શ્રી શ્રી 1008 જગતગુરુ શાંતિદાસજી મહારાજ, રવિ ભાણા આશ્રમ વિરાણીએ અમૃત વાણીથી આશીર્વાદ આપ્યા હતા અને રામ મંદિરના નિર્માણ માટે પંકજભાઈ દૈયાને શુભેચ્છા પાઠવી હતી. પનવેલથી પધારેલા શક્તિ ઉપાસક યોગેશભાઈ બારૂ અને તેમના પરિવાર, તેમજ વિરાણીના 'કચ્છ મિત્ર' અખબારના પ્રતિનિધિ છગનભાઈ આઈયા પણ ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે રાજુભાઈ વિમલભાઈ, અતુલભાઈ, નિલેશભાઈ, વિરેન્દ્રભાઈ, હરેશભાઈ, લાલાભાઈ મેડિકલવાળા, શંકરભાઈ કુરિયાણીવાળા, કોટડાના બ્રહ્મ સમાજના સુભાષભાઈ જોશી અને રામ મંદિરના પૂજારી શ્રી વિવેકભાઈ જોશીએ સહયોગ આપ્યો હતો. વડીલ માતાજીઓ દેવમણીબેન, લીલાબેન, વિજયાબેન, અનસુયાબેન, પ્રભાબેન, માલતીબેન, હેમલતાબેન, નીતાબેન, ગીતાબેન જોશી, ચંદ્રિકાબેન ગોસ્વામી, લતાબેન ગોર, લક્ષ્મીબેન સહિત અનેકોએ આશીર્વાદ પાઠવ્યા હતા. મહિલા મંડળની યુવા ટીમ પાયલબેન, મનિષાબેન, હીનાબેન, રેખાબેન, મીનાબેન, આશાબેન, રીનલબેન, મિતલબેન, મયુરીબેન અને રઘુવંશી સોશિયલ ગ્રુપના મહામંત્રી તૃપ્તિબેન ઠક્કરે આભારવિધિ કરી હતી. સમગ્ર પ્રોગ્રામનું સંચાલન નિધીબેન બારૂ દ્વારા કરવામાં આવ્યું હતું. મેઘનાબેન ઠક્કર, દુર્વાબેન ઠક્કર અને હેતવીબેન ઠક્કરે વહીવટમાં સહયોગ આપ્યો હતો. પ્રસાદની વ્યવસ્થા કૃષાબેન, જેન્સીબેન અને નેન્સીબેન દ્વારા કરવામાં આવી હતી.

જૂનાગઢના જિલ્લાના ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવી ઓછા ખર્ચે વધુ ગુણવત્તા યુક્ત ઉત્પાદન મેળવી રહ્યા છે

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભારત ખેતીપ્રધાન દેશ છે અને દેશના વિકાસમાં કૃષિ ક્ષેત્રનું યોગદાન અત્યંત મહત્વપૂર્ણ રહ્યું છે. ગુજરાત રાજ્યએ પણ કૃષિ ક્ષેત્રે અનેક નવીન પહેલો દ્વારા દેશભરમાં આગવી ઓળખ ઉભી કરી છે. ખેડૂતોની આવકમાં વધારો, જમીનની ફળદ્રુપતા જાળવવી, પર્યાવરણનું સંરક્ષણ કરવું અને લોકોને ઝેરમુક્ત ખોરાક ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશ સાથે રાજ્યમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ગિરનારની પવિત્ર તળેટી, ગીરના જંગલોની કુદરતી સંપદા, સમૃદ્ધ કૃષિ પરંપરા અને મહેનતુ ખેડૂતોના કારણે જૂનાગઢ જિલ્લો રાજ્યના મહત્વના કૃષિ જિલ્લાઓમાં સ્થાન ધરાવે છે. જિલ્લાના ખેડૂતો મગફળી, કપાસ, તલ, ઘઉં, ચણા, જીરું, ડુંગળી, શાકભાજી, કેરી સહિતના વિવિધ પાકોનું ઉત્પાદન કરે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ખેડૂતોમાં પ્રાકૃતિક કૃષિ પ્રત્યે વધતી જાગૃતિને કારણે ખેતીની નવી દિશા વિકસી રહી છે. પ્રાકૃતિક કૃષિ એવી પદ્ધતિ છે જેમાં રાસાયણિક ખાતર અને જંતુનાશકોનો ઉપયોગ કર્યા વગર સ્થાનિક સંસાધનો અને ગાય આધારિત પદ્ધતિઓ દ્વારા ખેતી કરવામાં આવે છે. આજે રસાયણોના વધુ પડતા ઉપયોગને કારણે જમીનનું સ્વાસ્થ્ય નબળું પડતું જાય છે. સૂક્ષ્મજીવોની સંખ્યા ઘટે છે, કાર્બનિક તત્ત્વો ઓછા થાય છે અને પાણી ધારણ કરવાની ક્ષમતા ઘટે છે. પ્રાકૃતિક કૃષિ આ તમામ સમસ્યાઓનો અસરકારક ઉપાય છે. ગાયના છાણ અને ગૌમૂત્રથી તૈયાર થતા જીવામૃત અને ઘનજીવામૃત જમીનમાં લાભદાયી જીવાણુઓની સંખ્યા વધારે છે અને જમીનને જીવંત બનાવે છે. પ્રાકૃતિક કૃષિમાં બીજામૃતનો ઉપયોગ બીજની માવજત માટે કરવામાં આવે છે. દેશી ગાયના ગૌમૂત્ર, છાણ, ચૂનો અને અન્ય કુદરતી ઘટકોમાંથી તૈયાર કરવામાં આવતું બીજામૃત બીજને ફૂગજન્ય અને જીવાણુજન્ય રોગોથી પ્રાથમિક સુરક્ષા આપે છે. બીજની અંકુરણ ક્ષમતા સુધરે છે, છોડનો પ્રારંભિક વિકાસ સારો થાય છે અને પાક વધુ મજબૂત બને છે. તે જ રીતે જીવામૃતને પ્રાકૃતિક કૃષિનું હૃદય માનવામાં આવે છે. ગાયના છાણ, ગૌમૂત્ર, ગોળ, અને સ્થાનિક માટીમાંથી તૈયાર થતું જીવામૃત જમીનમાં રહેલા કરોડો લાભદાયી સૂક્ષ્મજીવોને સક્રિય બનાવે છે. આ સૂક્ષ્મજીવો જમીનમાં રહેલા પોષક તત્ત્વોને છોડ માટે ઉપલબ્ધ બનાવે છે. પરિણામે જમીનની જૈવિક પ્રવૃત્તિ વધે છે, મૂળનો વિકાસ સારો થાય છે અને છોડની વૃદ્ધિ વધુ સ્વસ્થ બને છે.ઘનજીવામૃત પણ જમીનની ફળદ્રુપતા વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ખાસ કરીને વરસાદી મોસમ પહેલાં અથવા બાગાયતી પાકોમાં તેનો ઉપયોગ ખૂબ જ અસરકારક માનવામાં આવે છે. તે જમીનમાં કાર્બનિક તત્ત્વોનું પ્રમાણ વધારી જમીનને લાંબા સમય સુધી જીવંત અને ઉપજાઉ રાખે છે. આજકાલ જૂનાગઢ જિલ્લામાં વરસાદની અનિશ્ચિતતા ખેડૂતો માટે પડકારરૂપ છે. પ્રાકૃતિક કૃષિમાં આચ્છાદન (મલ્ચિંગ) એક મહત્વપૂર્ણ તકનીક છે. પાકના અવશેષો, સૂકા પાંદડા, ઘાસ અથવા અન્ય કાર્બનિક પદાર્થો દ્વારા જમીનને ઢાંકવાથી જમીનમાં ભેજ લાંબા સમય સુધી જળવાઈ રહે છે. સાથે જ નીંદણનું પ્રમાણ ઘટે છે, જમીનનું તાપમાન સંતુલિત રહે છે અને વરસાદી પાણીનું સંરક્ષણ થાય છે.

ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૨૬ના અમલીકરણ માટે સૌરાષ્ટ્રના ચાર જિલ્લાની નગરપાલિકાઓના પદાધિકારીઓ અને અધિકારીઓને અપાઈ વિશેષ તાલીમ

નરેન્દ્ર દવે જૂનાગઢ

સુપ્રીમ કોર્ટના દિશાનિર્દેશોના અનુસંધાને 'ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૨૬ SWM Rules-2026' ના અસરકારક અમલીકરણ માટે પ્રાદેશિક કમિશ્નરશ્રી નગરપાલિકાઓ, ભાવનગર ઝોન દ્વારા અમરેલી ખાતે પ્રાદેશિક સ્તરીય એક દિવસીય તાલીમ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાવનગર ઝોન હેઠળની અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લાની નગરપાલિકાઓ ના પદાધિકારીઓ અને અધિકારીઓને ઘન કચરાના વૈજ્ઞાનિક વ્યવસ્થાપન તથા નવા નિયમોના અમલીકરણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વર્કશોપ દરમિયાન ગુજરાત એન્વાયર્નમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ GEMI ના ડેપ્યુટી એન્વાયર્નમેન્ટલ એન્જિનિયર DEEશ્રી પરેશ ચાવડાએ SWM Rules-2026 અંતર્ગત ચૂંટાયેલી પાંખની ભૂમિકા અને જવાબદારીઓ, બલ્ક વેસ્ટ જનરેટર માટેની ફરજો, EBWGR પ્રમાણપત્ર તથા CPCB પોર્ટલ પર સમયમર્યાદામાં કરવાની કામગીરી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. ત્યાર બાદ કન્સેપ્ટ બાયોટેક અને કચ્છ આઝાદી ફાઉન્ડેશન, વડોદરાના પ્રોપ્રાઈટર ડૉ.સુનીત ડબકેએ કચરાના ચાર પ્રકારમાં વૈજ્ઞાનિક વર્ગીકરણ, બલ્ક વેસ્ટ જનરેટરની ઓળખ અને નોંધણી, કચરો ઉત્પન્ન કરનાર તેમજ શહેરી સ્થાનિક સંસ્થાઓની જવાબદારીઓ અને સુપ્રીમ કોર્ટના આદેશોના અનુસંધાને કરવાનાં કાર્યો અંગે સચોટ માહિતી આપી હતી. વર્કશોપના અંતિમ સત્રમાં બી.એ. પ્રેરણા ગ્રુપ ઓફ કંપનીઝ, સુરતના શ્રી નિરજ મીઠાણીએ ડમ્પ સાઇટની યોગ્ય ઓળખ, જૂના ડમ્પ કચરાના વૈજ્ઞાનિક નિકાલ, બાયો-રિમેડિએશન તેમજ ઘન કચરાના સુવ્યવસ્થિત સંચાલન માટે જરૂરી ટેકનિકલ પાસાઓ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રાદેશિક વર્કશોપ દ્વારા ચારેય જિલ્લાઓની નગરપાલિકાઓના પદાધિકારીઓ અને અધિકારીઓને ઘન કચરાના વૈજ્ઞાનિક વ્યવસ્થાપન, પર્યાવરણ સંરક્ષણ, કાયદાકીય જોગવાઈઓના અસરકારક અમલીકરણ અને સ્વચ્છ, ટકાઉ શહેરી વિકાસ માટે જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. વર્કશોપ દરમિયાન વિવિધ નગરપાલિકાઓના પ્રતિનિધિઓએ પોતાના અનુભવો અને પ્રશ્નોની રજૂઆત કરી હતી, જેના આધારે વિષય નિષ્ણાતોએ વ્યવહારુ માર્ગદર્શન આપી નિયમોના અસરકારક અમલીકરણ માટે માર્ગદર્શિકા પણ સ્પષ્ટ કરી હતી. વર્કશોપમાં પ્રાદેશિક કમિશ્નરશ્રી સુનીલના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે અધિક કલેક્ટરશ્રી ડી.એન.સતાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ચારેય જિલ્લાઓની વિવિધ નગરપાલિકાઓના પ્રમુખશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, ચીફ ઓફિસરશ્રીઓ, સિટી મેનેજરશ્રીઓ અને સેનેટરી ઈન્સ્પેક્ટરશ્રીઓ તેમજ ઝોનલ મેનેજરશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પંચાતરસ નો વરસાદ

\- રુપાલી દવે

રીમઝીમ ગીરે સાવન સુલગ સુલગ જાયે મન, લગે આજ ઈસ મૌસમ મેં જાને કૈસી યે લગન.. હાશ!!અમારા અમદાવાદ માં માંડ માંડ વરસાદ પડ્યો ને હવામાન ખાતા ની આગાહી નું પાલન વરસાદ એ કર્યું તો ખરું.બીચારા અંબાલાલ કાકા ની આગાહી પર લોકો એ મજાક માં મીમ બનાવ્યા ને એમાં તો ક્ષેત્રે સંન્યાસ જાહેર કરવાનો નિર્ણય કર્યો હતો. બાપરે!!ઘણા દિવસો ના ભયાનક બફારો માંથી છુટકારા બાદ અંતે થોડી ઠંડક થઈ ગઈ.આમ તો અનરાધાર વરસાદ ને જોતા જ મારું મન ચાતક પક્ષી બન્યું હતું પણ બીમાર પડી જવાના ભયે પલાળવા નો કાર્યક્રમ કેન્સલ કર્યો. કવિ કાલિદાસ ના મતે વરસાદ ની ઋતુ એ માત્ર હવામાન માં બદલાવ જ નથી પણ ઉત્સવ,પ્રેમ,વિરહ અને પ્રકૃતિ ના પુનર્જન્મ નો વૈભવશાળી મહોત્સવ છે. કવિ કાલિદાસ એ એના કાવ્ય ઋતુ સંહાર માં મેઘ ને રાજા નું પ્રતિક આપતા લખ્યું છે કે જે રીતે એક પ્રતાપી રાજા હાથી પર બેસી ને એના બળવાન રક્ષકો સાથે નીકળે છે એ જ રીતે મેઘરાજા નું આગમન કાળા ડીબાંગ વાદળો અને ગડગડાટ સાથે ચમકારા કરતી વીજળી સાથે થાય છે. કવિઓ અને લેખકો વધારે લાગણીશીલ હોય એટલે તો એ વરસાદ ની ઋતુ માં થતા ફેરફાર ને બારીકાઇ થી અનુભવી શકે છે. સામન્ય વ્યક્તિ માટે ધોધમાર વરસતો વરસાદ એ ચોમાસું છે પણ લેખકો અને કવિ ની દ્રષ્ટિ એ ધોધમાર વરસતો વરસાદ એ પ્રકૃતિ એ મેઘરાજા ને મળવા માટે આઠ માસ ની તપશ્ચર્યા છે.વરસાદી ટીપા જમીન પર પડતા જ પ્રકૃતિ સોળે કળા એ ખીલી ને આઠ માસ ના વિરહ બાદ પ્રિયતમ ના આગમન થી રસ તરબોળ બની જાય છે.

"વિરહ" શબ્દ એ પ્રેમ શબ્દ સાથે સંકળાયેલો છે કવિ કાલિદાસ એ "મેઘદૂત" કાવ્ય માં કુબેર ના શ્રાપ ને લીધે રામગિરિ પર્વત પર એક વર્ષ સુધી પત્નીથી દૂર રહેતા યક્ષની વિરહ વ્યથા વર્ણવી છે. પત્ની અનુરાગ માં ભાન ભૂલેલા યક્ષ ને એકપણ કાર્ય માં મન લાગતું નહતું આ કારણોસર કુબેર એ એને શ્રાપ આપ્યો હતો.રામગિરિ પર્વત ની ટેકરી પર અષાઢ ના પ્રથમ દિવસે આકાશ ને કાળા ડીબાંગ વાદળો ને નિહાળતા જ એને એમાં હાથણી ઓનાં જૂથ વચ્ચે ઘેરાયેલા મદમસ્ત હાથી નું દ્રશ્ય દેખાતા જ યક્ષ ની વિરહ વેદના પ્રબળ બનતા એની અતિ સુંદર પત્નીની યાદ આવવા લાગી.વાદળા ને સંદેશાવાહક બનાવી ને યક્ષે અલકા પુરી માં રહેતી એની અતિ સુંદર પત્ની ને સંદેશો મોકલ્યો હતો.મેઘદૂત કાવ્ય માં યક્ષ એ પત્નીને કરેલ વિનંતીઓ અને એના પ્રણય ભાવ નું વર્ણન ખુબ સરસ રીતે થયેલું છે.ઘણીવાર અંગ્રેજી રોમેન્ટિક કાવ્યો વાંચતા એવું લાગે છે કે શૈલી વગેરે રોમેન્ટિક કવિઓ એ કવિ કાલિદાસ ના કાવ્યો ઋતુ સંહાર અને મેઘદૂત નો અભ્યાસ કર્યો જ હશે.

ટીપ ટીપ બરસા પાની.. પાની ને આગ લગાયી..

જ્યારે ફિલ્મમાં રોમાંસ ના દ્રશ્યો ફિલ્માવવા ના આવે છે ત્યારે દિગ્દર્શક વરસાદ નો સહારો લેતા હોય છે. ભલે ફિલ્મો માં હીરો હીરોઈન એક્ટિંગ કરતા હોય છે પણ વરસાદ માં પલળી ને રોમેન્ટિક દ્રશ્યો થિયેટર ના મોટા પડદા પર દર્શક જુવે છે એને અસલી લાગતા પોતાનું લાગવા લાગે છે. હિટ ફિલ્મી ગીતો ની સંખ્યા માં વરસાદ ની ઋતુ પર આધારિત બનેલા ગીતો અન્ય ગીતો કરતા વધારે સુપર હિટ બન્યા હશે.આજે પણ યુવાનો માં "ભીગી ભીગી રાતો મેં ઐસી બરસતો તો મેં કૈસા લગતા હૈ"..."ટીપ ટીપ બરસા પાની".."રીમઝીમ ગીરે સાવન સુલગ સુલગ જાયે મન,લગે આજ ઈસ મૌસમ મેં જાને કૈસી યે લગન...."..."યે બારીશ કા મૌસમ યે મૌસમ..".."બરસો રે મેઘા મેઘા બરસો રે મેઘા..".."આજ રપટ જાયે તો હમે ન બુલૈયો" વગેરે વગેરે બોલિવૂડ સોંગ યુવાઓ ના ફેવરિટ લિસ્ટ માં જોવા મળશે. ખાસ કરીને નવરાત્રી માં સોસાયટીઓ માં દાંડિયા રાસ વખતે વરસાદી સોંગ જ વગાડવા માં આવતા હોય છે.

સાચું કહું વરસાદની ઋતુ એ પ્રણય,પ્રેમ અને વિરહ વગેરે વગેરે ના બદલે "its party time" વધારે હોય એવું લાગતું નથી.મોટાભાગ ના પરિવાર માં વરસાદ નો માહોલ બનતા જ પાર્ટી નો વિચાર બની જતો હોય છે. આ દીવસો માં શાક ભાખરી કે ખીચડી,ભાખરી અને શાક રૂટિન ભોજન ને વિસામો આપવામાં આવતો હોય છે.ગરમા ગરમ ગોટા,દાળવડા,બટેટા વડા,મિક્સ ભજીયા વગેરે સાથે ફુદીના કોથમીર ની ચટણી અને કડક મીઠી ચા એ પાર્ટી નો રંગ જમાવવા પૂરતા છે. અરે!! ના ના પાર્ટી એટલે "મેં નશે મેં હું" વાળી બિલકુલ ન સમજતા ગાંધીબાપુ નું ગુજરાત એટલે ત્રણ વાંદરા બની ને રહેવું પડે. ખબર છે તમને, આપણા સૌના હર્ષભાઈ એ નશા સબંધિત વસ્તુઓ સાથે દારૂ નો જથ્થો અગ્નિ માં સિંઘમ સ્ટાઈલ માં ખાખ કરી નાખ્યો છે.દે ધનાધન વરસાદના કમાણી ના દિવસોમાં બિચારા બાબુ બાટલીઓ પાસે ઓર્ડર તો ઘણા પણ માલ ની તંગી.આ દ્રશ્ય જોઈને સૌથી વધારે ભૂલ ભૂલૈયા ફિલ્મ ના હાસ્ય કલાકાર રાજપાલ યાદવ ખૂબ ખુશ થયા હતા,કેમ? દરેક વાત નું સ્પષ્ટીકરણ ના હોય સમજો. કાન માં કહું ધ્યાન થી સાંભળજો: પહેલા નો જમાનો અલગ હતો એટલે કાલિદાસ રચિત કાવ્ય મેઘદૂત અને ઋતુ સંહાર ને વાંચતા જ પ્રેમ માં યુગલ રસ તરબોળ બની જતા હતા.બોલિવૂડ રોમેન્ટિક વરસાદી ગીતો સાંભળતા જ થિયેટર માં બાજુ ની સીટ પર બેઠેલનો હાથ કચકચાવી ને પકડી લેતા હતા.વરસાદ હોય કે ન હોય ત્રીસે ને સાંઇઠ દિવસ પત્ની માટે ઓફિસ થી આવતી વખતે ગજરો લઈને આવતા હતા.ઓ મેરી જોહરા જબી ગીત ગાતા ગાતા બેડરૂમ ની અંદર નાનો મોટો ડાન્સ પણ પતિઓ કરી લેતા હતા. આપણા બાપ દાદા ના જમાના માં "લાગણી" શબ્દ નો અર્થ બધા સમજતા હતા એટલે તો આખો દિવસ ઘરની પળોજણ થી થાકેલી પત્નીઓ પતિના દિલ ની રાજરાણી હતી.અંત સુધી સાથે જીવવા મરવા ના વચન પ્રેમી પંખીડાઓ પાળતા પણ હતા.પતિ ની નજર પડતાં જ પત્નીના મુખ પર શરમ થી લાલીમા છવાઈ જતી હતી એટલે અષાઢ મહિનામાં આવતા અનરાધાર વરસાદ બધાંને સ્પર્શતો હતો. વરસતા વરસાદમાં અમદાવાદ ના રિવર ફ્રન્ટ પર પલળતા પ્રેમી યુગલો તો ઘણા દેખાશે પણ આ બધા "આઈ લવ યુ" નામના અંગ્રેજી શબ્દ ના ભ્રમ માં હશે. આજકાલ પ્રેમી અને વિવાહિત યુગલોમાં બ્રેક અપ અને સેટ અપ જલ્દી થતું રહેતું હોય છે.વર્તમાન સમયમાં દુનિયા વેપારી વધારે બની ગઈ છે એટલે તો સાચા પ્રેમ ને પણ રૂપિયા આપીને ખરીદવાના પ્રયત્નો થાય છે. નિસ્વાર્થ પ્રેમ એ વરસતા વરસાદ જેવો અનરાધાર હોય છે.આ કારણોસર તો કળયુગી માણસ વરસાદની ઋતુમાં પણ પ્રેમ ની અનુભૂતિ નો અનુભવ કરી શકતો નથી.

કોમનવેલ્થ ગેમ્સ 2026નું સંપૂર્ણ શેડ્યૂલ જાહેર

ભારતના 126 ખેલાડીઓ ઉતરશે મેદાનમાં

કોમનવેલ્થ ગેમ્સ 2026 સ્કોટલેન્ડના ગ્લાસગોમાં 23 જુલાઈથી શરૂ થવા જઈ રહી છે. રમતોના આ મહાકુંભમાં 74 દેશોના લગભગ 3,000 ઍથ્લીટ્સ પેરા-સ્પોર્ટ્સ સહિત 13 રમતોમાં ભાગ લેશે. ભારતીય દળમાં કુલ 126 ઍથ્લીટ્સ સામેલ છે, જેઓ તમામ રમતોમાં મેડલ જીતવાનો પૂરો પ્રયાસ કરશે. ભારતે આ રમતો માટે 77 પુરુષ અને 48 મહિલા ઍથ્લીટ્સને (પેરા-સ્પોર્ટ્સ સહિત) મોકલ્યા છે. ઉલ્લેખનીય છે કે 1930માં શરૂ થયેલી કોમનવેલ્થ ગેમ્સની આ 23મી આવૃત્તિ છે. અત્યાર સુધી યોજાયેલી 22 આવૃત્તિઓમાંથી ભારતીય દળ માત્ર 4 આવૃત્તિઓ(1930, 1950, 1962 અને 1986)માં સામેલ નહોતું થયું. સૌથી વધુ ઍથ્લીટ્સ ઍથ્લેટિક્સ ક્ષેત્રમાં છે, જ્યાં 32 ખેલાડીઓ મેડલ જીતવા માટે મેદાનમાં ઉતરશે. તેમાં 10 મહિલાઓ અને 22 પુરુષો સામેલ છે.

કોમનવેલ્થ ગેમ્સ 2026માં ભાગ લેનારા ભારતીય ઍથ્લીટ્સની પૂરી યાદી

ટ્રેક - 14 ભારતીય ખેલાડી

» ગુરિંદરવીરસિંહ - પુરુષોની 100 મીટર દોડ
» અનીમેશ કુજૂર - પુરુષોની 200 મીટર દોડ
» વિશાલ ટીકે - પુરુષોની 400 મીટર દોડ, મિક્સ્ડ 4 x 400 મીટર રિલે
» રાજેશ રમેશ - પુરુષોની 400 મીટર દોડ, મિક્સ્ડ 4 x 400 મીટર રિલે
» ગુલવીર સિંહ - પુરુષોની 5000 મીટર દોડ, પુરુષોની 10,000 મીટર દોડ
» તેજસ શિરસે - પુરુષોની 110 મીટર વિઘ્ન દોડ
» યશસ પલક્ષ - પુરુષોની 400 મીટર વિઘ્ન દોડ
» સંતોષ કુમાર તામિલરાસન - પુરુષોની 400 મીટર વિઘ્ન દોડ
» રશદીપ કૌર - મહિલાઓની 400 મીટર દોડ, મિક્સ્ડ 4 x 400 મીટર રિલે
» નીરુ પાઠક - મહિલાઓની 400 મીટર દોડ, મિક્સ્ડ 4 x 400 મીટર રિલે
» અંસા બાબુ - મહિલાઓની 400 મીટર દોડ, મિક્સ્ડ 4 x 400 મીટર રિલે
» પારુલ ચૌધરી - મહિલાઓની 3000 મીટર સ્ટીપલચેઝ, મહિલાઓની 5000 મીટર દોડ
» પ્રિયંકા ગોસ્વામી - મહિલાઓની 10,000 મીટર વૉક
» રવીના ગાયકવાડ - મહિલાઓની 10,000 મીટર વૉક

ફિલ્ડ - 18 ખેલાડી

» દેવ મીણા - પુરુષોની પોલ વોલ્ટ
» કુલદીપ કુમાર - પુરુષોની પોલ વોલ્ટ
» સરવેશ અનિલ કુશારે - પુરુષોની ઊંચી કૂદ
» આદર્શ રામ જે - પુરુષોની ઊંચી કૂદ
» તેજસ્વિન શંકર - પુરુષોની ઊંચી કૂદ, પુરુષોની ડેકાથલોન
» મુરલી શ્રીશંકર - પુરુષોની લાંબી કૂદ
» લોકેશ સત્યનાથન - પુરુષોની લાંબી કૂદ
» પ્રવીણ ચિત્રવેલ - પુરુષોની ટ્રિપલ જમ્પ
» સેલ્વા પ્રભુ - પુરુષોની ટ્રિપલ જમ્પ
» સમરદીપ સિંહ ગિલ - પુરુષોની શૉટ પુટ (ગોળા ફેંક)
» તજિંદરપાલ સિંહ તૂર - પુરુષોની શૉટ પુટ (ગોળા ફેંક)
» નીરજ ચોપરા - પુરુષોની જેવલિન થ્રો (બર્છી ફેંક)
» રોહિત યાદવ - પુરુષોની જેવલિન થ્રો (બર્છી ફેંક)
» યશ વીર સિંહ - પુરુષોની જેવલિન થ્રો (બર્છી ફેંક)
» પૂજા સિંહ - મહિલાઓની ઊંચી કૂદ
» મનપ્રીત કૌર - મહિલા શૉટ પુટ (ગોળા ફેંક)
» સીમા કાલીરામના - મહિલા ડિસ્કસ થ્રો (ચક્ર ફેંક)
» નિધિ રાની - મહિલા ડિસ્કસ થ્રો (ચક્ર ફેંક)

ટ્રેક (પેરા) - 5 ખેલાડી

» રાકેશભાઈ ભટ્ટ - પુરુષોની 100 મીટર (T38)
» શ્રેયાંશ ત્રિવેદી - પુરુષોની 100 મીટર (T38)
» મોહમ્મદ બાસિલ એમ - પુરુષોની 100 મીટર (T47)
» દિલીપ મહાદુ ગાવિત - પુરુષોની 100 મીટર (T47)
» રમેશ શનમુગમ - પુરુષોની 1500 મીટર (T54)

ટ્રેક (પેરા) - 6 ખેલાડી

» ફિલ્ડ (પેરા) - 6 ખેલાડી
દેવેન્દ્ર કુમાર - પુરુષ ડિસ્કસ થ્રો (F44)
» સાગર થાયટ - પુરુષોનો ડિસ્કસ થ્રો (F44)
» શુભમ જુયાલ - પુરુષ શૉટ પુટ (F57)
» સોમન રાણા - પુરુષ શૉટ પુટ (F57)
» શર્મિલા ધનખડ - મહિલા શૉટ પુટ (F57)
» શિલ્પા કે શાયલા - મહિલા શૉટ પુટ (F57)

બોક્સિંગ - 14 ખેલાડી

» જદુમણિ સિંહ - પુરુષ 55 કિગ્રા
» સચિન સિવાચ - પુરુષ 60 કિગ્રા
» આદિત્ય પ્રતાપ સિંહ - પુરુષ 65 કિગ્રા
» સુમિત કુંડૂ - પુરુષ 70 કિગ્રા
» અંકુશ અંકુશ - પુરુષ 80 કિગ્રા
» કપિલ પોખરિયા - પુરુષ 90 કિગ્રા
» નરેન્દ્ર બેરવાલ - પુરુષ 90+ કિગ્રા
» સાક્ષી ચૌધરી - મહિલા 51 કિગ્રા
» પ્રીતિ પવાર - મહિલા 54 કિગ્રા
» જેસમિન લેમ્બોરિયા - મહિલા 57 કિગ્રા
» પ્રિયા ઘનઘસ - મહિલા 60 કિગ્રા
» પરવીન હુડા - મહિલા 65 કિગ્રા
અરુંધતિ ચૌધરી - મહિલા 70 કિગ્રા
લવલીના બોર્ગોહેન - મહિલા 75 કિગ્રા

જ્યુડો - 14 ખેલાડી

» હર્ષ સિંહ - પુરુષ 60 કિગ્રા
» રોહિત બસીર મજગુલ - પુરુષ 66 કિગ્રા
» અરુણ કુમાર - પુરુષોનો 73 કિગ્રા
» હર્ષ તોકસ - પુરુષોનો 81 કિગ્રા
» કરનજીત સિંહ માન - પુરુષોનો 90 કિગ્રા
» અવતાર સિંહ - પુરુષોનો 100 કિગ્રા
» યશ ઘંઘાસ - પુરુષોનો 100+ કિગ્રા
» અસ્મિતા ડે - મહિલાઓનો 48 કિગ્રા
» શ્રદ્ધા કડાબુલ ચોપડે - મહિલાઓનો 52 કિગ્રા
» યામિની મૌર્ય - મહિલાઓનો 57 કિગ્રા
» ઉન્નતિ શર્મા - મહિલાઓનો 63 કિગ્રા
» ઈનુંગનબી તખેલંબમ - મહિલાઓનો 70 કિગ્રા
ઈશરૂપ નારંગ - મહિલાઓનો 78 કિગ્રા
તુલિકા માન - મહિલાઓનો 78+ કિગ્રા

સ્વિમિંગ - 5 ખેલાડી

» શ્રીહરિ નટરાજ - પુરુષોનો 50m બેકસ્ટ્રોક, 100m બેકસ્ટ્રોક, 100m ફ્રીસ્ટાઈલ, 4x200m ફ્રીસ્ટાઈલ રિલે
» આર્યન નેહરા - પુરુષોનો 400m ફ્રીસ્ટાઈલ, 800m ફ્રીસ્ટાઈલ, 1500m ફ્રીસ્ટાઈલ, 4x200m ફ્રીસ્ટાઈલ રિલે
» સાજન પ્રકાશ - પુરુષોનો 50m બટરફ્લાય, 200m બટરફ્લાય, 200m ફ્રીસ્ટાઈલ
» અનીશ એસ ગૌડા - પુરુષોનો 200m ફ્રીસ્ટાઈલ, 4x200m ફ્રીસ્ટાઈલ રિલે
ધક્ષન શશિકુમાર - પુરુષોનો 400m ફ્રીસ્ટાઈલ, 4x200m ફ્રીસ્ટાઈલ રિલે

સ્વિમિંગ (પેરા) - 5 ખેલાડી

» રવિ વીરા વેંકટ બુડિગિના - ફ્રીસ્ટાઈલ 50m S7
» અલી ઈમામ - ફ્રીસ્ટાઈલ 100m S13
» સુયશ નારાયણ જાધવ - ફ્રીસ્ટાઈલ 50m S7
» ચૈતન્ય વિશ્વાસ કુલકર્ણી - ફ્રીસ્ટાઈલ 200m S14
સ્વાતિક પાટિલ - ફ્રીસ્ટાઈલ 50m S7

ટ્રેક સાઈકલિંગ - 6 ખેલાડી

» રોનાલ્ડો સિંહ લૈતોંજમ - 1000m ટાઈમ ટ્રાયલ
» ડેવિડ બેકહમ એલ્કાટોહચૂંગો - પુરુષોનો એલીટ કીરીન
» જેમ્શ સિંહ કેઈથેલક્મ - પુરુષોનો એલીટ કીરીન
» દિનેશ કુમાર - પુરુષોનો એન્ડ્યોરન્સ / પર્સ્યુટ ફોર્મેટ
» રોજિત સિંહ યાંગલેમ - પુરુષોનો એન્ડ્યોરન્સ / પર્સ્યુટ ફોર્મેટ
» સેખોં હર્ષવીર સિંહ - પુરુષોનો 4,000 મીટર ટીમ પર્સ્યુટ

ટ્રેક સાઈકલિંગ (પેરા) - 1 ખેલાડી

» લીશા દાસ - મહિલાઓની ટ્રેક સાઈકલિંગ

વેઈટલિફ્ટિંગ - 12 ખેલાડી

» ઋષિકંત સિંહ - પુરુષોનો 60 કિગ્રા
» એમ રાજા - પુરુષોનો 65 કિગ્રા
» અજય બાબુ - પુરુષોનો 79 કિગ્રા
» દિલબાગ સિંહ - પુરુષોનો 94 કિગ્રા
» લવપ્રીત સિંહ - પુરુષોનો 110+ કિગ્રા
» મીરાબાઈ ચાનૂ - મહિલાઓનો 48 કિગ્રા
» જ્ઞાનેશ્વરી યાદવ - મહિલાઓનો 53 કિગ્રા
» બિંદ્યારાની દેવી - મહિલાઓનો 58 કિગ્રા
» હરજિંદર કૌર - મહિલાઓનો 69 કિગ્રા
» સંજના - મહિલાઓનો 77 કિગ્રા
» સેરમ નિરૂપમા દેવી - મહિલાઓનો 86 કિગ્રા
» માર્ટિના દેવી - મહિલાઓનો 86+ કિગ્રા

આર્ટિસ્ટિક જીમ્નાસ્ટિક્સ - 8 ખેલાડી

» તપન મોહંતી - પુરુષોની ટીમ ઓલ-અરાઉન્ડ
» તાપેશ્વરનાથ દાસ - પુરુષોની ટીમ ઓલ-અરાઉન્ડ
» સ્વાતિશ કેપી - પુરુષોની ટીમ ઓલ-અરાઉન્ડ
» સત્યજીત મંડલ - પુરુષોની ટીમ ઓલ-અરાઉન્ડ
» પ્રણતિ નાયક - મહિલાઓની ટીમ ઓલ-અરાઉન્ડ
» નિશ્કા અગ્રવાલ - મહિલાઓની ટીમ ઓલ-અરાઉન્ડ
» એશિતા રેવાલે - મહિલાઓની ટીમ ઓલ-અરાઉન્ડ
» પ્રતિષ્ઠા સામંત - મહિલાઓની ટીમ ઓલ-અરાઉન્ડ

3x3 બાસ્કેટબોલ (પેરા) - 4 ખેલાડી

» રીના રમેશચંદ્ર ગુપ્તા - મહિલાઓનો વ્હીલચેર
» ઈરિંગબમ રિતુ ચાનૂ - મહિલાઓનો વ્હીલચેર
» જાધવ મીનાક્ષી હરીચંદ્ર - મહિલાઓનો વ્હીલચેર
» રાયનવાર લક્ષ્મી રાયપ્પા - મહિલાઓનો વ્હીલચેર

ક્યારે, કયા દેશને મળી કોમનવેલ્થ ગેમ્સની યજમાની

» 1930 (હેમિલ્ટન, કેનેડા)
» 1934 (લંડન, ઈંગ્લેન્ડ)
» 1938 (સિડની, ઓસ્ટ્રેલિયા)
» 1950 (ઓકલેન્ડ, ન્યુઝીલેન્ડ)
» 1954 (વેંકુવર, કેનેડા)
» 1958 (કાર્ડિફ, વેલ્સ)
» 1962 (પર્થ, ઓસ્ટ્રેલિયા)
» 1966 (કિંગ્સ્ટન, જમૈકા)
» 1970 (એડિનબર્ગ, સ્કોટલૅન્ડ)
» 1974 (ક્રાઈસ્ટચર્ચ, ન્યુઝીલૅન્ડ)
» 1978 (એડમંટોન, કેનેડા)
» 1982 (બ્રિસ્બેન, ઓસ્ટ્રેલિયા)
» 1986 (એડિનબર્ગ, સ્કોટલૅન્ડ)
» 1990 (ઓકલૅન્ડ, ન્યુઝીલૅન્ડ)
» 1994 (વિક્ટોરિયા, કેનેડા)
» 1998 (કુઆલાલંપુર, મલેશિયા)
» 2002 (મેન્ચેસ્ટર, ઈંગ્લૅન્ડ)
» 2006 (મેલબોર્ન, ઓસ્ટ્રેલિયા)
» 2010 (નવી દિલ્હી, ભારત)
» 2014 (ગ્લાસગો, સ્કોટલૅન્ડ)
» 2018 (ગોલ્ડ કોસ્ટ, ઓસ્ટ્રેલિયા)
» 2022 (બર્મિંગહામ, ઈંગ્લૅન્ડ)
» 2026 (ગ્લાસગો, સ્કોટલૅન્ડ)

તારીખ - ઈવેન્ટ - ભારતના એથ્લીટના મેચ ટાઈમિંગ

23 જુલાઈ (ગુરુવાર) - ઓપનિંગ સેરેમની - રાત્રે 10:30 વાગ્યા ISTથી ઓપનિંગ સેરેમની, 24 જુલાઈ (શુક્રવાર) - સ્વિમિંગ, બોક્સિંગ, જીમ્નાસ્ટિક્સ, 3x3 બાસ્કેટબોલ, બોલ્સ, પાવરલિફ્ટિંગ - મીરાબાઈ ચાનૂ મહિલાઓના 48 કિગ્રા ફાઈનલમાં. બોક્સિંગના ઈવેન્ટ્સ, 25 જુલાઈ (શનિવાર) - સ્વિમિંગ, જીમ્નાસ્ટિક્સ, બોક્સિંગ - મહિલાઓની જીમ્નાસ્ટિક્સ ટીમનો ફાઈનલ; સ્વિમિંગમાં મેડલ માટે રેસ, 26 જુલાઈ (રવિવાર) - વેટલિફ્ટિંગ, જીમ્નાસ્ટિક્સ, સ્વિમિંગ, બોક્સિંગ - વ્યક્તિગત ઓલ-અરાઉન્ડ જીમ્નાસ્ટિક્સ ફાઈનલ; પુરુષોનું 60kg અને 65kg વેટલિફ્ટિંગ, 27 જુલાઈ (સોમવાર) - એથલેટિક્સ શરૂ, વેટલિફ્ટિંગ, બોક્સિંગ - ટ્રેક અને ફિલ્ડ ઈવેન્ટ્સ શરૂ; જીમ્નાસ્ટિક્સ એપેરેટસ ફાઈનલ, 28 જુલાઈ (મંગળવાર) - એથલેટિક્સ, વેટલિફ્ટિંગ, બોક્સિંગ ક્વાર્ટર-ફાઈનલ - બોક્સિંગમાં મેડલ રાઉન્ડ શરૂ, 29 જુલાઈ (બુધવાર) - એથલેટિક્સ, સ્વિમિંગ, લોન બોલ્સ - પુરુષોનો શૉટ પુટ, રિલે અને મેડલે સ્વિમિંગ ફાઈનલ, 30 જુલાઈ (ગુરુવાર) - ટ્રેક સાઈકલિંગ, એથલેટિક્સ, વેટલિફ્ટિંગ, જ્યુડો - પુરુષોનું જેવલિન ક્વોલિફિકેશન; પુરુષોનો ટ્રિપલ જમ્પ ફાઈનલ, 31 જુ લાઈ (શુક્રવાર) - એથલેટિક્સ, જ્યુડો, ટ્રેક સાઈકલિંગ - બોક્સિંગ સેમિ-ફાઈનલ; મિક્સ્ડ 4x400m રિલે, 01 ઑગસ્ટ (શનિવાર) - એથલેટિક્સ, બોક્સિંગ ફાઈનલ, ટ્રેક સાઈકલિંગ - પુરુષોનો જેવલિન ફાઈનલ (નીરજ ચોપરા); બોક્સિંગ ગોલ્ડ-મેડલ મુકાબલા, 02 ઑગસ્ટ (રવિવાર) - એથલેટિક્સ ફાઈનલ, નેટબોલ, ક્લોઝિંગ સેરેમની - મેડલ માટે ફાઈનલ ઈવેન્ટ્સ - રાત્રે 10:30 વાગ્યા ISTથી ક્લોઝિંગ સેરેમની.

SA20 2027નું સમયપત્રક જાહેર

SA20 લીગ કમિશનર ગ્રીમ સ્મિથે SA20 ની આગામી સીઝનની જાહેરાત કરી છે. SA20 2027 17 જાન્યુઆરીથી રમાશે. લીગની ફાઈનલ મેચ 21 ફેબ્રુઆરીએ યોજાશે.વિશ્વની સૌથી લોકપ્રિય T20 લીગમાંની એક SA20 ની આગામી સીઝન અંગે એક મોટો અપડેટ સામે આવ્યો છે. SA20 2027 ની તારીખો જાહેર કરવામાં આવી છે. SA20 2027 17 જાન્યુઆરીથી શરૂ થશે અને ફાઈનલ મેચ 21 ફેબ્રુઆરીએ રમાશે. સિઝનનો પહેલો મેચ ડિફેન્ડિંગ ચેમ્પિયન સનરાઈઝર્સ ઈસ્ટર્ન કેપ અને રનર-અપ પ્રિટોરિયા કેપિટલ્સ વચ્ચે સેન્ટ જ્યોર્જ પાર્ક ખાતે રમાશે. ગયા સિઝનના પ્લેઓફમાંથી બાકીની બે ટીમો, પાર્લ રોયલ્સ અને જોબર્ગ સુપર કિંગ્સ, ટુર્નામેન્ટના બીજા દિવસે પાર્લ રોયલ્સના હોમ ગ્રાઉન્ડ પર ટકરાશે. ચાર શનિવાર હશે જેમાં બે મેચ હશે: 23 જાન્યુઆરી, 30 ફેબ્રુઆરી, 6 ફેબ્રુઆરી અને 13 ફેબ્રુઆરી. અંતિમ ગ્રુપ સ્ટેજ મેચ 14 ફેબ્રુઆરીએ ન્યૂલેન્ડ્સમાં MI કેપટાઉન અને પ્રિટોરિયા કેપિટલ્સ વચ્ચે રમાશે. સીઝનની ફાઈનલ બરાબર એક અઠવાડિયા પછી તે જ સ્થળે રમાશે. તે પહેલાં, ક્વોલિફાયર અને એલિમિનેટર મેચો પાર્લ અને જોહાનિસબર્ગમાં રમાશે.



ભારતીય-અમેરિકન અમીશ શાહે એરિઝોનામાં ડેમોક્રેટિક પ્રાઈમરી જીતી

ભારતીય-અમેરિકન ડૉક્ટર અમીશ શાહે એરિઝોનાના ફર્સ્ટ કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટમાં ડેમોક્રેટિક પ્રાઈમરી જીતી છે. હવે તેમનો સામનો નવેમ્બરમાં રિપબ્લિકન ઉમેદવાર જય ફીલી સામે થશે. શાહ, જે તેમની તબીબી સેવાઓ અને સામાજિક કાર્ય માટે જાણીતા છે, તેમની પાસે ત્રણ પાલતુ બિલાડીઓ પણ છે.

(એજન્સી) વોશિંગ્ટન| તા 23

ભારતીય-અમેરિકન રાજકારણી અમીશ શાહે એરિઝોનાના ફર્સ્ટ કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટમાં ડેમોક્રેટિક પાર્ટી પ્રાઈમરી જીતી છે. મધ્યમ ડેમોક્રેટ માનવામાં આવતા, તેમણે ભૂતપૂર્વ ટીવી પત્રકાર માર્લેન ગેલેન-વુડ્સને હરાવ્યા, જે પાર્ટીના ટોચના નેતૃત્વ દ્વારા સમર્થિત ઉમેદવાર હતા. અમીશ શાહ હવે નવેમ્બરમાં યોજાનારી યુએસ કોંગ્રેસ (હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ) ચૂંટણીમાં રિપબ્લિકન ઉમેદવાર અને ભૂતપૂર્વ NFL કિકર જય ફીલી સામે ટકરાશે. જય ફીલીને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો ટેકો છે. અમીશ શાહ વ્યવસાયે ઈમરજન્સી મેડિસિન ડોક્ટર છે અને એરિઝોના વિધાનસભાના ત્રણ ટર્મ સભ્ય છે. ચૂંટણી પ્રચાર દરમિયાન, તેઓ ઘરે ઘરે ગયા, લગભગ 28,000 ઘરો સુધી પહોંચ્યા. તેમના જનસંપર્ક અભિગમને તેમની જીતનું મુખ્ય કારણ માનવામાં આવે છે. માર્લેન ગેલેન-વુડ્સને ડેમોક્રેટિક કોંગ્રેસનલ કેમ્પેઈન કમિટીનો ટેકો મળ્યો. તેમની હાર આ વર્ષે DCCC સમર્થિત ઉમેદવાર માટે ત્રીજી હાર છે. અગાઉ, કેલિફોર્નિયામાં જસમીત બેન્સ અને મૈનેમાં જો બાલ્ડાચી પણ પ્રાથમિક ચૂંટણી હારી ગયા હતા.રસપ્રદ વાત એ છે કે, અમીશ શાહ અને જય ફીલી, જેઓ હવે રાજકીય રીતે મતભેદમાં છે, તેમનો પણ લાંબા સમયથી વ્યાવસાયિક સંબંધ છે. અમીશ શાહ એક સમયે ન્યૂ યોર્ક જેટ્સ ફૂટબોલ ટીમ માટે ડૉક્ટર હતા, જે ખેલાડીઓને કટોકટી તબીબી સેવાઓ પૂરી પાડતા હતા. જય ફીલી તે સમયે આ ટીમ માટે કિકર તરીકે રમતા હતા. અમીષ શાહનો જન્મ અમેરિકાના શિકાગોમાં ૧૯૬૦ના દાયકામાં ભારતથી સ્થળાંતર કરીને આવેલા ગુજરાતી માતાપિતાને ત્યાં થયો હતો. તેમના પિતા જૈન છે અને માતા હિન્દુ છે. તેમણે નોર્થવેસ્ટર્ન યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા હતા અને મેડિકલ સ્કૂલમાં ઓનર્સ પ્રોગ્રામ ઈન મેડિકલ એજ્યુકેશન દ્વારા મેડિકલ ડિગ્રી મેળવી હતી. ત્યારબાદ તેમને યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, બર્કલેમાંથી માસ્ટર ઓફ પબ્લિક હેલ્થ મેળવવા માટે સંપૂર્ણ મેરિટ સ્કોલરશીપ મળી હતી. ત્યારબાદ તેમણે ન્યૂ યોર્ક શહેરના સૌથી વ્યસ્ત લેવલ-૧ ટ્રોમા સેન્ટરમાં ઈમરજન્સી મેડિસિનમાં રેસિડેન્સી પૂર્ણ કરી હતી.આ સતત બીજી વખત છે જ્યારે અમીષ શાહે આ જિલ્લામાં ડેમોક્રેટિક પ્રાઈમરી જીતી છે.

ઈરાન સામે પહેલીવાર અમેરિકાએ ઘાતક B-1 બોમ્બર વિમાન ઉતાર્યું, મહાયુદ્ધના ભણકારાં

(એજન્સી) વોશિંગ્ટન| તા 23

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલતી જંગ હવે વધુ ખતરનાક વળાંક પર પહોંચી ગઈ છે. અમેરિકન સેનાએ મંગળવારે પ્રથમ વખત B-1 લાન્સર લોંગ-રેન્જ બોમ્બરનો ઉપયોગ કરીને ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)ના ઠેકાણાઓ પર ભીષણ હુમલો કર્યો છે. અમેરિકન અધિકારીઓના જણાવ્યા મુજબ, 12 દિવસ પહેલા યુદ્ધ ફરી શરૂ થયા બાદ આ પહેલીવાર બન્યું છે જ્યારે B-1 લાન્સર બોમ્બરને મિશન પર મોકલવામાં આવ્યું હોય. B-1 બોમ્બર અમેરિકન વાયુસેનાનું સૌથી શક્તિશાળી વિમાન છે, જે ઓછી ઊંચાઈ પર અવાજ કરતાં પણ વધુ ઝડપે ઉડીને સૌથી વધુ વજનના બોમ્બ લઈ જઈ શકે છે. આ વિમાન 2,000 પાઉન્ડના બે ડઝન જેટલા બોમ્બ અથવા ડઝનબંધ મિસાઈલ લઈ જવા માટે સક્ષમ છે અને તેણે બ્રિટનના એરબેઝ પરથી ઉડાન ભરી હતી. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, આ બોમ્બરે ઈરાનના સૈન્ય મથકો, ડ્રોન સ્ટોરેજ, વિમાન હેંગર અને દરિયાઈ ક્ષમતા વાળા ઠેકાણાઓ પર હુમલા કર્યા છે, જેથી હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતાં જહાજો પર હુમલો કરવાની ઈરાનની તાકાતને નબળી પાડી શકાય. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન સામે હજુ પણ મોટા સૈન્ય અભિયાન પર વિચાર કરી રહ્યા છે અને આગામી દિવસોમાં આ લડાઈ વધુ તીવ્ર બની શકે છે. ટ્રમ્પે ચેતવણી આપી છે કે જો ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજો પર હુમલા ચાલુ રાખ્યા, તો અમેરિકા તેહરાન સહિત ઈરાનના પુલો અને પાવર પ્લાન્ટ્સને નિશાન બનાવી શકે છે. બીજી તરફ, અમેરિકાના વ્યાપક હુમલા છતાં ઈરાનનું વલણ નરમ પડ્યું નથી અને તેણે પણ અમેરિકન સાથી ખાડી દેશોના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવવાની ધમકી આપી છે.બીજી તરફ, ઈરાનની ઉશ્કેરણીથી યમનના હૂથી બળવાખોરોએ રેડ સીમાં સાઉદી અરેબિયાના બંદરો પર નાકાબંધીની જાહેરાત કરીને સાઉદી જહાજો પર પહેલો હુમલો કરી દીધો છે. જેના કારણે અનેક કોમર્શિયલ જહાજોએ પોતાના રસ્તા બદલી નાખ્યા છે. આ દરમિયાન કતાર અને ઓમાનની મધ્યસ્થતાથી હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા અને યુદ્ધ રોકવાના પ્રયાસો ચાલી રહ્યા છે, પરંતુ ઈરાને નવો પ્રસ્તાવ સ્વીકાર્યો ન હોવાથી હજુ સુધી કોઈ નક્કર સફળતા મળી નથી. જોકે, પ્રમુખ ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાનને ભારે નુકસાન થઈ રહ્યું છે અને તે બહુ જલ્દી સમજૂતી માટે તૈયાર થઈ જશે.

મિડલ ઈસ્ટમાં મહાયુદ્ધ : અમેરિકાના ઈરાન પર તબાહી મચાવતા હુમલા, હુથીઓએ સાઉદીના 2 ઓઈલ ટેન્કર સળગાવ્યા

(એજન્સી) ઈરાન | તા 23

મિડલ ઈસ્ટમાં સ્થિતિ દિવસેને દિવસે વધુ ગંભીર અને ભયાનક બની રહી છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલતા યુદ્ધના 12મા દિવસે યુએસ સેનાએ ઈરાનના વિવિધ વિસ્તારો પર પ્રચંડ હવાઈ હુમલા ચાલુ રાખ્યા છે. બીજી તરફ, યમનના ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ રેડ સીમાં સાઉદી અરેબિયાના ઓઈલ ટેન્કરો પર મિસાઈલ હુમલા કર્યા છે. આ સાથે જ આ સંઘર્ષ હવે સમગ્ર પશ્ચિમ એશિયા અને વૈશ્વિક ઊર્જા માર્ગો પર ફેલાઈ ગયો છે.

સતત 12મી રાત્રે અમેરિકાના ભયાનક હવાઈ હુમલા

અમેરિકન સેનાએ બુધવારે સતત 12મી રાત્રે ઈરાન પર ભીષણ હવાઈ અને મિસાઈલ હુમલા કર્યા છે. દક્ષિણ ઈરાનના સિરિક ક્ષેત્રમાં ભયાનક વિસ્ફોટોના અવાજ સંભળાયા હતા. યુ.એસ. સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM)એ સ્પષ્ટ કર્યું છે કે ઈરાનના એરક્રાફ્ટ હેંગર્સ, ડ્રોન સ્ટોરેજ સાઈટ્સ, મિલિટરી ઓપરેશન સેન્ટર્સ અને મરીન લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવાયા છે. હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતાં કોમર્શિયલ જહાજો અને નાવિકો માટે ઈરાન તરફથી ઊભા થતા ખતરાને નાબૂદ કરવા અમેરિકાએ આ મિશન આગળ પણ ચાલુ રાખવાની જાહેરાત કરી છે.

ઈરાન-ઈરાક સરહદ પર મિસાઈલ હુમલો અને અમેરિકન પ્રમુખની ચેતવણી

યુદ્ધના 12મા દિવસે યુએસ સેનાએ ઈરાનના ખુઝેસ્તાન પ્રાંત અને ઈરાક વચ્ચે આવેલા મહત્ત્વના 'શલામચેહ બોર્ડર ક્રોસિંગ'ના પેસેન્જર ટર્મિનલ નજીક મિસાઈલ હુમલો કર્યો હતો. આ હુમલામાં 2 લોકોના મોત થયા છે અને 11 લોકો ગંભીર રીતે ઘવાયા છે. આ સિવાય અહવાઝ, રામશીર અને અંદીમેશ્ક શહેરો નજીક પણ બોમ્બમારો કરાયો હતો.અમેરિકન પ્રમુખે ઈરાનને ખુલ્લી ચેતવણી આપતાં જણાવ્યું છે કે, 'હાલમાં ઈરાન સાથે કોઈ પણ પ્રકારની વાટાઘાટોમાં અમને રસ નથી.

રેડ સીમાં હુથી બળવાખોરોનો કોપ: સાઉદીના 2 ઓઈલ ટેન્કરો પર મિસાઈલ એટેક

હોર્મુઝ સ્ટ્રેટમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે રેડ સી નવો અખાડો બની ગયો છે. યમનના હુથી બળવાખોરોએ સાઉદી અરેબિયા સામે ઘોષિત કરેલી નૌકાદળ નાકાબંધીનો ભંગ કરવા બદલ સાઉદીના બે ઓઈલ ટેન્કરો-'એન્સેલિયા' અને 'લૈલા' પર બેલિસ્ટિક અને ક્રૂઝ મિસાઈલો વડે હુમલો કરવાનો દાવો કર્યો છે. સાઉદી અરેબિયાના અલ-શુકૈકથી આશરે 70 નોટિકલ માઈલ દૂર 'એન્સેલિયા' ટેન્કર પર મિસાઈલ પડતા જ ભયાનક આગ લાગી ગઈ હતી.

વૈશ્વિક અર્થતંત્ર અને ક્રૂડ ઓઈલ પર ગંભીર અસર

વિશ્વના કુલ ઓઈલ અને ગેસ નિકાસનો પાંચમો ભાગ જ્યાંથી પસાર થાય છે તેવા હોર્મુઝ સ્ટ્રેટ અને રેડ સી બંને રૂટ પર હિંસા ભડકી ઉઠતાં આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે. અમેરિકન સંરક્ષણ મંત્રીના જણાવ્યા અનુસાર, અમેરિકા આ યુદ્ધ પર અત્યાર સુધીમાં આશરે 37.5 અબજ ડોલરનો જંગી ખર્ચ કરી ચૂક્યું છે. કોઈપણ કૂટનીતિક સમાધાન ન દેખાતાં અને બંને પક્ષો પોતાની માગણીઓ પર અડગ રહેતાં આ યુદ્ધ વૈશ્વિક ક્ષેત્રે મોટું આર્થિક સંકટ સર્જી રહ્યું છે.

મસ્કની ક્રિસ્ટોફર નોલનને ચેલેન્જ એઆઈથી 'ધ ઓડિસી' બનાવશે

ગ્રોક ઈમેજિનથી બનાવેલો ત્રણ મિનિટનો એઆઈ વીડિયો પોસ્ટ કરીને ફૂલ મૂવી બનાવવાની જાહેરાત

(એજન્સી) કેલિફોર્નિયા | તા 23

હોલીવૂડના જાણીતા ડિરેક્ટર ક્રિસ્ટોફર નોલનની બ્લોકબસ્ટર ફિલ્મ ધ ઓડિસી બ્લોકબસ્ટર સાબિત થઈ રહી છે. પરંતુ, ઈલોન મસ્ક તેનો સતત વિરોધ કરી રહ્યા છે. હવે, તેમણે ક્રિસ્ટોફર નોલનને પડકાર ફેંક્યો છે. મસ્કે કહ્યું કે, તેમની એઆઈ કંપની એક્સએઆઈનું વિડિયો જનરેશન પ્લેટફોર્મ ગ્રોક ઈમેજિન વર્ષના અંત સુધીમાં હોમરના મહાકાવ્ય ધ ઓડિસી પર આધારિત એઆઈ ફિલ્મ તૈયાર કરશે. મસ્કે એક્સ (ટ્વિટર) પર ત્રણ મિનિટનો એઆઈ જનરેટેડ વીડિયો પોસ્ટ કરી લખ્યું કે, ગ્રોક ઈમેજિન ફૂલ-લેન્થ મૂવી બનાવશે. જે ઐતિહાસિક રીતે વધુ સચોટ હશે. મસ્ક છેલ્લા કેટલાક અઠવાડિયાથી નોલનની ફિલ્મના કાસ્ટિંગને લઈને અસંતોષ વ્યક્ત કરી રહ્યા છે. તેમણે લુપિતા ન્યોંગ'ઓને હેલન ઓફ ટ્રોય અને એલિયટ પેજને સાયનોનના રોલમાં લેવામાં આવ્યા હોવાની ટીકા કરી હતી. તેમના મતે આ કાસ્ટિંગ હોમરના મૂળ મહાકાવ્ય સાથે સુસંગત નથી.મસ્કની આ જાહેરાત માત્ર ફિલ્મ પૂરતી સીમિત નથી. જો તેમની એઆઈ ફિલ્મ સફળ રહેશે તો ફિલ્મમેકિંગ બદલાઈ જશે. આ પહેલા નોલન પણ કહી ચૂક્યા છે કે, એઆઈ ફિલ્મમેકિંગમાં મદદરૂપ બની શકે છે. પરંતુ, તે માનવીય કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતાનું સ્થાન નથી લઈ શકતું. મસ્કના વિરોધ છતાં નોલનની ધ ઓડિસીને વિશ્વભરમાં જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે. ફિલ્મે રિલીઝના પહેલા વીકમાં જ અંદાજે ૨૬૪ મિલિયન ડોલરની કમાણી કરી હતી. આ ફિલ્મે રોટન ટોમેટોઝ પર ૯૭ ટકા ઓડિયન્સ સ્કોર મેળવ્યો હતો.

ઈરાન સાથેના યુદ્ધમાં અમેરિકાના ત્રણ લાખ કરોડ રૂપિયા સ્વાહા

(એજન્સી) વોશિંગ્ટન| તા 23

ઈરાન યુદ્ધના કારણે અમેરિકાને સીધો ત્રણ લાખ કરોડ રુપિયા (૩૭.૫ અબજ ડોલર)નો ફટકો પડયો છે. અમેરિકાના સંરક્ષણ પ્રધાન પીટ હેગસેથે સેનેટની સમક્ષ આ વાત જણાવી ત્યારે તેમણે સેનેટ સમિતિના તીખા સવાલોનો સામનો કરવો પડયો હતો. આમ અમેરિકાને ઈરાન સામેના યુદ્ધમાં જાન અને માલ બંનેનું નુકસાન ઉઠાવવું પડી રહ્યુ છે. અમેરિકાના ૧૭ સૈનિકો યુદ્ધમાં માર્યા ગયા છે અને ૫૦૦ ઘાયલ થયા છે. સેનેટની સમિતિ સમક્ષ હાજર રહેવા દરમિયાન પીટ હેગસેથે આકરા સવાલોના જવાબનો તો સામનો કરવો જ પડયો, પરંતુ તેમની સામે પણ બરોબર નારાબાજી થઈ. ડેમોક્રેટ્સે તો તેમના પર અમેરિકાને એક અંતહીન યુદ્ધમાં ધકેલી દેવાનો પણ આરોપ લગાવ્યો હતો. હેગસેથે આ આકરા પ્રહારો વચ્ચે જણાવ્યું હતું કે રિપબ્લિકન પાર્ટી તરફથી તૈયાર કરવામાં આવી રહેલું ૯૫ અબજ ડોલરનું ફંડ અને પ્રેસિડેન્ટ ટ્રમ્પેનું ૧.૫ ટ્રિલિયન ડોલરનું સંરક્ષણ બજેટ લશ્કર માટે ખૂબ જ જરુરી છે. તેમણે ચેતવણી આપી હતી કે જો આ ફંડ લશ્કરને ન મળ્યું તો તેણે સંસાધનોની મોટાપાયા પરની અછતનો સામનો કરવો પડી શકે છે. સેનેટની સમિતિના ટોચના સભ્ય સેનેટર પેટી મરેએ સરકારના હેતુઓ પર સવાલ ઉઠાવ્યા. મરેએ જણાવ્યું હતું કે આ યુદ્ધ ફરી એક વખત બેકાબૂ થઈ રહ્યું છે. આપણે ક્યારેય ખતમ ન થનારા સંઘર્ષ તરફ આગળ વધી રહ્યા છીએ. મરેએ જણાવ્યું હતું કે ટ્રમ્પ વારંવાર જણાવે છે કે અમે સમજૂતીની નજીક છીએ અને યુદ્ધ ઝડપથી ખતમ થઈ જશે, પરંતુ એવું કશું થયું નથી. હવે તે ૭૦ અબજ ડોલર માંગે છે. અમને ફક્ત બધુ ઠીક થઈ જશે તેવો ભરોસો રાખવાની વાત કરે છે.આ દરમિયાન જોઈન્ટ ચીફ ઓફ સ્ટાફના વડા જનરલ ડેન કેન અને કૃષિપ્રધાન બ્રૂક રેલિંગ્સે પણ તેમનો અભિપ્રાય રજૂ કર્યો હતો. રિપબ્લિકન પાર્ટીના બજેટ પ્રસ્તાવમાં યુદ્ધ ફંડ ઉપરાંત રાષ્ટ્રીય સુરક્ષા માટે જરૂરી બીજી જરુરતો હેઠળ ૬૦ અબજ અને ૧૨ એબજ ડોલર, કૃષિ સહાયતા માટે ૧૦ અબજ ડોલર અને વોટિંગ કાયદામાં ફેરફાર માટે ૧૦ અબજ ડોલર આપવાનો સમાવેશ થાય છે.અમેરિકન પ્રમુખ ટ્રમ્પે ધમકી આપી છે કે ઈરાન હોર્મુઝમાંથી પસાર થતાં કોઈ જહાજ પર હુમલો કરશે તો તેના જવાબમાં તેનું વીજમથક ઉડાવાશે અથવા તો તેનો પુલ ઉડાવી દેવામાં આવશે. તેથી ઈરાને છેલ્લા ત્રણ મહિનામા કુલ ૩૦થી વધુ કોમર્સિયલ જહાજો પર હુમલો કર્યો છે. તેના કારણે ટ્રમ્પ ગીન્નાયા છે. અમેરિકાનું કહેવું છે કે હોર્મુઝ હજી પણ વ્યવસાયિક જહાજો માટે ખૂલ્યું છે, પરંતુ ઈરાન માટે નહીં.અમેરિકન લશ્કરે સળંગ ૧૧મી રાત્રિ ઈરાન પર હુમલો કર્યો છે. તેણે આ હુમલો ઈરાનના એરક્રાફ્ટ હેન્ગર, ડ્રોન સ્ટોરેજ સાઈટ, આર્મી ઓપરેશન સેન્ટર, સમુદ્રી ક્ષમતાઓ અને લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવીને કર્યો.

નેપાળ ફરી ધ્રુજ્યું, વહેલી સવારે ભૂકંપનો આંચકો અનુભવાયો

(એજન્સી) નેપાળ | તા 23

નેપાળના સુદુરપશ્ચિમ પ્રાંતમાં બુધવારે વહેલી સવારે ભૂકંપનો આંચકો અનુભવાયો. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા 4.2 નોંધાઈ હતી. રાહતની વાત એ છે કે આ ઘટનામાં કોઈ જાનમાલનું નુકસાન થયું નથી.રાષ્ટ્રીય ભૂકંપ દેખરેખ અને સંશોધન કેન્દ્ર (NEMRC) દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, બુધવારે સવારે સ્થાનિક સમય મુજબ 4:40 વાગ્યે ભૂકંપ આવ્યો હતો. 4.2 ની તીવ્રતાના આ ભૂકંપનું કેન્દ્ર રાજધાની કાઠમંડુથી લગભગ 900 કિલોમીટર પશ્ચિમમાં સ્થિત બજંગ જિલ્લાના કોટદેવલ વિસ્તાર નજીક નોંધાયું હતું. વહેલી સવારે બજંગ તેમજ પડોશી જિલ્લાઓ બાજુરા અને દારચુલામાં પણ આંચકો અનુભવાયો હતો, જેના કારણે લોકોમાં થોડા સમય માટે ગભરાટ ફેલાયો હતો. તાજેતરના દિવસોમાં નેપાળમાં ભૂકંપની ગતિવિધિઓ તીવ્ર બની છે. ગયા અઠવાડિયે, પશ્ચિમ નેપાળના લુમ્બિની પ્રાંતના રુકુમ પૂર્વ જિલ્લામાં 5.0 ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો. જોકે, રાહતની વાત એ છે કે, સ્થાનિક વહીવટીતંત્ર અને અધિકારીઓના મતે, બુધવારના તાજેતરના ભૂકંપથી અત્યાર સુધી કોઈ જાનમાલના નુકસાનના અહેવાલ નથી.

ભારતીય જેનેરિક દવાઓ પર ઓગસ્ટ 2028થી અમેરિકાનો 100 ટકા ટેરિફ

ભારતની 2025માં વિશ્વમાં કુલ 25 અબજ ડોલરની નિકાસ તો અમેરિકામાં 9 અબજ ડોલરની એક્સપોર્ટ



(એજન્સી) વોશિંગ્ટન| તા 23

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે જાહેરાત કરી હતી કે તેઓ આયાતી જેનેરિક્સ પર ટેરિફ નાખીને સ્થાનિક સ્તરે દવા ઉત્પાદનને વેગ આપવા માંગે છે. આ માટે તેઓ પહેલાં તો બે વર્ષ જેનેરિક દવા પર ઝીરો ટકા ટેરિફ નાખશે અને પછીના વર્ષે ૧૦૦ ટકા અને તેના પછીના વર્ષે ૨૦૦ ટકા ટેરિફ નાખશે. ટ્રમ્પના આ પગલાંથી ભારત પર નોંધપાત્ર અસર પડી શકે છે. ભારત અમેરિકાની દવાઓમાં જેનેરિક ડ્રગ્સનું સૌથી મોટું નિકાસકાર છે. ટ્રુથ સોશિયલ પરની પોસ્ટમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે પહેલી ઓગસ્ટના પ્રારંભથી અમેરિકા બધી જેનેરિક દવાઓ પર શૂન્ય ટકા ટેક્સ રાખશે, તેના પછી ના વર્ષ પહેલી ઓગસ્ટ ૨૦૨૮થી ૧૦૦ ટકા ટેરિફ અને પહેલી ઓગસ્ટ ૨૦૨૯થી ૨૦૦ ટકા ટેરિફ લાદશે. ટ્રમ્પે જણાવ્યું હતું કે જેનેરિક ફાર્માસ્યુટિકલ પ્રોડક્શન અમેરિકામાં લાવવા માટે આ પગલું ભરવામાં આવ્યું છે. આના પગલે અમેરિકામાં નિયત સમયમાં પ્લાન્ટ અને મશીનરી નહીં લગાવે તો આ કંપનીઓએ તેની કિંમત ચૂકવવી પડશે. ટ્રમ્પે જણાવ્યું હતું કે આ પોલિસીનો હેતુ અમેરિકાના લોકોના હિતોનું રક્ષણ કરવાનો છે. પેટન્ટેડ, બ્રાન્ડેડ ક નવા ડ્રગ્સ પરની પોલિસીને એટલી સફળતા મળી છે કે તે ચાલુ રાખવામાં આવશે. ભારતને ઘણી વખત વિશ્વની દવાનું કેન્દ્ર કહેવામાં આવે છે અને તે આખા વિશ્વને દવાનો પુરવઠો પૂરો પાડે છે. ૨૦૨૫માં ભારતે અમેરિકામાં ૯.૭ અબજ ડોલરની દવાની નિકાસ કરી હતી. આ નિકાસ તેની કુલ વૈશ્વિક દવા નિકાસ ૨૫.૮ અબજ ડોલરના ૩૮ ટકા હતી, એમ ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિયેટિવના રિપોર્ટમાં જણાવાયું હતું.

FLAMES OF HOPE
Where Hope Meets Healing

SOUL GYM

अहम् ब्रह्मास्मि

Daily Mind • Body • Soul Wellness Membership

Just like your body needs daily exercise, your mind, emotions and soul deserve daily care too.

SILVER

3 MONTHS WELLNESS JOURNEY

16 Sessions / Month
Total: 48 Live Sessions

₹ 6,000 + 18% GST

DAILY PRACTICES INCLUDE

- Guided Chakra Meditation
- Reiki-Based Relaxation Sessions
- Guided Hypnosis for Relaxation & Positive Mindset
- Theta Healing & Belief Transformation
- Stress Management Techniques
- Emotional Wellness Practices
- Self-Worth & Confidence Building
- Relationship Wellness & Communication
- Focus & Productivity Training
- Guided Water Healing Technique
- Essential Oil Charging & Mindful Usage
- Gratitude & Positive Affirmation Practice
- Breathing & Relaxation Exercises
- Visualization & Goal Setting
- Mindfulness & Inner Peace Sessions
- Yoga for Chakra Balancing
- Yoga for Aura Cleansing & Energy Enhancement
- Energy Protection & Aura Strengthening Practices
- Positive Mindset & Daily Life Transformation Activities

Daily Live Sessions
Supportive Community
Guided Transformation

GOLD

6 MONTHS TRANSFORMATION JOURNEY

20 Sessions / Month
Total: 120 Live Sessions

₹12,000 + 18% GST

EVERYTHING IN SILVER PLUS

BONUS #1
1 FREE
Tarot Reading Session

BONUS #2
1 FREE
Personal Wellness Session (1-to-1)

Priority WhatsApp Community Support

Monthly Progress Review

Build Healthy Habits
Improve Emotional Balance
Reduce Stress
Enhance Focus & Productivity
Transform Your Life

PLATINUM

1 YEAR COMPLETE WELLNESS JOURNEY

20 Sessions / Month
Total: 240 Live Sessions

₹ 25,000 + 18% GST

EVERYTHING IN GOLD PLUS

BONUS #1
4 FREE Tarot Reading Sessions

BONUS #2
2 FREE Personal Wellness Sessions (1-to-1)

BONUS #3
ULTIMATE CHAKRA HEALING MASTERY VIDEO COURSE
WORTH ₹50,000

- Learn The Science Behind Chakra Healing
- Learn All 7 Chakras in Complete Detail
- Nadis & Energy Flow Systems
- Planetary Associations of Each Chakra
- Crystals, Essential Oils & Chakra Healing
- Hormones, Body Parts & Chakra Connections
- Diseases & Their Possible Chakra Associations
- Chakra Healing Exercises & Affirmations
- Reiki & Chakra Healing
- Sound Therapy, Yoga, Food & Reflexology
- Palmistry & Chakra Associations

+ 3 Additional Bonuses

Lifetime Access • Watch Anytime
Learn at Your Own Pace
No Monthly Fees • No Recurring Charges

- Priority Appointment Booking
- VIP Members WhatsApp Community
- Quarterly Wellness Review
- Exclusive Members-Only Healing Workshops
- Premium Guided Meditation Library
- Priority Support
- Special Discounts on Future Workshops & Advanced Courses

WHY JOIN SOUL GYM?

- Daily Live Guided Sessions
- Positive & Supportive Community
- Develop Healthy Daily Wellness Habits
- Improve Emotional Balance
- Build Self Confidence
- Learn Powerful Relaxation Techniques
- Lifetime Friendships & Community Support

“Physical fitness builds the body.
Soul Gym nurtures the mind, emotions and inner well-being.
Because true transformation begins from within.”

ENROLL TODAY

+91-8970413579/8050121357
fohhealingschool.com

MIND CALM
EMOTIONS HEAL
ENERGY BALANCE
SOUL AWAKEN
LIFE TRANSFORM

INVEST A FEW HOURS EVERY MONTH...
AND A LIFETIME IN YOUR INNER WELL-BEING.

SINCE 1991 AHMEDABAD
VACHHANI® FurniturE
અમદાવાદ નો વિશાળ ફર્નિચર મોલ
તહેવારોમાં કરો તૈયારી...
ફર્નિચર જોઈને જ કહેશો...
પૈસા વસુલ છે...
30% સુધી ડિસ્કાઉન્ટ
સર્વોતમ ગુણવતા, સર્વશ્રેષ્ઠ ડીઝાઈનો...
સરળ હપ્તેથી ફર્નિચર વસાવો
kotak
BAJAJ FINSERV
75 आज़ादी का अमृत महोत्सव
વાછાણી ફર્નિચર પ્રા. લી.
હોમ અને ઓફિસ ફર્નિચરનો વિશાળ શોરૂમ
ફર્નિચર ફેક્ટરી આઉટલેટ
નીલકંઠ એસ્ટેટ, પવીત્ર એન્કલેવ, કટારીયા સર્વિસ સેન્ટર અને એચ.પી. પેટ્રોલ પંપ સામે, ત્રાગડ, ન્યુ ચાંદખેડા, અમદાવાદ.
99135 00221
ફર્નિચર મોલ
૧૩, વિજય શોપીંગ સેન્ટર, વિજય પાર્ક બી.આર.ટી.એસ. બસ સ્ટોપ પાસે, કૃષ્ણનગર, અમદાવાદ.
079 - 22820659, 99250 00221
ફર્નિચર શોરૂમ
૧૦૧ – સંગાથ શોપીંગ મોલ, એન્જિનીયરીંગ કોલેજની સામે, વીસત ગાંધીનગર હાઈવે, મોટેરા, સાબરમતી, અમદાવાદ.
99098 00221
www.vachhanifurniture.in